સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

જૂન, ૨૦૨૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-



બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના
વિરલ સહયોગી સ્વામી શ્રી નિર્ગુણદાસજીનું

# એક વિરલ પત્ર-સ્મરણ





તીર્થધામ સારંગપુર ખાતે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં એપ્રિલ અને મે મહિનામાં બે તબક્કામાં બી.એ.પી.એસ. સંતશિબિર યોજાઈ હતી. સાધુતા અને સેવાનાં મૂલ્યો દૃઢ કરાવતી આ પ્રથમ અને દ્વિતીય શિબિરના એક સત્રની અદ્‌ભુત સ્મૃતિછબિ.



# શાસ્ત્રીજી મહારાજના સહયોગી નિર્ગુણદાસ સ્વામીને હૃદયપૂર્વક વંદન...




૩. સંપાદકીય
૪. સરદાર અને સ્વામિનારાયણ સંપ્રદાય - સાધુ અક્ષરવત્સલદાસ
૧૪. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા
૨૫. ઑસ્ટ્રેલિયાની રાજધાની કેનબેરા અને ગટ્ટોનનાં મંદિરોમાં પ્રતિષ્ઠા ઉત્સવ
૨૮. ઑસ્ટ્રેલિયાના ગવર્નર-જનરલશ્રી કેનબેરા મંદિરની દર્શન-મુલાકાતે
૨૯. અબુધાબી મંદિર તેમજ ગાંધીનગર અક્ષરધામની દર્શન-મુલાકાતે વિવિધ દેશોના વડાઓ
૩૦. નૈરોબી ખાતે યુનોની કોન્ફરન્સમાં ભાગ લેતા સ્વયંસેવકો
૩૧. અમેરિકા ખંડમાં યોજાયું સંત વિચરણ
૩૨. મલેશિયામાં આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં સંસ્થાનું પ્રતિનિધિત્વ
૩૪. સારંગપુર ખાતે યોજાયો પંચદિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદ
૩૫. સારંગપુર ખાતે ગવર્નરશ્રીએ કર્યો પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષણ કેન્દ્રનો પ્રારંભ
૩૬. નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોના પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવો
૪૧. મહારાષ્ટ્રમાં અકોલામાં યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ
૫૦. અક્ષરવાસ


વૈશાખ અને જેઠ મહિનાના વાયરા સમગ્ર ભારતને દઝાડી રહ્યા છે. ગરમીના પ્રકોપથી બચવા માટે પશુ-પંખી અને માનવ સહિત સૌ જ્યાં છાંયો અને ઠંડક મળે તેની ઓથે આશરો શોધી રહ્યાં છે. આ ગરમીમાં પ્રાકૃતિક પ્રકોપની સામે હૈયે ટાઢક આપે એવા પણ કેટલાક અવસરો વૈશાખ-જેઠના વાયરા વચ્ચે આવી ગયા. સૌ હરિભક્તો સુપરિચિત છે કે, આપણે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનું પ્રાગટ્ય (જન્મ: વૈશાખ વદ બારશ, વિક્રમ સંવત ૧૯૪૮), બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો પ્રમુખ વરણી દિન (જેઠ સુદ ચોથ, વિક્રમ સંવત ૨૦૦૬) આ ગરમીના પ્રકોપ વચ્ચે ઉજવીએ છીએ, આ પવિત્ર અવસરે આ મહાન ગુરુવર્યોનું સ્મરણ આપણને શીતળતા અને શાંતિનો અનુભવ કરાવે છે.

સાથે સાથે, જેની ખૂબ ઓછી નોંધ લઈએ છીએ એવા એક મહાન સંતનું પ્રાગટ્ય પણ આ જેઠ મહિનામાં થયું હતું. એ હતા – સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પાયામાં પ્રચંડ પરિશ્રમનું અમૃત સિંચનાર આ મહાન સંતે હજારોની સંખ્યામાં પુસ્તક કદના પત્રો લખીને દેશ-વિદેશમાં અક્ષર-પુરુષોત્તમની આહ્‌લેક લગાવી હતી. એક સમયે તેમણે પત્રમાં લખ્યું હતું: 'જે અક્ષરપુરુષોત્તમના તત્ત્વજ્ઞાનને મૂર્તિમાન કરવાની સેવા પરમહંસોને નહોતી મળી, તે મને મળી છે. આવા ઉપાસના-પ્રવર્તનના મહાન કાર્યમાં મને યત્કિંચિત્ સેવા કરવા મળી છે, જેનો હું પાડ માનું છું, ને અખંડ આનંદમાં રહીને સેવા કરું છું.'

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ આ મહાન સંતની સેવાને બિરદાવતાં કહેતા, 'સત્સંગ પ્રવર્તનમાં નિર્ગુણ સ્વામીની સેવા ૧૪ આની છે!' શાસ્ત્રીજી મહારાજની સંત-નક્ષત્રમાળાના આ તેજસ્વી મહાપુરુષના ૧૪૮મા જન્મદિને તેમને કોટિ કોટિ વંદન સાથે, 'પ્રકાશ'નો આ અંક એક વિશિષ્ટ પત્ર-સામગ્રી લઈને આપની સમક્ષ આવે છે, જે આપણને સૌને ગૌરવથી છલકાવે છે. આ ગૌરવને માણીએ અને તેને સર્વત્ર વહેંચીએ...


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૬, અંક : ૬,**
**જૂન, ૨૦૨૪**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ


સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક**: સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**


**Website:**
**www.baps.org**
**magazines.baps.org**



■ સાધુ અક્ષરવત્સલદાસ

**ભારતના આ બેતાજ બાદશાહના જીવન ઘડતરમાં પ્રદાન આપનાર સ્વામિનારાયણ સંપ્રદાય અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને કેમ વિસારી દેવાયા છે?**

# સરદાર અને સ્વામિનારાયણ સંપ્રદાય



આજે ઇતિહાસના એક સૂતેલા પ્રકરણને જગાડવું છે. ભુલાયેલું છતાં વારંવાર ચગેલું એક પ્રકરણ અહીં ચર્ચવું છે. તેની શરૂઆત એક મહાન સંતના સ્મરણથી કરવી છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પાયા નાખવામાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની સાથે એક મહાન સંતવિભૂતિએ જે અનન્ય આહુતિ આપી હતી, એ મહાન સંતને ક્યારેય વિસારી શકાશે નહીં.


એ છે – સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પડછાયા તરીકે રહીને તેમણે બી.એ.પી.એસ. સંસ્થાનું સર્જન કરવામાં જે યોગદાન આપ્યું છે તેની પૂર્ણ સમીક્ષા ક્યારેય થઈ શકશે નહીં.

તેમનો જન્મ ચરોતરમાં, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની જન્મભૂમિ મહેળાવ ગામે, તા. ૨૫-૫-૧૮૭૬ના રોજ જેઠ મહિનામાં, પીજના એક પાટીદાર પરિવારમાં થયો હતો. આ જેઠ મહિનામાં આવેલી તેમની ૧૪૮મી જન્મતિથિ નિમિત્તે, તેમના કેટલાક જૂના પત્રો પર હું નજર કરી રહ્યો હતો. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સંગ્રહેલા તે પત્રો પર નજર કરતાં કરતાં નિર્ગુણદાસ સ્વામીના કેટલાક એવા પત્રો હાથમાં આવ્યા, જે તેમણે ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને લખ્યા હતા. એ પત્રો હાથમાં આવતાં ઘડીભર તો રોમાંચ થઈ ગયો. નિર્ગુણદાસ સ્વામીના હસ્તાક્ષરમાં સરદારને લખાયેલા એ પત્રો અહીં ક્યાંથી આવ્યા? જવાબરૂપે નિર્ગુણદાસ સ્વામીએ જ તેનો એક ખુલાસો એક ચિઠ્ઠીમાં કરેલો છે કે સરદારને લખેલા કેટલાક પત્રોની તેમણે પોતાના હસ્તાક્ષરમાં બે નકલ કરી હતી, એક સરદારને મોકલાવી અને બીજી પોતાની પાસે રાખી હતી. નિર્ગુણદાસ સ્વામીના હસ્તાક્ષરમાં સરદારને લખાયેલા આ પત્રો વાંચતાં આનંદ થઈ ગયો. સાથે સાથે કેટલાય સમયથી મનમાં રમતા કેટલાય સવાલોનો તાળો પણ મળી ગયો.

છેલ્લા કેટલાય સમયથી સરદારનાં સ્વામિનારાયણ સંપ્રદાય વિરુદ્ધ અવતરણો છાપીને એક એવો અપપ્રચાર કરવામાં આવી રહ્યો છે કે સરદાર વલ્લભભાઈ પટેલ સ્વામિનારાયણ સંપ્રદાયના કટ્ટર ટીકાકાર હતા અને સંપ્રદાય તથા તેના સંતોને તેઓ ધિક્કારતા હતા! એટલી હદ સુધી કે સરદાર પર કોઈપણ પુસ્તક લખાય તો આ મુદ્દો લખવાનું તો કોઈ જ ન ચૂકે! શું સરદારને સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે ખરેખર કોઈ ભાવ નહોતો? શું સરદાર ખરેખર સ્વામિનારાયણ સંપ્રદાય અને તેના સંતોને ધિક્કારતા હતા? ખરેખર આ સત્ય છે? સત્ય છે તો કેટલું સત્ય છે?

નિર્ગુણદાસ સ્વામીના પત્રો વાંચતાં એમ લાગ્યું કે ના, વાત કંઈક જુદી જ છે. સરદાર મહાત્મા ગાંધીજીની અસર હેઠળ આવ્યા અને કોંગ્રેસમાં જોડાયા ત્યારથી સ્વામિનારાયણ સંપ્રદાય સાથેની તેમની ઓળખાણ પર કાયમ માટે કોઈક હેતુસર પડદો પાડી દેવામાં આવ્યો છે. અહીં એવું કહેવાનો કોઈ આશય નથી કે સરદાર રોજ સ્વામિનારાયણ ભગવાનની માળા ફેરવીને તેમની ઉપાસના કરતા હતા, પરંતુ તેમના જીવનની પ્રત્યેક ક્ષણે સ્વામિનારાયણ ભગવાન અને તેમના આધ્યાત્મિક ગુરુની એક ઊંડી અદૃષ્ટ અસર પ્રગટતી હતી, તેનો કોઈ ઇન્કાર કરી શકે નહીં. આથી એવું લાગ્યું કે સરદાર અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંબંધમાં કંઈક તટસ્થ અભ્યાસ થવો જોઈએ.




સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી ➤



➤ ઝવેરભાઈનો સ્વામિનારાયણીય સત્સંગી પરિવાર. સરદાર સહિત પાંચ પુત્રો માતા સાથે. જે અવસ્થામાં સરદાર શાસ્ત્રીજી મહારાજનાં દર્શને જતા હતા, દર એકાદશી નિર્જળ ઉપવાસ કરતા હતા અને તેમને સાધુ થવાની ઇચ્છા થઈ હતી તે કિશોર અવસ્થાની છબિ ➤



આવી એક જિજ્ઞાસા સાથે સરદાર પટેલના સંગ્રહો તેમજ સંપ્રદાયના આર્કાઈવ્ઝમાં થોડુંક અવગાહન કર્યું તો ઘણી નવી ક્ષિતિજો ઊઘડી, ઘણી એવી બાબતો જાણવા મળી કે જેની જાહેર જનતાને ખબર જ નથી! માત્ર થોડુંક અવગાહન કરતાં જ એવું લાગ્યું કે સરદારના જીવનઘડતરમાં મહાત્મા ગાંધીજીનો જેટલો ફાળો ગણાવાય છે, એટલો જ ફાળો, સ્વામિનારાયણ સંપ્રદાય અને તેમના પરિવારના ગુરુ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ એટલે કે સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીનો રહ્યો છે – એમ કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી.

વાત માંડીએ સરદારના પૂર્વ જીવનથી.

સરદાર ચરોતરના કરમસદ ગામમાં ઝવેરભાઈ પટેલ અને લાડબાના ખોળે જન્મ્યા હતા. સરદારના પિતા ઝવેરભાઈ તે સમયે વડતાલના સ્વામિનારાયણ મંદિરમાં રહેલા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના (બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ) પરમ શિષ્ય હતા. આથી દર પૂનમે તેઓ શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજનાં દર્શને અવશ્ય જતા. ઝવેરભાઈની સાથે તેમના પુત્રો પણ દર્શનાર્થે જતા, તેમાં ખાસ કરીને વલ્લભભાઈ અને વિઠ્ઠલભાઈ અવશ્ય હોય.[૧] દર્શન અને સંત-સમાગમની સરદારના મન પર ઊંડી છાપ પડતી.

બાળપણમાં સરદારનાં મન-હૃદય પર સંપ્રદાયની કેટલી અસર હશે કે તેમણે એકવાર મહાદેવભાઈ દેસાઈને કહ્યું હતું કે 'હું એક વાર સાધુ થવાનો હતો.'[૨]

સરદારને સાધુ થવાની પ્રેરણા, તેમના પિતા સાથે તેઓ વારંવાર વડતાલ અને ત્યારપછી બોચાસણ જેમના આશીર્વાદ મેળવવા દર્શને જતા હતા - એ આદર્શ સંત શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના પવિત્ર જીવનથી મળી હશે?

જો કે સરદાર પછી તો પોતાની કારકિર્દીમાં લાગી ગયા અને અલગ પ્રકારના ભેખધારી સાધુ તરીકે દેશની સેવામાં સમર્પિત થઈ ગયા, જેમાં તેમને બાળપણની એ પ્રેરણા અને પિતાના ધાર્મિક સંસ્કાર છેક સુધી સાથ દેતા રહ્યા.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને પોતાના ગુરુ તરીકે માનતા સરદારના પિતા ઝવેરભાઈ કેવા ચુસ્ત સ્વામિનારાયણીય ભક્ત હતા, તેનો ઉલ્લેખ અનેક સ્રોતોમાં મળે છે. સરદારનું સર્વપ્રથમ જીવનચરિત્ર 'વીર વલ્લભભાઈ' લખનાર ગાંધીજીના પરમ શિષ્ય શ્રી મહાદેવ દેસાઈ લખે છેઃ 'ડોસા (ઝવેરભાઈ) સ્વામિનારાયણના મહાભક્ત હતા. ૪૫ વર્ષની ઉંમર પછી તો ઘેર માત્ર એક વેળા જમી જાય, સૂવા-બેસવાનું સ્વામિનારાયણ મંદિરમાં જ રાખ્યું હતું. ૯૨ વર્ષ તેઓ જીવ્યા,[૩] પણ વડતાલની યાત્રા તો તેમની હંમેશાં ચાલ્યા જ કરતી. વલ્લભભાઈ પણ વડતાલ અનેકવાર ગયેલા. અને ૧૭ વર્ષના થયા ત્યાં સુધી નિરાહારી એકાદશી વિનાનું એકે વર્ષ નહીં ગયું હશે.'[૪]

જો કે સરદારના ચરિત્રલેખકો નોંધે છે કે વકીલાત શરૂ

૧. દેસાઈ મહાદેવભાઈ, *વીર વલ્લભભાઈ*, પૃષ્ઠ ૧૦, પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૮. *સ્વામિનારાયણ પ્રકાશ*, જાન્યુઆરી ૧૯૫૧, પૃષ્ઠ ૧૪૨.

૨. દેસાઈ મહાદેવભાઈ, *વીર વલ્લભભાઈ*, પૃષ્ઠ ૫૧, પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૮.

૩. ક્યાંક ૮૫ વર્ષની ઉંમર નોંધી છે.

૪. એજન, પૃષ્ઠ ૧૦.

કર્યા પછી અને ખાસ કરીને ઇંગ્લેન્ડથી અભ્યાસ કરીને આવ્યા પછી પાછળથી સરદારની આ શ્રદ્ધાને, હુક્કા જેવાં વ્યસનો અને મિત્રોની સોબતને લીધે થોડો લૂણો લાગી ગયો હતો. આમ છતાં સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યેનો એમનો આદર બરકરાર હતો. એટલે જ મહાદેવ દેસાઈ ૧૯૨૮માં નોંધે છેઃ

'સ્વામિનારાયણ સંપ્રદાય તરફ વલ્લભભાઈની શ્રદ્ધા બહુ ઊભરાતી જાણી નથી. પણ સ્વામિનારાણ સંપ્રદાય વિશે વાત કરતાં અગાઉના સાધુઓના પવિત્ર જીવનની તેઓ બહુ તારીફ કરે છે અને સંપ્રદાયે ઘણા સામાન્ય માણસોના જીવનને સુધારવામાં ઠીક ફાળો આપ્યો છે એમ તેઓ સ્વીકારે છે.'[૫]

સરદારની હયાતીમાં જ ૧૦૦૦થી વધુ પૃષ્ઠોમાં સરદારનું સર્વપ્રથમ વિસ્તૃત જીવનચરિત્ર લખનાર નરહરિ દ્વારકાદાસ પરીખ પણ ઉપરોક્ત હકીકતોનું પુનરાવર્તન કરતાં નોંધે છેઃ 'પિતાશ્રી (ઝવેરભાઈ) સ્વામિનારાયણના મહાભક્ત હતા. પાછલી અવસ્થામાં તો સૂવા-બેસવાનું પણ ગામના સ્વામિનારાયણના મંદિરમાં જ રાખ્યું હતું. એક વેળા જમતાં અને જમવા માટે જ ઘેર આવતા. તેઓ ૧૯૧૪ના માર્ચ માસમાં લગભગ પંચાશી વર્ષની વયે ગુજરી ગયા ત્યાં સુધી દર પૂનમે વડતાલ જવાનું એક્કેયવાર ચૂક્યા નથી. સરદાર પણ અનેકવાર વડતાલ ગયેલા. ૧૭ વર્ષના થયા ત્યાં સુધી પિતાશ્રી સાથે કરમસદમાં જ રહેલા. ત્યાં સુધી નિરાહારી અને કોઈ કોઈ વાર નિર્જળા એકાદશી વિનાની ભાગ્યે જ કોઈ એકાદશી ગઈ હશે.'[૬]

ગાંધીજીના પૌત્ર શ્રી રાજમોહન ગાંધીએ સરદારનું વિસ્તૃત જીવન ચરિત્ર લખ્યું છે, તેમાં તેમણે પણ નોંધ્યું છે કે 'મોટાકાકા(ઝવેરભાઈ)નો દાખલો લઈને વલ્લભભાઈ પણ મહિનામાં બે ઉપવાસ કરતા અને તે વખતે પાણી પણ પીતા નહીં.'[૭]

આટલી વિગતો સરદારના જીવનઘડતરમાં, બાળપણથી જ તેમના હૃદયમાં રોપાયેલા સ્વામિનારાયણીય સંસ્કારોની ભૂમિકા પૂરી પાડે છે. એટલું જ નહીં, સરદાર વિશે નરહરિ પરીખ પણ આગળ લખે છે કે ભગવાન સ્વામિનારાયણ તથા તેમના સંતોનાં જીવન અને કાર્યો પ્રત્યે સરદારને ખૂબ આદર હતો.[૮]

આ જીવનચરિત્રમાં લેખક આગળ નોંધે છે કે સરદારના પિતા ઝવેરભાઈ પાસે દસેક વીઘા જમીન હતી, પરંતુ ઝવેરભાઈનું ધ્યાન ખેતીમાં બહુ નહોતું. 'તેઓ પહેલેથી ધર્મપરાયણ વૃત્તિના અને મંદિરમાં વધારે વખત ગાળતા. સરદાર ઘરમાં હોય ત્યારે બેસતા નથી, પણ આટાં મારવાની એમને ટેવ છે, તે પિતાશ્રી તરફથી વારસામાં મળેલી છે. ઝવેરભાઈ મંદિરમાં કદી બેસી રહેતા નહીં. માળા ફેરવતાં ફેરવતાં અથવા ભજન ગણગણતાં આંટા માર્યા કરવાની એમને ટેવ હતી. ગામની પંચાતમાં તો કદી ભાગ લેતા જ નહીં. ભગવતી પુરુષ તરીકે ગામમાં એમનું માન સારું ગણાતું. સૌ એમની આમન્યા રાખતું. કોઈનો વાંક હોય અને એ બે શબ્દ કહે તો સૌને સાંભળવા પડતા.'[૯]

અહીંથી આગળ વધીને લેખક નરહરિ પરીખ, સરદારના જીવનઘડતરમાં સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રદાન વિષે આડકતરી રીતે નોંધતાં લખે છેઃ 'માતાપિતાનાં આ ધર્મપરાયણ અને સંયમમય જીવનનો વારસો સરદારને પૂરતા પ્રમાણમાં મળ્યો છે. સાધારણ પ્રચલિત અર્થમાં સરદારને ભાગ્યે જ કોઈ ધાર્મિક માણસ કહે. પણ એમની અનન્ય શ્રદ્ધા કે – જે કાળે અને જે સ્થળે ઈશ્વર આપણને ઉપાડી લેવા ઇચ્છતો હોય તેમાં માણસ ગમે તેટલા ધમપછાડા કરે છતાં મીનમેખ ફેરફાર થઈ શકતો નથી; અને તેથી મૃત્યુનો જરા પણ ડર નહીં, એટલું જ નહીં પણ પ્રાપ્ત સંજોગોમાં શરીર સાચવવા માટે શક્ય તેટલી કાળજી લીધા પછી માંદગી કે મૃત્યુ વિશે બેપરવાઈ; જે કામ હાથમાં લીધું હોય તે પાર પાડવા તનતોડ પુરુષાર્થ કર્યા પછી પરિણામ વિશે નિશ્ચિંતતા; જે સાથીઓ ઉપર વિશ્વાસ મૂક્યો હોય તેમના ખોળામાં માથું મૂકી દેવાની પૂરેપૂરી તત્પરતા; - એ બધું ધર્મપરાયણતામાં ગણાતું હોય તો એવી ધર્મપરાયણતા એમનામાં પૂરેપૂરી છે... એમનું જીવન ઓછું સંયમમય, તિતિક્ષામય કે તપોમય નથી. આ વસ્તુને હું માતાપિતા તરફથી મળેલો ધાર્મિક[૧૦] (સ્વામિનારાયણીય) વારસો ગણું છું. બહાર દેખાય કે નહીં, પણ જીવનમાં ઊંડે ઊંડે ધાર્મિકતા અથવા કોઈ મંગળસ્વરૂપ એવી અદૃષ્ટ શક્તિ વિશે શ્રદ્ધા, એનો ઝરો વહેતો હોય તો જ આવી નિસ્વાર્થ સેવાવૃત્તિ અને

૫. એજન, પૃષ્ઠ ૧૦.

૬. પરીખ નરહરિ દ્વારકાદાસ, *સરદાર વલ્લભભાઈ*, ભાગ પહેલો, પૃષ્ઠ ૪, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પહેલી આવૃત્તિ, ૧૯૫૦. ગાંધી રાજમોહન, અનુ. સંઘવી નગીનદાસ, *સરદાર પટેલ*, પૃષ્ઠ ૩૨, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, ચોથી આવૃત્તિ, એપ્રિલ ૧૯૯૯.


૭. એજન, પૃષ્ઠ ૭.

૮. પરીખ નરહરિ દ્વારકાદાસ, *સરદાર વલ્લભભાઈ*, ભાગ પહેલો, પૃષ્ઠ ૪, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પહેલી આવૃત્તિ, ૧૯૫૦.

૯. એજન, પૃષ્ઠ ૫.

૧૦. અહીં લેખક સ્વામિનારાયણ સંપ્રદાયનો ધાર્મિક વારસો સૂચવે છે.





કરમસદમાં સરદારનું એ ઐતિહાસિક ઘર, જ્યાં વડતાલથી નીકળીને શાસ્ત્રીજી મહારાજે સર્વ પ્રથમ ભોજન લીધું હતું. (ડાબે)
સરદારને નિર્ગુણદાસ સ્વામીએ લખેલા પત્રોની સ્વહસ્તે કરેલી નકલ-નોંધનો એક નમૂનો. (જમણે)

કશી ગણતરી કર્યા વિના શરીરને ઘસી નાખવાની ઉત્કટતા આવે છે... આગ્રહ, દૃઢતા, હસતે મોંએ શારીરિક દુઃખો સહન કરવાની અપાર શક્તિ, સંપૂર્ણ નિર્ભયતા એ બધા ગુણો સરદારમાં પરાકાષ્ઠાએ જોવામાં આવે છે, તે પિતાના સંયમમય અને આગ્રહી જીવનનો જ વારસો છે.'[૧૧]

સરદારના જીવન અંગે ઉપરોક્ત વિશ્લેષણ કરીને લેખક સ્પષ્ટ સૂચવે છે કે, સરદારના સમગ્ર વ્યક્તિત્વમાં તેમના બાળપણના ધાર્મિક ઘડતરનો ખૂબ મોટો ફાળો છે. એટલે કે, તેમના પિતા જે સ્વામિનારાયણ સંપ્રદાય અને ગુરુ શાસ્ત્રીજી મહારાજને અનુસરતા હતા તેનું જ પ્રતિબિંબ તેમાં પડઘાય છે.

સરદારના પૂર્વજીવનની સંપ્રદાય સાથેની આવી વાતો એમના સમકાલીન ચરિત્રલેખકોની કલમે લખાયેલી જોવા મળે છે, તો બીજી તરફ સ્વામિનારાયણ સંપ્રદાયના તે સમયનાં પૃષ્ઠોમાં પણ નીરખવા મળે છે.

સન ૧૯૩૮થી શરૂ થયેલા 'સ્વામિનારાયણ પ્રકાશ'નાં પૃષ્ઠોમાં શાસ્ત્રીજી મહારાજના વિચરણના અહેવાલો સંક્ષિપ્તમાં પ્રકાશિત થતા રહેતા. તેમાં કેટલાંક વર્ણનોમાં સરદાર અને તેમના પિતાશ્રી તથા પરિવાર સાથેના શાસ્ત્રીજી મહારાજના સંબંધોની સુવાસ અનુભવાય છે. જુઓ થોડાંક ઉદાહરણોઃ

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ઝવેરભાઈ તથા સરદાર સાથેનાં સંસ્મરણો તાજાં કરતાં તા. ૧૮-૬-૧૯૪૮ના રોજ મુંબઈ ખાતે સરદારના પુત્ર શ્રી ડાહ્યાભાઈને કહ્યું હતુંઃ 'તમારા દાદાશ્રી મુ. ઝવેરભાઈ દરરોજ પાંચસો માળા ફેરવતા હતા અને બોચાસણ પ્રત્યે તેઓશ્રીને બહુ જ લાગણી હતી. તમારા પિતાશ્રી(સરદાર)ને પણ અમારા ઉપર પ્રથમથી જ હેત છે.'[૧૨]

સરદારના એક સેક્રેટરી શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ સારંગપુર ખાતે તા. ૨૩-૦૭-૧૯૪૯ના રોજ શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા હતા. ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેમને કહ્યું હતું કે 'સરદારશ્રી તેમજ સરદારશ્રીના પિતાશ્રી સહકુટુંબને અમારા તરફ પહેલેથી જ ઘણી લાગણી છે.'[૧૩]

શાસ્ત્રીજી મહારાજને સરદારના પિતા ઝવેરભાઈ અને પરિવાર સાથે એટલી લાગણી ને હેત-પ્રીત હતી કે તા. ૧૩-૧૧-૧૯૦૫ના રોજ તેમણે વડતાલ છોડ્યા બાદ, સૌથી પહેલી પધરામણી જ કરમસદમાં ઝવેરભાઈને ત્યાં કરી હતી, સૌથી પહેલું ભોજન તેમને ત્યાં લીધું હતું! વર્ષો પછી તેની સ્મૃતિ કરતાં તા. ૨૪-૪-૧૯૪૭ના રોજ શાસ્ત્રીજી મહારાજે બોચાસણ ખાતે કથાપ્રસંગમાં કહ્યું હતુંઃ 'અમો વડતાલ હતા

૧૧. પરીખ નરહરિ દ્વારકાદાસ, *સરદાર વલ્લભભાઈ*, ભાગ પહેલો, પૃષ્ઠ ૭, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પહેલી આવૃત્તિ, ૧૯૫૦.

૧૨. *સ્વામિનારાયણ પ્રકાશ*, જૂન ૧૯૪૮, પૃષ્ઠ ૨૧૬.

૧૩. એજન, સપ્ટેમ્બર ૧૯૪૯, પૃષ્ઠ ૨૬૧.

ત્યારે અમારા ઉપર કોઠારી ગોરધનભાઈને બહુ હેત હતું, પણ સ્વામી અને મહારાજની ઇચ્છા, તે બહાર નીકળવાનું બન્યું. બાદ કોઠારી ગોરધનભાઈએ બોચાસણના હીરાભાઈને બોલાવીને કહ્યું કે ભગવત્પ્રસાદજી મહારાજ હોય તો તમોને સત્સંગ કરાવનાર શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને બે જોડ ચરણારવિંદ આપે... તો તમે તમારા ગુરુ (શાસ્ત્રીજી મહારાજ) માટે શું કરશો? તો હીરાભાઈ કહે, હું તેમને બોચાસણ લઈ જઈશ. મંદિર કરાવી મારા ગુરુની સેવા શિર સાટે કરીશ. પછી કોઠારી ગોરધનભાઈએ હીરાભાઈનો કોલ (વચન) લીધો. પછી અમે સૌ વડતાલથી નીકળી સીધા કરમસદ ગયા. ત્યાં સરદાર વલ્લભભાઈના પિતાશ્રી ઝવેરભાઈને અમારી સાથે બહુ જ હેત હતું. અમે ત્યાં રોકાયા ને કથાવાર્તા કરી. ત્યાંથી અમે બોચાસણ આવ્યા અને આ મંદિર થયું.'[૧૪]

સન ૧૯૫૦માં સરદારનો અક્ષરવાસ થયો ત્યારે અટલાદરા ખાતે તા. ૧૭-૧૨-૧૯૫૦ના રોજ શાસ્ત્રીજી મહારાજના પ્રમુખપદે સરદારને અંજલિ આપતી સભા યોજાઈ હતી. તેમાં શાસ્ત્રીજી મહારાજે સરદારના પિતા ઝવેરભાઈ પટેલનાં સંસ્મરણો તાજાં કરીને જણાવ્યું હતું કે 'તેઓ આપણા સંપ્રદાયના ચુસ્ત અનુયાયી હતા અને આપણા ગુણાતીત મંડળના પરમ ભક્તરાજ હતા. દરરોજ પાંચસો માળા ફેરવવાનો તેમને નિયમ હતો. સરદાર પટેલ તથા વિઠ્ઠલભાઈ પટેલ બંને ભાઈઓ વારંવાર બોચાસણ મંદિરે દર્શનાર્થે પધારતા અને આપણા પ્રત્યે તેમનો અનહદ આદરભાવ હતો.'[૧૫]

એટલું જ નહીં, 'પ્રકાશ' નોંધે છે કે 'સરદારશ્રીને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે અંતરથી ગુરુભાવ હતો અને બેરિસ્ટર થવા વિલાયત જતાં પહેલાં તેઓ બોચાસણ ઠાકોરજીનાં દર્શન કરી પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના ખાસ આશીર્વાદ મેળવીને ગયેલા.'[૧૬]

શાસ્ત્રીજી મહારાજના પ્રતિનિધિ તરીકે શાસ્ત્રીજી મહારાજના સહયોગી સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી અને સરદાર વલ્લભભાઈ પટેલ વચ્ચે પણ રૂબરૂ મુલાકાતો તેમજ પત્રવ્યવહાર ચાલ્યા કરતા. તેમાં સરદાર સાથેની સહજ આત્મીયતા પ્રગટ થતી હતી. નિર્ગુણદાસ સ્વામીએ સરદારને કેટલા પત્રો લખ્યા હશે અને સરદારે તેમને કેટલા પત્રોના જવાબ લખ્યા હશે તે અંગે સંશોધન કરવું રહ્યું. પરંતુ, એવું સ્પષ્ટ જણાય છે કે નિર્ગુણદાસ સ્વામી તેમને ઘણીવાર પત્રો લખતા હતા અને સરદાર તેમના દરેક પત્રનો આદરપૂર્વક ઉત્તર પણ અવશ્ય આપતા હતા. એક પત્રમાં તા. ૧૧-૬-૧૯૪૯ના રોજ નિર્ગુણદાસ સ્વામી સરદારને સંબોધીને કેટલા પ્રેમ અને આદરથી લખે છે:

'પરમ મહાશય પરમ પૂજ્ય સદ્‌ગુણનિધાન વિવેક-વિચક્ષણ, પરમ બુદ્ધિમાન, રાજકાજમાં પ્રવીણ, સ્વધર્મનિષ્ઠ, સત્-અસત્ વિવેકવાન, મહત્ કૃપાપાત્ર ઓનરેબલ સરદાર વલ્લભભાઈ પટેલ, આદિ સહકુટુંબ પરિવારને સદા કુશળ રાખો, શ્રી સ્વામિનારાયણ મહારાજ.

શ્રીજીપુરા(નાયકા)થી લિ. નિર્ગુણદાસના ઘણા જ સ્નેહપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદપૂર્વક જય સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ, આપને હાલમાં બે મહિનાથી કાગળ લખ્યો નથી. હું ચૈત્ર મહિનામાં મુંબઈ ગયો હતો ત્યારે પૂજ્ય ડાહ્યાભાઈને (સરદારના પુત્ર) મળવા ગયો હતો, ત્યારે તે દિલ્હી આપને મળીને આવેલા. તેમણે આપના સમાચાર કહ્યા હતા. તથા વાસદ, કઠાણા રેલવેના જૂના કાગળો આપે મંગાવેલા તે વાત મને અમીન શંકરભાઈએ કહી હતી. તો તે વાસદ-કઠાણાનું કામ જલદી થાય તેમ મહેરબાની કરશો.[૧૭]

જયપુર જતાં આપને અકસ્માત થયેલો તેમાં આપ બચી ગયા તે સંબંધી પત્ર મેં લખેલો, તે પહોંચ્યાનો આપનો જવાબ મળી ગયો હતો.'

આટલી વાત કરીને તેઓ સરદારને આગળ લખે છે: 'મને આપનાં કાર્યો જોઈ રૂંવાડાં ઊભાં થાય છે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ પણ ધન્યવાદ આપે છે. પૂજ્ય નંદાસાહેબ પણ અવારનવાર દિલ્હી આવે છે, તેમની સાથે આપને મળતી વખત અમારા સમાચાર કહેવા સૂચના કરું છું. આપની અમારી ઉપર મીઠી નજર છે અને પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના ઉપર પ્રેમ છે ને કંઈક મહિમા નિઃશંક છે, માટે મને આપના ઉપર અત્યંત હેત થાય છે.

અહો, આટલી પ્રવૃત્તિમાં તમે અમને ભૂલતા નથી. મારા દરેક કાગળ પહોંચ્યાના જવાબ લખો છો. તેથી મને આપના ઉપર પત્ર લખવાનું મન થાય છે.'

અહીં નિર્ગુણદાસ સ્વામી લખે છે તેમ, નિર્ગુણદાસ સ્વામીના દરેક પત્રોના જવાબ સરદાર લખતા, એ પત્રો હાલ ક્યાં હશે? એ શોધવા રહ્યા, પરંતુ સરદારની નિર્ગુણદાસ સ્વામી સાથેની એ પ્રેમસરિતા અવિરત વહ્યા કરતી હતી.

સરદાર વલ્લભભાઈ પટેલને જ્યારે પણ તક મળી ત્યારે

૧૪. એજન, જુલાઈ ૧૯૪૭, પૃષ્ઠ ૧૪૦-૧૪૧.

૧૫. એજન, જાન્યુઆરી ૧૯૫૧, પૃષ્ઠ ૧૪૨.

૧૬. એજન.

૧૭. વાસદ-કઠાણાની રેલવેની વિગતો અંગે જુઓ પૃષ્ઠ ૧૨.

તેઓ શાસ્ત્રીજી મહારાજને આદરપૂર્વક યાદ કરતા અને તેમની સાથેનો પોતાના પિતાશ્રી તથા પોતાનો સ્નેહ વ્યક્ત કરતા. નિર્ગુણદાસ સ્વામીના પત્રમાં તેનો પડઘો સંભળાય છે. નિર્ગુણદાસ સ્વામી સરદારને પત્રમાં લખે છેઃ 'ખાસ આપની ઉપર અત્યંત હેત થવાનું બીજું કારણ બન્યું છે. આપ કાશી પધારેલા તથા ત્યાં શ્રી સ્વામિનારાયણનું મંદિર છે તેમાં પધારેલા, બે કલાક બેઠેલા, જમેલા - એમ થોડા વખત ઉપર કાશીના કોઠારી ગવૈયા ભક્તિજીવનદાસજીનો કાગળ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ ઉપર આવેલો. એમાં લખેલું કે - ગવૈયા સાધુ લખે છે કે - આપના (શાસ્ત્રીજી મહારાજના) મહિમાની વાત કાઢી ત્યારે પૂજ્ય સરદારશ્રી બહુ રાજી થયા ને ભાગ લીધો. આ વાત જાણી મને અત્યંત આનંદ થયો છે.'

આમ, બનારસના સ્વામિનારાયણ મંદિરમાં સરદારે શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાતોમાં ભાગ લીધો તે વાત ટાંકીને નિર્ગુણદાસ સ્વામી સરદારને સંબોધતાં બોચાસણનો એક પ્રસંગ પણ નોંધે છેઃ 'આપ ભાદરણ પધારેલા ત્યારે બોચાસણ વલ્લભવિદ્યાલયમાં સ્ટેશન પર રાત રહેલા. ત્યારે ગામના સમિતિવાળા, ભવાનના ઘર બાબત પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની ટીકા કરતા હતા. ત્યારે આપે કહ્યું, પૂજ્ય શાસ્ત્રીજી મહારાજને હું સમજું છું. તે વિદ્વાન છે માટે એ સમાધાન કરી નાખશે. તે પૂજ્ય શિવાભાઈ તથા પૂજ્ય શામળભાઈને બોલાવી આપે ભલામણ કરી કે સમાધાન કરી નાખશો... પાછળથી પૂજ્ય રાવજીભાઈ તથા ઉપરના બે ઇસમોએ આવી ભવાન માસ્તર(બારિયા)ને રાજી કર્યો, ત્યારથી હું આપના ચાર મોંઢે ગુણ ગાઉં છું. મને નાનપણથી તમારી સાથે હેત છે. આપણે બંને સરખી ઉંમરના છીએ. કેટલાક મને 'સત્સંગના સરદાર' છો - તેમ આપની ઉપમા આપે છે, પણ મને સાધુને આ ઉપમા શોભે નહીં, પણ બોલવામાં ઉત્સાહ ખરો ને ઠાઠ પણ ખરો!'

આ પત્રમાં નિર્ગુણદાસ સ્વામી અને સરદાર વચ્ચેનો સહજ પ્રેમ, શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેનો સરદારનો આદર અને આત્મીયતા આ બધું કેટલી સ્પષ્ટ રીતે પડઘાય છે!

શાસ્ત્રીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામી સરદારના સમાચારોથી સતત વાકેફ રહીને સરદારનાં બહાદુરીભર્યાં રાષ્ટ્રીય સેવાનાં કાર્યો પ્રત્યે ગૌરવ અનુભવતા. એમ કે, 'આપણો માણસ' કેવું અદ્‌ભુત કાર્ય કરે છે! નિર્ગુણદાસ સ્વામીના પત્રમાં તેનો આ પડઘો સાંભળો. તેઓ લખે છેઃ

'આપનાં ભાષણો જયપુરનાં, મદ્રાસનાં, અગર જ્યાં આપ ગયા ને મૈસુર તથા કાશ્મીર, સીંધમાં દૃઢતાપૂર્વક ભાષણ કર્યાં! વળી, હમણાં દહેરાદૂન કે બીજે લશ્કરી સલામી એક કલાક ઊભા રહીને ઝીલી!... નડિયાદના દીનુભાઈ દેસાઈ સાથે વડોદરાના મહારાજા પ્રતાપસિંહજી વિલાયત જતા (હતા) તે પહેલાં (હું) મુંબઈમાં મળ્યો. એક કલાક ઉપદેશની વાતો કરી. આપનાં બહુ વખાણ કરે. અમે પણ આપનાં વખાણ વિશેષ કરેલાં છે. હવે આપ એમને ઠેઠ નભાવશો. ધન્ય છે આપની છાતીને!'

બીજા એક પત્રમાં સરદારને કેટલાંક રાષ્ટ્રીય અને સામાજિક કાર્યો કરવા બદલ, આવા જ આત્મીય ગૌરવ સાથે અભિનંદન આપતાં નિર્ગુણદાસ સ્વામી કેવા અહોભાવથી છલકાય છે તે જુઓ. તા. ૨૫-૭-૧૯૪૯ના રોજ તેઓ સરદારને લખે છેઃ

'પરમ મહાશય પરમ પૂજ્ય ઓનરેબલ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની સેવામાં, બોચાસણથી લી. નિર્ગુણદાસના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ મારો કાગળ દિલ્હી લખેલો તે પહોંચ્યાનો તમારો જવાબ દહેરાદૂનથી મળ્યો હતો. તટસ્થ રીતે બે બોલ આપને જણાવું છું.

(૧) ગઈ સાલના ભયંકર દુકાળમાં ગુજરાતને બચાવી એક પણ માણસ અન્ન વગર, અગર એક પણ ઢોર ઘાસ વગર મરેલ નથી. આવો પાકો બંદોબસ્ત આપના ભાષણને માન આપી કાર્યકર્તાઓએ બરોબર સેવા બજાવીને ઉત્તમ અહિંસક કાર્ય કરેલું છે, તેથી અતિશય પુણ્ય થયેલું છે. માટે આપ બંને(વલ્લભભાઈ તથા વિઠ્ઠલભાઈ)ની ગાદી અવિચલ રહેશે ને હંમેશાં આવાં કાર્યો અહિંસક વૃત્તિનાં થાઓ એવી શ્રીજી-સ્વામી ને પ્રગટ ગુરુરૂપ હરિ શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરી છે.

(૨) વળી, થોડા વખત ઉપર કલકત્તા કાળના મોઢામાં જઈ આપ ભાષણ કરી આવ્યા, ને સામ્યવાદીઓને પડકાર કરી અહિંસક વૃત્તિથી વર્તવાથી આપણો વિજય છે – એવું ૧૦ લાખ માણસો વચ્ચે નીડરપણે ભાષણ કર્યું, ને ગોળીઓ છૂટી તેની પણ પરવા ન કરતાં નિર્વિઘ્ને કામ પૂરું કરી પાછા ફરી દિગ્વિજય કર્યો છે, માટે આપને કરોડવાર ધન્યવાદ ઘટે છે...

(૩) આપ તો પ્રથમથી જ મહાત્મા ગાંધીના અસહકારને માન આપી અહિંસક વૃત્તિથી વર્તીને, હજારો પડકાર કરી, જે કાર્યો કોઈ પણ ન કરી શકે તે અહિંસક વૃત્તિથી એક મત કરી જબરદસ્ત સંગઠન પ્રાપ્ત કરી (તમામ રજવાડાંઓને એક કરી) નાખ્યાં, તેથી આખી પૃથ્વીનાં રાજ્યોને પણ અત્યંત નવાઈ લાગી. ને કોઈ હિન્દુસ્તાન પર નજર ન કરી

શકે એવું કાર્ય કરી બતાવ્યું છે - એ પણ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને પૂજ્ય શાસ્ત્રી મહારાજની કૃપા થકી છે.'

આમ, સરદારને પોતાના માનીને, ગૌરવ અને આત્મીયતાપૂર્વક ધન્યવાદ આપતાં નિર્ગુણદાસ સ્વામી સરદાર પર સ્વામિનારાયણ ભગવાન અને શાસ્ત્રીજી મહારાજની કૃપાનો નિધડક નિર્દેશ કરે છે.

તેની સાથે તેઓ સરદારને ગુજરાતના હિતની એક આગ્રહભરી સલાહ પણ આપે છે. એ સમયે સ્વતંત્ર ભારતનાં રાજ્યોની સરહદો નક્કી થતી હતી ત્યારે સુરત-ડાંગનો પ્રદેશ મહારાષ્ટ્રમાં ન ભળે તેવી પણ કેટલાકની માંગ હતી. નિર્ગુણદાસ સ્વામી 'પોતાના' માનીને અધિકારપૂર્વક સરદારને લખે છેઃ 'ડાંગ જેવો પ્રદેશ લગભગ સુરત સુધીનો મહારાષ્ટ્રમાં ન ભળે તેવી આપણા ગુજરાતની માગણી છે માટે તેમાં જરા પણ ઉપેક્ષા કરશો નહીં.'

નિર્ગુણદાસ સ્વામીના પત્રો પરથી એવું જણાય છે કે તેઓ સમયે સમયે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની પ્રવૃત્તિઓથી પણ સરદારને આત્મીયભાવે વાકેફ કરતા રહેતા હતા. શાસ્ત્રીજી મહારાજના પ્રબળ પ્રયાસોથી ગઢડામાં બી.એ.પી.એસ. સંસ્થાને ટેકરા ઉપર જમીન પ્રાપ્ત થઈ અને ત્યાં મંદિરનો આરંભ કરવાનો નિર્ણય લેવાયો - તેની જાણ સરદારને કરીને નિર્ગુણદાસ સ્વામી તે પ્રસંગે ઉપસ્થિત રહેવાનો આગ્રહ કરતાં તા. ૧૩-૮-૧૯૪૯ના રોજ પત્રમાં લખે છેઃ 'વિશેષ, આપને પત્ર દિલ્હી લખેલો, તે પહોંચ્યાનો જવાબ આવી ગયો છે. ત્યાર પછી રા. મૂળશંકર ભટ્ટ (સરદારના સચિવ) ગઢડે એમના પિતાશ્રીને મળવા ગયા હશે ને ત્યાંથી સારંગપુર આવેલા, પૂ. શાસ્ત્રીજી મહારાજને મળેલા. તેમણે પૂ. શાસ્ત્રીજી મહારાજના તથા સારંગપુર મંદિરના સમાચાર આપને કહ્યા હશે.

તા. ૨૫મી જુલાઈએ, ઘેલા નદીના કાંઠા ઉપર શ્રીજીમહારાજે જ્યાં પોતાની હયાતીમાં મંદિર કરવાનો સંકલ્પ કરેલો તે અમુક કારણથી બંધ રહ્યો હતો, તે જગા લગભગ ચાર એકર જમીન મ્યુનિસિપાલિટી ખાતાની હતી, તે શેઠ મોહનલાલ મોતીચંદની મદદથી રૂા. ૨૭,૦૦૦માં લીધી છે. તેની સાફસૂફી કરવાનું ખાતમુહૂર્ત શ્રાવણ સુદી ૧૫ ઉપર હતું, ત્યારે શાસ્ત્રીજી મહારાજ તથા હું વિગેરે સંતો ગઢપુર ગયા હતા. તે ખાતમુહૂર્ત વખતે ગામના આગેવાન સદ્‌ગૃહસ્થો નગરશેઠ મોહનલાલ મોતીચંદ વિગેરે હતા.

હવે તે જમીન ઉપર હદ-નિશાન સાથે બુધવારે કબજો લીધો છે ને ગુરુવારે સાફસૂફી કરવાનું કામ શરૂ કરી દીધું છે. સરખી જમીન થયા પછી માગશર સુદી ૧૦ના દહાડે ડેરાના પાયા ખોદવાનું મુહૂર્ત છે. તે વખતે પૂજ્ય નંદા સાહેબના હાથે કરાવવા વિચાર છે. આપના શરીરે ઠીક હોય ને આપ પધારો તે બહુ સારું. ગઢડામાં ગ્રામોદ્યોગનાં મકાન થાય છે, તેમાં પણ આપનાં પુનીત પગલાં થાશે. આપને ગઢડા મંદિરનાં દર્શન થાશે ને સારંગપુરમાં મોટું શિખરનું મંદિર કર્યું છે તેનાં પણ દર્શન થાશે. પૂજ્ય વીર વિઠ્ઠલભાઈના મંદવાડ વખતે પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે બોચાસણ તથા સારંગપુર મંદિરના દર્શન કરવાની માનતા આપેલી તે પણ પૂરી થાશે. આપ મુંબઈ પધાર્યા છો, આપની તબિયતના સમાચાર પેપરોમાં વાંચીએ છીએ. સારું છે. અમે પણ આપને માટે માળા ફેરવીએ છીએ, જેથી આપના દ્વારે મોટાં શુભ કાર્યો થાય. પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ પૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

તા. ૧૪મીએ અમદાવાદ જઈ તા. ૧૬મીએ અટલાદરા જઈશું. બે-ત્રણ દહાડા જઈ મુંબઈ આવવા વિચાર છે, તો આપ ત્યાં હશો તો ખબર જોવા આવવા વિચાર છે. પૂજ્ય ડાહ્યાભાઈને મારા જય સ્વામિનારાયણ કહેશો.'

આ પત્રમાં શાસ્ત્રીજી મહારાજે સરદારને વિઠ્ઠલભાઈની તબિયત સારી થાય તે માટે બોચાસણ તથા સારંગપુર મંદિરનાં દર્શન કરવાની માનતા આપેલી તેની સુંદર વિગત તો છે જ, પરંતુ સાથે સાથે સરદારની તબિયત માટે અને તેમના દ્વારા વધુ ઉત્તમ કાર્યો થાય તે માટે માળા ફેરવવાની અને શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદની પણ વિગત તેમણે હેતપૂર્વક લખી છે. તેમાં સરદાર પ્રત્યેના ગૌરવપૂર્વકનો નર્યો પ્રેમ અને આત્મીયભાવ પ્રગટ થાય છે.

નિર્ગુણદાસ સ્વામી આ પત્રમાં મુંબઈમાં સરદાર ઉપસ્થિત હોય તો સરદારને રૂબરૂ મળવાની વાત લખે છે. મુંબઈમાં તેઓ મળ્યા કે નહીં, તેનો કોઈ અહેવાલ ક્યાંય મળતો નથી. પરંતુ બોચાસણમાં સરદાર વલ્લભવિદ્યાલયમાં પધારેલા ત્યારે તેઓ મળેલા, તેની ખૂબ ટૂંકી નોંધ 'પ્રકાશ' આપે છેઃ સરદાર વલ્લભભાઈ પટેલ બોચાસણ ગામની બહાર આવેલા શ્રી રવિશંકર મહારાજ દ્વારા સંચાલિત વલ્લભવિદ્યાલયમાં પધાર્યા હતા. નિર્ગુણદાસ સ્વામીને તેની જાણ થતાં તેઓ, ચતુર્ભુજદાસ સ્વામી, આશાભાઈ, મોતીભાઈ તથા હકાભાઈ ખાચર તેમને મળવા ગયેલા. નિર્ગુણદાસ સ્વામીએ સરદારને પુષ્પહાર અર્પણ કરી આશીર્વાદ આપેલા. સરદાર તેમના આશીર્વાદથી ઘણા રાજી થયા હતા અને શાસ્ત્રીજી મહારાજના સુખાકારીના સમાચાર પ્રસન્નતાપૂર્વક પૂછ્યા હતા.[૧૮]

૧૮. *સ્વામિનારાયણ પ્રકાશ*, મે ૧૯૫૦, પૃષ્ઠ ૧૦૩.

સરદાર સાથેનો આ આત્મીય સંબંધ એક અન્ય વિષયમાં પણ પ્રગટ થાય છે. બ્રિટિશ શાસનને કારણે ભારતને બીજા વિશ્વ-યુદ્ધમાં જોડાવાનું થયું એ દિવસોમાં યુદ્ધને કારણે શસ્ત્રસામગ્રીમાં લોખંડની ખૂબ મોટી આવશ્યકતા તાત્કાલિક ઊભી થઈ હતી. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે સરકારે નિર્ણય લીધો હતો કે જે રેલવે લાઇનો બિનજરૂરી હોય અને બંધ પડી હોય તે લાઇનોના પાટાઓ ઉખેડીને તેને યુદ્ધમાં લોખંડની જરૂરિયાત માટે વાપરવા. તેમાં સ્થાનિક પ્રજાના વિરોધ વચ્ચે વાસદ-કઠાણાની રેલવે લાઇનો ઉખેડવાનો નિર્ણય પણ લેવાયો. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી નિર્ગુણદાસ સ્વામીએ સરકારનો આ નિર્ણય અટકાવવા માટે મહેનત કરી. ૧૯૪૧ના નવેમ્બરમાં ખેડા કલેક્ટરને મળીને તેમણે વિગતવાર વાસદ-કઠાણા રેલવે લાઈનની અગત્યતા સમજાવી.[૧૯] નિર્ગુણદાસ સ્વામીએ કલેક્ટરને કહ્યું કે અમે વિશ્વયુદ્ધના વોર ફંડમાં સંસ્થા તરફથી પણ અનુદાન આપ્યું છે. માટે આ હેતુ અંગે અમને ગવર્નરશ્રીને મળવાનો હક્ક છે. માટે આપ એ ગોઠવણ કરી આપો. પરંતુ કલેક્ટરે કહ્યું કે રેલવે ઉખાડવા માટે કે રાખવા માટે મુંબઈના મંત્રી મિ. ગિલ્ડરના હસ્તક સત્તા છે, તેથી આપ તેઓનો જ સંપર્ક સાધો.

નિર્ગુણદાસ સ્વામીએ મિ. ગિલ્ડરને મળીને તેમને સમજાવ્યું તેથી મિ. ગિલ્ડરે તે સમયે સ્વામીની વિનંતી માન્ય રાખી અને એ રેલવે લાઈન માટે કામચલાઉ સ્ટે આપી દીધો.

સન ૧૯૪૯માં ફરી એ પ્રશ્ન ઊભો થયો. આ વખતે લોખંડની જરૂરિયાતનો પ્રશ્ન ન હતો, પણ કોઈપણ કારણસર એ ગતિવિધિ ચાલી. આથી નિર્ગુણદાસ સ્વામીએ સરદારનો સંપર્ક કર્યો. તા. ૨૫-૭-૧૯૪૯ના રોજ તેઓ સરદારને પત્રમાં લખે છેઃ 'પૂજ્ય વીર વિઠ્ઠલભાઈના પ્રયાસથી વાસદ-કઠાણા રેલવે થયેલી છે તે વાત હું ને અમીન શંકરભાઈ જાણીએ છીએ. હવે તે ગમે તે કારણથી બ્રિટિશના વખતે પાટા ઉખેડી લીધાની વાત હતી. તેનો પ્રયાસ પાટા નાખવાનો ઘણા વખતથી ચાલે છે. કમિટીમાં દક્ષિણીઓ વધારે, ગુજરાતી ચાર-પાંચ, તેનું ચાલે નહીં. એમાં મત શું લેવાના? ... માટે જ સાફસૂફ કરીને (થોડા ઘણા પાટાઓ પહેલા ઉખાડ્યા હતા તે) પાટા નાખવાના છે, માટે જરા દૃષ્ટિ કરી આપશો. આપની દૃષ્ટિ થાય તો કામ બનશે....'

એટલું જ નહીં, આ રેલવે લાઇનને બચાવવા માટે નિર્ગુણદાસ સ્વામી સરદારને રૂબરૂ મળવા મુંબઈ પહોંચી ગયા. તે સમયે સરદાર પટેલ સિમલા બોર્ડના એક સદસ્ય તરીકે પણ સેવારત હતા. વળી, તેની જ મીટિંગો ચાલી રહી હતી. બોર્ડ-મીટિંગ ચાલી રહી હતી, તેથી ચપરાસીએ નિર્ગુણદાસ સ્વામીને અટકાવ્યા. નિર્ગુણદાસ સ્વામી તેને બાજુએ કરી સીધા જ ચાલુ મિટિંગે અંદર પ્રવેશ્યા. સ્વામીને જોતાં જ સરદાર વલ્લભભાઈ ઊભા થયા. બોર્ડના સભ્યો સાથે વાત અટકાવી સરદારે નમ્ર સ્વરે પૂછ્યુંઃ 'કેમ આવવાનું થયું સ્વામીજી?'

નિર્ગુણદાસ સ્વામીએ કહ્યુંઃ 'બહુ લાંબું કામ નથી, એક લીટીમાં જ કહેવાનું છે કે વાસદ-કઠાણા રેલવે લાઈન ઉખાડી નાખવાની વાત સંભળાય છે, પણ એ ચાલુ રાખવાની છે, કેમ કે આખા ગુજરાતના હરિભક્તો તેમાં જ બેસીને બોચાસણ દર્શને આવી શકે છે. લ્યો આ પ્રસાદ, શાસ્ત્રીજી મહારાજે મોકલ્યો છે...' એટલું કહી દરેકનું અભિવાદન ઝીલી, માત્ર બે મિનિટમાં નિર્ગુણ સ્વામીએ વિદાય લીધી.[૨૦]

સરદાર પટેલે રેલવે બોર્ડને જણાવી દીધું કે – 'ખેડા જિલ્લાની વાસદ-કઠાણા લાઈન હવે કાઢી શકાશે નહીં !' નિર્ગુણદાસ સ્વામી અને સરદારની એ આત્મીયતાથી આ લાઈન ઉપર આજે પણ ટ્રેનો દોડતી રહે છે!

આમ, આવાં અનેક ઉદાહરણો અને અવતરણો ટાંકી શકાય તેમ છે, જેમાં સરદાર અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયનો સ્નેહસંબંધ ઘણો મજબૂત હતો. સરદારના ભાઈઓ, ભત્રીજાઓ અને તેમના પણ પરિવારજનો સાથે ઘણી વખત મળવાનું થતું ત્યારે આ જ આત્મીયભાવ અને સંપ્રદાય પ્રત્યેની લાગણીઓ વહેતી. આમ છતાં, એક-બે પ્રસંગને વારંવાર ટાંકીને, તેનું અવળું અર્થઘટન કરીને સરદાર વલ્લભભાઈ પટેલના નિમિત્તે સ્વામિનારાયણ સંપ્રદાયનું ખંડન કરવાની કેટલાક લોકોએ આદત પાડી દીધી છે. એમ કહેવાનો લેશમાત્ર આશય નથી કે સરદાર સ્વામિનારાયણીય સત્સંગી તરીકે જ પળેપળ જીવ્યા હતા. પરંતુ સરદારના બાળપણમાં સ્વામિનારાયણીય સંસ્કારો, સ્વામિનારાયણ પરંપરા પ્રત્યે આદર અને આધ્યાત્મિક સમજણ વગેરે વવાયું હતું, તે જીવનના છેલ્લા શ્વાસ સુધી એવું ને એવું જ બરકરાર રહ્યું હતું. તે અંગે પછી જોઈશું. પરંતુ, એક એવા 'અર્ધ બનાવટી' પ્રસંગને નીચે ટાંકું છું કે જેમાં સરદારને સંપ્રદાયના વિરોધી ચીતરવામાં આવ્યા છે,

---

૧૯. એજન, માર્ચ ૧૯૪૧, પૃષ્ઠ ૧૩૭.

૨૦. *સ્વામીશ્રી નિર્ગુણદાસજી*, પૃષ્ઠ ૧૭૯, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, સપ્ટેમ્બર ૨૦૦૮.

અને વારંવાર લોકો તેને ટાંકીને સંપ્રદાયને વખોડવાનો તામસી આનંદ લે છે.[૨૧] જુઓ, એ પ્રસંગ શબ્દશઃ આ રહ્યો:

*પોતાની ઑફિસમાં ત્રીસેક વર્ષની વયના વકીલ વલ્લભભાઈ આરામ ખુરશીમાં પડ્યા પડ્યા, બાજુમાં પડેલો રબ્બરની લાંબી નેહવાળો હુક્કો ગગડાવી રહ્યા હતા...[૨૨] (એવામાં) એક વૃદ્ધ પણ તંદુરસ્ત અને કસાયેલા શરીરવાળા ટટ્ટાર પુરુષ દાદર ચઢીને ઉપર આવ્યા. તદ્દન સફેદ પોશાક તેમણે પહેરેલો હતો. ધોતિયું, પહેરણ, ખેસ અને પાઘડી પણ સફેદ. બધાં જ કપડાં ઊજળાં દૂધ જેવાં હતાં. એમને જોતાં જ મોંમાંથી હુક્કાની નેહ કાઢી નાખી વલ્લભભાઈ ઊભા થઈ ગયા અને બોલ્યા: 'મોટાકાકા,[૨૩] તમે ક્યાંથી?'*

*'ભાઈ, તારું કામ પડ્યું છે તેથી જ આવ્યો ને!'*

*'પણ મને કહેવડાવવું હતું ને? હું કરમસદ આવી જાત. લાડબાઈને[૨૪] પણ મળાત.'*

*'પણ કામ બોરસદમાં છે એટલે તને ત્યાં બોલાવીને શું કરું?'*

*'એવું શું કામ છે?'*

*'આખા જિલ્લામાં તારી હાક વાગે અને આપણા મહારાજ ઉપર વારંટ નીકળે એ કાંઈ ઠીક કહેવાય? તું બેઠાં છતાં મહારાજને પોલીસ પકડી શકે?'*

*'મહારાજ ઉપર વળી વારંટ કેવું? એ તો પુરુષોત્તમ ભગવાનનો અવતાર કહેવાય. આપણને સૌને આ ભવમાંથી છોડાવનારા. એમને પકડનારા કોણ હોય?'*

*'અત્યારે તારું આ ટીખળ જવા દે. મેં પાકે પાયે સાંભળ્યું છે કે વડતાલ અને બોચાસણનાં મંદિરોના કબજા સંબંધી તકરાર થઈ છે અને તેમાં આપણા મહારાજ ઉપર પણ વારંટ નીકળ્યું છે. તારે એ વારંટ રદ કરાવવું જ પડશે. મહારાજને પકડે તો તો મારી સાથે તારી પણ આબરૂ જાય.'*

*'આબરૂ શું કામ આપણી જાય? એવાં કરમ કરે તેની જાય. પણ હું તપાસ કરીશ. એમ વારંટ શેનાં નીકળે છે? મારાથી થઈ શકે તે બધું કરીશ.'*

*પછી જરા ગંભીર થઈને પણ નમ્રતાથી પિતાશ્રીને જણાવ્યું: 'તમે હવે છોડો આ સાધુઓને. જેઓ આવા પ્રપંચ કરે છે, કજિયા કરી કોર્ટે ચઢે છે, પોતાનું જેઓ આ ભવમાં રક્ષણ કરી શકતા નથી તે આપણને આવતા ભવમાં શું તારવાના હતા અને આપણો શો ઉદ્ધાર કરવાના હતા?'*

*'એ બધી પંચાત આપણે શું કામ કરીએ? પણ જો, તારે એટલું ધ્યાનમાં રાખવાનું કે મહારાજ ઉપર વારંટ નીકળ્યું હોય તો એ રદ થવું જ જોઈએ.' એમ કહી પિતાશ્રી ઑફિસમાંથી ચાલ્યા ગયા.*

*ઉપર વર્ણવેલા પ્રસંગની હકીકત એવી છે કે એક યજ્ઞપુરુષોત્તમદાસજી નામના સાધુ, જે વિદ્વાન બ્રાહ્મણ હોઈ શાસ્ત્રીજી કહેવાતા, તેમણે વડતાલની ગાદીથી જુદા પડી બોચાસણમાં ગાદી સ્થાપેલી. અને ત્યાં એક મોટું શિખરબંધી મંદિર બંધાવવા માંડેલું. સરદારના પિતાશ્રી આ બોચાસણવાળા નવા પંથમાં ભળ્યા હતા અને શાસ્ત્રીજીના અનુયાયી થયા હતા. આ શાસ્ત્રીજી બળવો કરી વડતાલથી જુદા પડ્યા ત્યારે તેમની સાથે કેટલાક સાધુઓ અને પાળાઓ પણ ભળ્યા અને એ સુધારક ટોળીએ વડતાલના મંદિરના તાબાનાં જે મંદિરો ગામેગામ હતાં તેમનો કબજો લેવા માંડ્યો. એ કબજો લેવા જતાં, વડતાલના અસલ પક્ષના સાધુઓ અને પાળાઓ જેમના કબજામાં એ મંદિરો હતાં તેમની સાથે મારામારી થતી. આમ ગામેગામ બળજબરીના પ્રસંગો ઊભા થતાં જિલ્લામાં સુલેહનો ભંગ થવા લાગ્યો. એટલે બંને પક્ષના સાધુઓ અને પાળાઓ ઉપર સુલેહનો ભંગ ન કરવા બદલ જામીન લેવા માટે સામસામે કેસ કરવામાં આવ્યા. આવા એક કેસમાં પહેલા નંબરના તહોમતદાર પેલા શાસ્ત્રીજી હતા અને તેમની સાથે તેમના પક્ષના બીજા દસ બાર સાધુઓ અને પાળાઓ હતા. આ કેસ બોરસદના રેસિડેન્સી મેજિસ્ટ્રેટની કોર્ટમાં દાખલ થયેલો. પિતાશ્રીના આગ્રહને લીધે સરદારે એ કેસ હાથમાં લીધેલો અને કેસની માંડવાળ કરાવી બેઉ પક્ષના તહોમતદારોને છોડાવેલા.'[૨૫]*

આમ, નરહરિભાઈ લંબાણપૂર્વક ઉપરોક્ત પ્રસંગ વર્ણવી સરદારના જીવનચરિત્રનો વિચિત્ર રીતે આરંભ કરે છે. પ્રથમ તો અહીં એ કહેવું છે કે આ ઘટનાનો સ્રોત નરહરિભાઈ ક્યાંથી લઈ આવ્યા તેનો કોઈ ઉલ્લેખ એમણે કર્યો નથી.

**(અનુસંધાન પૃષ્ઠ ૪૩ ઉપર)**

૨૧. કાલુપુર મંદિરના હરિજન પ્રવેશ અંગે તથા કરાંચીના સ્વામિનારાયણ મંદિરના હિન્દુ નિવાસ અંગે પણ સરદારની કેટલીક ટીકા વિશે આપણે ભવિષ્યમાં વિગતથી જોઈશું.

૨૨. વચ્ચેનાં વાક્યોમાં સરદારની ઑફિસનું લંબાણપૂર્વક વર્ણન કર્યું છે તે સ્થળસંકોચને કારણે અહીં મૂકવાનું ટાળ્યું છે.

૨૩. સરદાર અને તેમના ભાઈઓ તેમના પિતા ઝવેરભાઈને 'મોટાકાકા' કહીને સંબોધતા. તેમના પિતરાઈ ભાઈઓ આ રીતે ઝવેરભાઈને સંબોધતા તેની એ અસર હતી.

૨૪. સરદારનાં માતુશ્રી.

૨૫. પરીખ નરહરિ દ્વારકાદાસ, *સરદાર વલ્લભભાઈ*, ભાગ પહેલો, પૃષ્ઠ ૩-૫, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પહેલી આવૃત્તિ, ઓક્ટોબર ૧૯૫૦.

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર





## ■ અમદાવાદમાં સત્સંગલાભ

યુ.એ.ઈ. ખાતે અબુધાબીમાં નવનિર્મિત બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમ-પૂર્વક સંપન્ન કરીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તા. ૨૩-૨-૨૦૨૪ના રોજ અમદાવાદ પધાર્યા ત્યારે સંતો-હરિભક્તોએ ભાવભર્યું સ્વાગત કરીને તેઓને વધાવ્યા હતા. સતત વિચરણના પરિશ્રમને કારણે સ્વામીશ્રીના શરીરમાં થાક અનુભવાતાં તેઓનું રૂટીન મૅડિકલ ચૅકઅપ અને આરામ તબીબોને ખૂબ જરૂરી લાગ્યાં, તેથી તેમની વિનંતીથી સ્વામીશ્રી અમદાવાદ ખાતે યોગીજી મહારાજ હૉસ્પિટલમાં પધાર્યા હતા.

૩૫ દિવસ સુધી હૉસ્પિટલમાં વિશ્રામ દરમ્યાન સ્વામીશ્રીએ નિત્ય-નિયમ કે પોતાની રોજિંદી પ્રવૃત્તિઓમાં લેશમાત્ર વિરામ આવવા દીધો નહોતો. નિત્યક્રમ મુજબ સ્વામીશ્રી વહેલી પરોઢે જાગીને નિત્યક્રમમાં પરોવાતા હતા. પ્રાતઃપૂજા દરમ્યાન નિત્ય જુદા જુદા સંતોએ કીર્તનગાન કરીને સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી. પૂજા બાદ સ્વામીશ્રીએ ‘યોગીગીતા’માં આલેખિત બ્રહ્મસ્વરૂપ યોગીજી

મહારાજનાં અમૃતવચનોને આધારે કથા-નિરૂપણનો લાભ આપ્યો હતો. અમદાવાદ તેમજ બી.એ.પી.એસ.ના જુદાં જુદાં મંદિરેથી પધારતા સંતોને સ્વામીશ્રીએ દર્શનલાભ આપ્યો હતો. આ દર્શનલાભ દરમ્યાન સંતો સાથે સંકળાયેલા વર્ષો જૂના પ્રસંગોની સ્વામીશ્રી સ્મૃતિ કરતા હતા ત્યારે સંતો દંગ રહી જતા હતા કે આટલાં વર્ષો બાદ અને ૯૧ વર્ષની ઉંમરે પણ સ્વામીશ્રીની સ્મરણશક્તિ કેટલી સતેજ છે! આ રીતે સૌ સંતોને સ્વામીશ્રીએ સ્મૃતિલાભથી લાભાન્વિત કર્યા હતા. સ્વામીશ્રીએ સંતો અને જુદી જુદી સેવા સંભાળતા કાર્યકરો સાથે સંસ્થાકીય મીટિંગો, વિમર્શો ઉપરાંત દેશ-પરદેશમાં નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિરોની ગતિવિધિઓ તથા સંસ્થાકીય પ્રવૃત્તિઓમાં અનેરું માર્ગદર્શન આપ્યું હતું. વળી, હરિભક્તો દ્વારા નોકરી-ધંધો, અભ્યાસ, બીમારી, આર્થિક-કૌટુંબિક-સામાજિક જવાબદારીઓના મૂંઝવતા પ્રશ્નોના ઉકેલ માટે આવતા પત્રોનું પઠન કરીને સ્વામીશ્રીએ તેમને માર્ગદર્શન-આશીર્વાદ પાઠવ્યા હતા.

બી.એ.પી.એસ.નાં નૂતન મંદિરોની ખાતવિધિ કરતાં સ્વામીશ્રીએ હિંમતનગર વિસ્તારના ટાઢેવેડી, મતરવાડા, કોટડા, ચીખલા, કિશોરપુરા તથા પંચકુલા (ચંદીગઢ, હરિયાણા) ખાતે રચાનારાં નૂતન બી.એ.પી.એસ. મંદિરોની ઈષ્ટિકાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું.

### ■ પ્રાગજી ભક્ત જયંતી અને પ્રતીક પુષ્પોત્સવ

તા. ૨૪-૩-૨૦૨૪, ફાગણ સુદ પૂર્ણિમા એટલે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો ૧૯૫મો પ્રાગટ્ય દિન.

આજના પવિત્ર અવસરે વહેલી સવારથી જ અમદાવાદમાં શાહીબાગ ખાતે બી.એ.પી.એસ. મંદિરમાં ઉત્સવનો અનોખો માહોલ છવાયો હતો. કારણ કે આજે સ્વામીશ્રીના સાંનિધ્યમાં હજારો ભક્તો ભગતજી મહારાજની જન્મજયંતી સાથે પુષ્પોત્સવનો લાભ માણવાના હતા. વહેલી સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં સંતોએ ભગતજી મહારાજનાં મહિમા-પદોનું ગાન કરીને તેઓને ભક્તિઅંજલિ અર્પી હતી. સ્વામીશ્રીએ આશીર્વચનમાં ભગતજી મહારાજનું મહિમાગાન કર્યું હતું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પાવન સાંનિધ્યમાં સાયંકાળે શાહીબાગ મંદિરના સભાગૃહમાં ભગતજી મહારાજના જન્મોત્સવની સાથે પુષ્પદોલોત્સવના પ્રતીકરૂપે ‘ફૂલોં સે હોલી’ કાર્યક્રમ શાનદાર રીતે યોજાયો હતો. આ બંને ઉત્સવોના સંગમનો લાભ લેવા માટે અમદાવાદના તેમજ ઉત્તર ગુજરાતનાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાંથી ખૂબ મોટી સંખ્યામાં ઊમટેલા હરિભક્તોથી સભા પૂર્વે ‘યજ્ઞપુરુષ સભાગૃહ’ અને ‘પ્રમુખસ્વામી ઓડિટોરિયમ’ ખીચોખીચ ભરાઈ ચૂક્યા હતા. અન્ય હરિભક્તોએ મંદિર પરિસરમાં સ્થાન લીધું હતું. એક મહિના બાદ આજે સ્વામીશ્રી જાહેર સભામાં પધારી રહ્યા હતા તેનો સૌ કોઈને અનેરો આનંદ-ઉત્સાહ હતો.

બરાબર ૫:૦૦ વાગ્યાથી સંગીતજ્ઞ યુવકોએ ધૂન-પ્રાર્થના-કીર્તનગાનથી સભાનો શુભારંભ કરાવ્યો. ત્યારબાદ નૃત્ય સાથે ભગતજી મહારાજ અને મહંત સ્વામી મહારાજના જીવન આધારિત વિવિધ પ્રસંગોનું પાન પ્રાજ્ઞપુરુષદાસ સ્વામી, બ્રહ્મમુનિદાસ સ્વામી, પ્રયાગપ્રિયદાસ સ્વામી, વિવેકશીલદાસ સ્વામીએ કરાવ્યું હતું. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના પ્રાસંગિક ઉદ્‌બોધનના અંતે પુષ્પદોલોત્સવોની વીડિયો-સ્મૃતિ સૌએ માણી હતી.

નિયત સમયે રથમાં બિરાજીને સ્વામીશ્રી સભાગૃહની બહાર મંદિરના પ્રાંગણમાં બેઠેલા હજારો ભક્તોને દર્શન-આશીર્વાદ આપતાં સભામાં પધાર્યા. ભક્તમેદનીથી હકડેઠઠ ઊભરાતા સભાગૃહમાં સ્વામીશ્રીને સૌએ હર્ષનાદ-તાળીનાદથી વધાવ્યા. સ્વામીશ્રી, સંતો અને સૌ હરિભક્તોએ ઠાકોરજીને આરતી-અર્ઘ્ય અર્પ્યું. સૌને દાસભાવ સિદ્ધ થાય એવી ભાવના સાથે, પ્રત્યેક દાણા પર ‘મહાબળવંત માયા તમારી...’ પ્રાર્થનાના શબ્દો અંકિત ધાણીનો સુંદર હાર ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને અર્પણ કર્યો. ત્યારબાદ બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ જીવનચરિત્ર, ભાગ-૯નું આદર્શજીવનદાસ સ્વામીએ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ઉદ્‌ઘાટન કરાવ્યું હતું.

અંતે, આશીર્વચનમાં સ્વામીશ્રીએ ભગતજી મહારાજના ગુણાનુગાન કરતાં કહ્યું, ‘‘આજે ભગતજી મહારાજનો ૧૯૫મો જન્મદિન છે. ભગતજી મહારાજ આદર્શ સાધક હતા. એમનું જીવનચરિત્ર ખરેખર આદર્શ! જેમને સાધના કરવી હોય એ ભગતજી મહારાજનું જીવનચરિત્ર વાંચે, એમાં બધું આવી જાય છે : આદર્શમાં આદર્શ. કાંઈ ખામી નહીં. ભગતજી મહારાજ બધી રીતે સંપૂર્ણ હતા.

ભગતજી મહારાજે સાધના કરી, જેમાં ગુરુને રાજી કરવા સિવાય કોઈ હેતુ નહીં. ગુણાતીતાનંદ સ્વામીની મરજી-અનુવૃત્તિ સાચવીને ભગતજી

મહારાજે તેઓને રાજી કર્યા છે. ગુણાતીતાનંદ સ્વામીની જીભ વળી એમ તેઓનો દેહ વળ્યો. એટલે ગુરુમય! ગુણાતીતાનંદ સ્વામી સિવાય બીજું કોઈ અંતરમાં, મનમાં હતું નહીં. ચોવીસ કલાક 'સ્વામી, સ્વામી, સ્વામી.' ભગતજી મહારાજે જેટલું અપમાન સહન કર્યું છે એટલું કોઈએ કર્યું નથી ને હસતે મોંઢે! કેમ કે એમનામાં ભગવાન અખંડ વિરાજમાન હતા. તેઓ અપમાન કરનારનું પણ હિત ઇચ્છે. તેઓને બ્રહ્મરૂપ કરવાનું તાન. તેઓને બધા સાથે ફાવે. કેમ કે નિર્માની અને બધા ગુણે યુક્ત હતા. ગોરધનદાસ કોઠારીએ તેઓને પૂછ્યું, 'અમારી પાસે બધી સત્તા છે, પણ પ્રાગજી, તારા જેવો આનંદ કેમ આવતો નથી?' તો ભગતજી મહારાજે કહ્યું, 'આ બધાને બ્રહ્મની મૂર્તિ જુઓ તો આનંદ આવશે.' એટલે ભગતજી મહારાજની બહુ જ ઊંચી સ્થિતિ હતી.

ભગતજી મહારાજ ધામમાં ગયા ત્યારે શાસ્ત્રીજી મહારાજની જોડે બેઠેલા રામજી ભટ્ટે કહ્યું, 'પૃથ્વીનું મંગલ ગયું.' ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'સત્પુરુષ પૃથ્વી ઉપરથી કદી જતા જ નથી.' એટલે એ રીતે આપણે ભગતજી મહારાજ પ્રગટ છે એમ સમજીએ.''

આશીર્વાદની સમાપ્તિ બાદ 'ફૂલોં સે હોલી' કાર્યક્રમ આરંભાયો. સ્વામીશ્રીએ પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજ પર પુષ્પ-પાંદડીઓ વરસાવી. ત્યારબાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સૌ સંતો-ભક્તો વતી પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજ ઉપર અને પછી સ્વામીશ્રી ઉપર પુષ્પ-પાંદડીઓની વર્ષા કરી. સ્વામીશ્રીએ પણ સૌ સંતો-ભક્તો પર પુષ્પવર્ષા કરતા હોય તે રીતે ઈશ્વરચરણદાસ સ્વામી પર પુષ્પ-વર્ષા કરી. આ અદ્‌ભુત દર્શન અને દિવ્ય લાભ આપીને સ્વામીશ્રીએ નીચેના સભાગૃહ પ્રમુખસ્વામી ઓડિટોરિયમમાં હકડેઠઠ બેઠેલા હરિભક્તોને દર્શનલાભ આપ્યો. પછી પરિસરમાં બેઠેલા સૌને દર્શનસુખ આપતાં સ્વામીશ્રીએ વિદાય લીધી.

સ્વામીશ્રીની વિદાય બાદ ઉત્સવિયાં કીર્તનોના તાલે યજ્ઞપુરુષ સભાગૃહમાં બેઠેલા હરિભક્તો કતારબદ્ધ રીતે મંચની સમીપે આવવા લાગ્યા ત્યારે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને વડીલ સંતોએ તેઓ પર પુષ્પ-પાંદડીઓ વરસાવી હતી. એ જ રીતે પ્રમુખસ્વામી ઓડિટોરિયમમાં અને મંદિર પરિસરમાં બેઠેલા હરિભક્તો પર વડીલ સંતોએ પ્રાસાદિક પુષ્પ-પાંદડીઓ વરસાવીને સૌને પુષ્પોત્સવના દિવ્ય લાભથી લાભાન્વિત કર્યા હતા.

આજે ઉત્સવ સભાનો લાભ લેવા માટે ઊમટેલા ૨૦,૦૦૦થી વધુ હરિભક્તોનો હોળી-ધુળેટી ઉત્સવ સ્વામીશ્રીએ દિવ્ય સ્મૃતિઓથી ભરી દીધો હતો. આમ, અમદાવાદ ખાતે સ્વામીશ્રીએ ૩૫ દિવસ સુધી લાભ આપ્યો હતો.

અહીંથી તા. ૨૯ માર્ચના રોજ સંતો-હરિભક્તોની ભાવભરી વિદાય લઈને સ્વામીશ્રી સારંગપુર પધાર્યા હતા.

સારંગપુર ખાતે મહંત સ્વામી મહારાજે સતત ત્રણ મહિના નિવાસ કરીને દિવ્ય લાભ આપ્યો હતો.

## તીર્થધામ સારંગપુરમાં સ્વામીશ્રીનો કૃપાલાભ

*નૈમિષારણ્ય ક્ષેત્ર સમા તીર્થધામ સારંગપુર ખાતે એક વર્ષના અંતરાલ બાદ પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં સત્સંગની વસંત સોળે કળાએ મહોરી ઊઠી હતી. આધ્યાત્મિક વાતાવરણમાં ગુરુહરિનું દિવ્ય સામીપ્ય માણતા સાધકો-પાર્ષદો-સંતો અને અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો ઉત્સાહ અનેરો હતો. ઉનાળાના શૈક્ષણિક વૅકેશનમાં અસંખ્ય હરિભક્તો-ભાવિકો પોતાનાં સંતાનોને લઈને તીર્થધામ સારંગપુરમાં દર્શનાર્થે ઊમટે છે. વહેલી સવારે સ્વામીશ્રી મંદિરમાં તેમજ યજ્ઞપુરુષ સ્મૃતિમંદિર અને પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિરમાં દર્શને પધારે છે ત્યારે સ્વામીશ્રીનાં સમીપદર્શનનો લાભ પ્રાપ્ત થતાં સૌ કોઈ કૃતાર્થતાથી છલકાઈ ઊઠે છે. પ્રાતઃ પૂજાદર્શન તેમજ સત્સંગ સભાઓમાં સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદથી સૌની તીર્થયાત્રા સુફળ બને છે. પ્રાતઃપૂજામાં સંગીતજ્ઞ સંતો કીર્તનભક્તિ તેમજ વિદ્યામંદિરના બાળકો મુખપાઠ રજૂ કરીને સ્વામીશ્રીની આશીર્દૃષ્ટિ ઝીલે છે. આ વખતે અહીં સ્વામીશ્રીની પ્રાતઃ પૂજા બાદ એક નૂતન અને વિશિષ્ટ ઉપક્રમ આરંભાયો. શ્રીજીમહારાજના સમયના સંત-કવિઓએ રચેલાં સંત મહિમાનાં અને ઉપદેશનાં પદોનું સંગીતજ્ઞ સંતો ગાન કરે અને સ્વામીશ્રી તે પદની પંક્તિ પર તેમજ 'પરબ્રહ્મસુધા' ગ્રંથ પર કથા-નિરૂપણ કરે છે. સૌ સંતો-હરિભક્તો સ્વામીશ્રીના મુખે આ કથામૃતનું પાન કરીને અમૃતલાભ માણે છે. નિર્ધારિત દિવસોએ સંસ્થા દ્વારા જીવંત પ્રસારિત કરવામાં આવેલા પૂજાદર્શનનો ઘરે બેઠાં લાભ પ્રાપ્ત કરીને સેંકડો હરિભક્તો અહોભાગી બની રહ્યા છે.*

*સ્વામીશ્રીએ અહીં વિવિધ પ્રસંગોએ આપેલી સ્મૃતિઓનું સ્મરણ કરીએ...*

*● તા. ૫-૪-૨૦૨૪ના રોજ અબુધાબી મંદિરનો મહિમા વર્ણવતી દસ્તાવેજી વીડિયો - 'THE LETTER : The Handwritten Destiny of Abu Dhabi Mandir' આજે પ્રકાશિત થઈ હતી. સ્વામીશ્રીએ લખેલા પત્રને આધારિત આ વીડિયો પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના દિવ્ય ઐશ્વર્યની પ્રતીતિ કરાવે છે. આ ઉપરાંત સ્વામીશ્રીએ 'બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ' ભાગ-૯ની ઑડિયોબુક, અબુધાબી મંદિર મહોત્સવ નિમિત્તે રચાયેલાં કીર્તનોનું 'અ મિલેનિયલ મૉમેન્ટ' ઑડિયો પ્રકાશન તથા 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' ભાગ-૧ (અંગ્રેજી) અને 'Yogiji Maharaj's Tales of Wisdom : overcoming Inner Hurdles' વગેરેનું પણ વિમોચન કર્યું હતું.*

*● આ ઉપરાંત અમેરિકાના પાર્સિપની, ક્લીફ્ટન, ચેરીહીલ, નોર્ધર્ન વર્જિનિયા, ફિલાડેલ્ફિયાના મંદિરમાં પ્રતિષ્ઠિત થનારા શ્રી નીલકંઠવર્ણી મહારાજ અને અમેરિકાના ૧૦૦ હરિમંદિરો માટે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની ચલમૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ પણ સ્વામીશ્રીના હસ્તે સંપન્ન થયો હતો.*

*● સ્વામીશ્રીએ દરેડમાં નિર્માણ પામી રહેલા શ્રીરામમંદિર તથા નહાર (જિ. વડોદરા) ગામના શિવમંદિરમાં સ્થાપિત થનાર શિવલિંગ તથા અન્ય મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. જસાપર (તા. કાલાવડ) ગામમાં નિર્માણ પામનાર ખોડિયાર માતાના મંદિરની શિલાઓનું સ્વામીશ્રીએ વેદોક્ત પૂજન કર્યું હતું.*

*આમ, સારંગપુરધામ સ્વામીશ્રીની નિશ્રામાં ઉત્સવ-પ્રસંગોનું વિશેષ સાક્ષી બની રહ્યું. અહીં તેનું સ્મરણ કરીને આપણે પણ કૃતાર્થ થઈએ...*

## ■ આગમન

તા. ૨૯-૩-૨૦૨૪ના રોજ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સારંગપુર ખાતેના આગમનથી અહીંનું વાતાવરણ આનંદ-ઉલ્લાસનાં દિવ્ય મોજાંઓથી છલકાઈ ઊઠ્યું હતું.

હવાઈ માર્ગે સારંગપુર પધારેલા સ્વામીશ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરમાં પધાર્યા ત્યારે છાત્રોનાં હૈયાં આનંદ-ઉમંગથી ઝૂમી ઊઠ્યાં હતાં. છાત્રોએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી તેમજ ગગનભેદી જયનાદોથી સ્વામીશ્રીને સત્કાર્યા. સ્વામીશ્રીનું સ્વાગત કરતા WEL COME લખાણ સાથે છાત્રોએ વિવિધ પોસ્ટરો દર્શાવી સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી. સ્વામીશ્રીનાં સમીપદર્શનથી છાત્રોનો ઉત્સાહ અનેકગણો વધી ગયો હતો. છાત્રોને દર્શનલાભ આપીને સ્વામીશ્રી ભોજનશાળા તરફથી મંદિર પરિસરમાં પધાર્યા.

અહીં પણ સ્વામીશ્રીનું સ્વાગત કરતો નજારો આકર્ષક હતો. ગમનપથ સુંદર રીતે સજાવ્યો હતો. પુષ્પોની સુંદર કમાનો અને તેની મધ્યે બિછાવેલી લાલ જાજમ પરથી પસાર થતા ગુરુહરિને યુવકોએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી, આરતી તથા મશાલજ્યોતિ વડે સત્કાર્યા. ગમનપથની બંને બાજુએ કોઠીઓ પ્રકાશપુંજ રેલાવી રહી હતી. બાળકો રંગબેરંગી પુષ્પોની વર્ષા કરી રહ્યા હતા. ગુરુહરિની વંદના કરતા પારંપરિક વેશભૂષામાં વિવિધ વાદ્યો સાથે થૈકાર કરતાં બાળકો-કિશોરોનો ઉત્સાહ અનેરો હતો. સાધકો-પાર્ષદો-સંતો-હરિભક્તોએ ગુરુહરિનાં દર્શનથી તૃપ્તિ અનુભવી.

સૌનું અભિવાદન ઝીલતાં, સૌ પર અમીવર્ષા કરતાં સ્વામીશ્રી, યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરે અને પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિમંદિરે દર્શન કરીને મુખ્ય મંદિરમાં ઠાકોરજીનાં દર્શને પધાર્યા. સ્વામીશ્રીના આગમન નિમિત્તે મંદિરમાં ઠાકોરજી સમક્ષ શીરો અને પેંડાના પ્રસાદનો કૂટ રચવામાં આવ્યો હતો. ઠાકોરજીનાં દર્શન બાદ સ્વામીશ્રી 'પ્રમુખ મંદિરમ્'માં પધાર્યા. ગુરુહરિનાં દર્શનાર્થે ઊમટેલા અસંખ્ય હરિભક્તોથી 'પ્રમુખદર્શન વાટિકા' ખીચોખીચ ભરાઈ ચૂકી હતી. સૌ વતી જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ ગુલાબનો હાર અને અન્ય વડીલ સંતોએ પણ સુંદર પુષ્પહાર પહેરાવીને સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

સ્વામીશ્રીના આગમન નિમિત્તે ઉનાળાની કાળઝાળ ગરમીમાં સંતો-હરિભક્તો, સંસ્કૃત મહાવિદ્યાલયના છાત્રો અને ગુરુકુળના બાળકોએ અનેકવિધ તપ-વ્રત કર્યાં હતાં. આ જ રીતે મહિલા-ભક્તો પણ વિશિષ્ટ વ્રત-તપ-ઉપવાસ કરીને ગુરુહરિના રાજીપાના અધિકારી બન્યા હતા. સૌનાં સ્વાગત-સન્માન અને ભક્તિભાવ સ્વીકારી, સૌ પર સ્વામીશ્રીએ અમીદૃષ્ટિ વરસાવી હતી.

## ■ વિદ્યામંદિર દિન

તા. ૯-૪-૨૦૨૪ના રોજ સારંગપુર ખાતેના બી.એ.પી.એસ.

વિદ્યામંદિરના છાત્રોએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'વિદ્યામંદિર દિન' ઊજવ્યો હતો. સાયંકાળે યજ્ઞપુરુષ સભામંડપના પોડિયમ પર યોજાયેલી 'વિદ્યામંદિર દિન'ની સભામાં મુખ્યત્વે સારંગપુર વિદ્યામંદિરનો પરિચય, આ વિદ્યામંદિરનું પ્રદાન, અને આ વિદ્યામંદિર માટે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે વરસાવેલો પ્રેમ વિવિધ માધ્યમો દ્વારા દર્શાવાયો હતો. 'શ્રીજી કહે, સ્વામી કહે' રમત અંતર્ગત આઉટ થનાર વિદ્યાર્થીએ સંતોના, શિક્ષકોના અને ગૃહપતિઓના ગુણો કહ્યા હતા. સંતોએ પણ શિક્ષકો અને ગૃહપતિઓના ગુણો ગાઈ તેમના પર સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ કરાવી હતી.

વિદ્યાર્થીઓએ ઉમંગે કીર્તનો પર નૃત્ય કરી ગુરુહરિને વધાવ્યા હતા. આ દરમ્યાન વિદ્યામંદિરમાં સેવા આપતા સંતોએ હારતોરા વડે સ્વામીશ્રીને સત્કાર્યા હતા. તમામ વિદ્યાર્થીઓએ પોતાના અંતરમાં રમતાં પ્રશ્નો અને પ્રાર્થનાઓ પત્રરૂપે લખ્યાં હતાં. તે સ્વામીશ્રીએ પ્રેમથી સ્પર્શીને પ્રાસાદિક કર્યાં-સ્વીકાર્યાં અને અંતરના આશિષ વરસાવ્યા. ત્યારબાદ વિદ્યાર્થીઓના ગુણો-પ્રસંગો પ્રસ્તુત થયા. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી હિમાંશુભાઈ પટેલે 'વિદ્યામંદિર અને સત્પુરુષનો સંબંધ' વિષય પર પ્રકાશ પાથર્યો હતો. આ વિદ્યામંદિરમાં અભ્યાસ કરીને ઉચ્ચ હોદ્દા પર પહોંચેલા પૂર્વ વિદ્યાર્થીઓએ પણ સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ મેળવી.

વિદ્યામંદિરના બાળકો, શિક્ષકો અને બાળકોના વાલીઓએ અહીં સારી સગવડ, સારો અભ્યાસ અને સારા સંસ્કારની ભેટ આપવા બદલ સ્વામીશ્રીનો આભાર માન્યો હતો.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પતાં કહ્યું: ''આ ગુરુકુળમાં અનેક પ્રકારના લાભ મળે છે. મૂળ તો શિક્ષકો અને વિદ્યાર્થીઓને જે આત્મીયતા છે એવી બીજે ભાગ્યે જ મળે.

હવે ભણી બતાવો, સારી રીતે! એ રીતે ભણવું કે મોટા ઑફિસર થાઓ. મોટા ઑફિસર થશો ત્યારે ખબર પડશે કે ગુરુકુળે શું આપ્યું છે! અને ગમે ત્યાં જાઓ સત્સંગ ભેગો લઈને જજો. એનાથી ઘણા બધા ફાયદાઓ થાય છે અને થશે. શ્રીજીમહારાજે કહ્યું: 'જે સત્સંગ રાખશે તેની અમે ચિંતા કરીશું.' આપણે અહીં આવ્યા છીએ એટલે ધન્ય ધન્ય ધન્ય! આપણાં ભાગ્યનો પાર નથી. દેખાય નાનું સરખું સામાન્ય, પણ બહુ મોટું કાર્ય - મોક્ષનું કાર્ય થાય છે.''

## ■ દિવ્યસંનિધિ પર્વ

તા. ૧૨-૪-૨૦૨૪થી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં બી.એ.પી.એસ. સંસ્થાની સત્સંગપ્રવૃત્તિના અગ્રેસર કાર્યકરોનું ત્રિ-દિવસીય દિવ્ય સંનિધિ પર્વ યોજાયું હતું. 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'ના ઉપક્રમે યોજાયેલા આ દિવ્ય સંનિધિ પર્વનો મધ્યવર્તી વિચાર હતો – 'અંતર અક્ષરધામ.'

મધ્યવર્તી વિચારને સંલગ્ન વિવિધ સંવાદ, સ્કિટ વગેરે પ્રેરણાત્મક કાર્યક્રમો પ્રસ્તુત થયા હતા. સત્સંગ અને સત્પુરુષની નિષ્ઠા દૃઢાવતા આ રસપ્રદ અને પ્રેરણાદાયી કાર્યક્રમોએ સૌને દિવ્યાનંદમાં ગરકાવ કરી દીધા હતા.

સ્વામીશ્રીએ જુદાં જુદાં સત્રોમાં પધારીને કાર્યકરોને દિવ્ય સત્સંગ લાભ આપ્યો હતો. અને ખાસ તો સ્વામીશ્રીની ઈચ્છા મુજબ તમામ કાર્યકરોનું અભિવાદન થયું હતું. કાર્યકરના નામોલ્લેખ અને વિશેષતા સાથે કાર્યકરો મંચ પર આવતા ત્યારે સ્વામીશ્રી સાથે તેમની સ્મૃતિછબી લેવાતી હતી. આ રીતે સ્વામીશ્રીએ કાર્યકરોને લાભ આપીને જિંદગીભરની સ્મૃતિ પ્રદાન કરી હતી. આ લાભથી સૌના મુખ પર અપાર આનંદ, સંતોષ અને અહોભાવ છલકાઈ ઊઠ્યાં હતાં.

કાર્યકરોને વધાવવાનો ઉમંગ-ઉત્સાહ સ્વામીશ્રીના અંતરમાં હંમેશા રહે છે. અબુધાબી મંદિરના મૂર્તિપ્રતિષ્ઠાના મહત્ત્વના દિવસે સ્વામીશ્રીએ અતિ વ્યસ્ત કાર્યક્રમોની વચ્ચે કાર્યકરોને ઉદ્દેશીને એક પત્ર લખ્યો હતો. તેમાં સ્વામીશ્રીએ કાર્યકરોને ઉદ્દેશીને લખ્યું: 'મારે મન તમે બધા પણ પ્રમુખસ્વામી મહારાજે રચેલાં ભવ્ય અને દિવ્ય અક્ષરધામ જ છો. તમારા બધાની સેવા ભુલાતી જ નથી.' અને ખાસ તો સ્વામીશ્રીએ પ્રતિષ્ઠાની આરતી વખતે કાર્યકરોને યાદ કર્યા. આ સંદર્ભમાં સ્વામીશ્રીને પુછાયું કે આવું લખવા-કરવા પાછળનો આપનો હેતુ શો હતો? સ્વામીશ્રીએ કહ્યું, 'અંતર અક્ષરધામ બનાવવા!'

પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ સૌ કાર્યકરોને શ્રીજીમહારાજ અને ગુણાતીત પરંપરાના પ્રાકટ્યનો હેતુ, તેઓનું કાર્ય અને સંદેશ દૃઢાવ્યા હતા. સાથે સાથે નિયમ-ધર્મનું પાલન કરવા, પ્રાપ્તિનો વિચાર કરવા, સત્સંગનાં શાસ્ત્રોનું વાંચન કરવા, નિયમિત ઘરસભા કરવા, સંપ-સુહૃદભાવ-એકતા-દાસભાવ-દિવ્યભાવ-ગુણગ્રહણ વગેરે સત્સંગનાં મૂલ્યો જીવનમાં આત્મસાત્ કરવા તથા ખાણી-પીણી અને ટી.વી.-સિનેમા જોવામાં સંયમ રાખીને અણિશુદ્ધ રહેવા અનુરોધ કર્યો હતો.

દિવ્યસંનિધિ પર્વનું અંતિમ સત્ર



'પ્રમુખદર્શન વાટિકા'માં યોજાયું હતું. 'પ્રમુખ મંદિરમ્'માં અક્ષરપુરુષોત્તમ મહારાજ મધ્યમાં વિરાજમાન હતા. તેઓની ડાબી તરફ શ્રીજીમહારાજની સલૂણી-બેઠેલી મૂર્તિ દર્શનદાન દઈ રહી હતી અને જમણી બાજુએ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ જેવું ફાળિયું ધારણ કરીને શોભી રહ્યા હતા!

એક સંવાદાત્મક રજૂઆતમાં શ્રીજીમહારાજના સમયનું અત્યારે વાતાવરણ રચાયું હતું. તે વખતના નિષ્ઠાવાન હરિભક્તો સારંગપુરના જીવાખાચર, સુરાખાચર, રાઠોડ ધાધલ, પર્વતભાઈ, ઝીણાભાઈ વગેરેના પરિવેશમાં આવેલા કાર્યકરોએ એક પછી એક કાર્યક્રમો પ્રસ્તુત કરીને શ્રીજીમહારાજના સમયની સ્મૃતિઓમાં સૌને ગરકાવ કરી દીધા હતા.

દિવ્યસંનિધિ પર્વના સારરૂપે આશીર્વાદ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આ બેઠેલા બધા કાર્યકરો અને અન્ય માણસો બધા દેખાવમાં સરખા લાગે, પણ તમારી ભાવના ઉત્તમ છે. એ નંબર લઈ જાય છે. તમે કોઈનું ભૂંડું ઇચ્છતા નથી, એ બહુ મોટી વાત છે. તમારી ભાવના એટલી ઉત્તમ છે કે એ ભાવનાથી જ આપણે કાર્ય કરી રહ્યા છીએ, એનાથી જ રંગમાં છીએ, ઉત્સાહમાં છીએ. તો એ ભાવના આપણે રાખવી અને એ ભાવના વડે કાર્ય કરવાનું છે.

ભાવના શું? દિવ્યભાવ, મહિમા, દાસભાવ, ગુણગ્રહણ વગેરે બધાથી ઉન્નત રહીને બળમાં રહેવાનું છે. અભાવ-અવગુણની વાત જરાય પણ પેસે જ નહીં. શ્રીજીમહારાજે એનો બહુ નિષેધ કર્યો છે અને ત્યારપછી ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ બધાએ આનો ખૂબ નિષેધ કર્યો છે. તો અભાવ-અવગુણની વાત જીવમાંથી કાઢી જ નાંખવી. આ સત્સંગમાં અભાવ-અવગુણની વાત દૂર કરે તો જ પ્રવેશ મળે એવું છે. અભાવ-અવગુણ એ દેહભાવ છે. આપણે આત્મારૂપ વર્તીએ એટલે એમાં કોઈ બદી હોય નહીં. આગળ ને આગળ વધવાની વાત. ઠેઠ બ્રહ્મરૂપ થઈએ, એકાંતિક થઈએ ત્યાં સુધી બળ પૂરું પડે. એવી રીતે આપણે કાર્ય કરવાનું છે.''

આશીર્વાદની સમાપ્તિ બાદ કાર્યકરોને માટે અનેરો લહાવો હતો: રંગોત્સવનો. પ્રારંભમાં સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજને અને અક્ષરપુરુષોત્તમ મહારાજે સ્વામીશ્રીને નાની પિચકારીઓ વડે અરસપરસ રંગ્યા. ત્યારબાદ સદ્‌ગુરુ સંતોને પણ સ્વામીશ્રીએ નાની પિચકારી વડે રંગ્યા.

ત્યારબાદ સ્વામીશ્રી સમક્ષ ક્રમાનુસાર કાર્યકરો આવવા લાગ્યા. સ્વામીશ્રીના કરમાં પિચકારીનું નિયંત્રણ કરતી છડી હતી અને બહાર કેસરિયા રંગના ફુવારા ઉડાડતી પિચકારી. સ્વામીશ્રી સ્નેહપૂર્વક સૌ પર અમીદૃષ્ટિ કરતાં છડી ઘુમાવતાં રંગતા

હતા. ગુરુદેવના હસ્તે રંગાઈને કાર્યકરો ધન્યતા અનુભવતાં આગળ વધતા હતા ત્યારે નારાયણમુનિદાસ સ્વામી પ્રસાદ, જ્ઞાનેશ્વરદાસ સ્વામી સ્વામીશ્રીની ઇચ્છાનુસાર કેરીનો પ્રસાદ આપતા હતા. વડીલ સંતોને રંગ્યા બાદ અંતિમ ક્ષણોને વધાવતાં બુલંદ 'કાર્યકર સુવર્ણ મહોત્સવની... જય!' ગુંજવા લાગી. સ્વામીશ્રીએ ખૂબ આનંદ અને ઉમંગથી હાથ ઊંચો કરીને આ જય ઝીલી.

જયઘોષ સાથે રંગોત્સવ પૂર્ણ થયો. સૌ કાર્યકરોનાં અંતર આનંદથી ઊભરાઈ રહ્યાં હતાં. ખરેખર! સ્વામીશ્રીએ સૌને અણચિંતવ્યો લાભ આપ્યો હતો.

## ■ શ્રીહરિ જયંતી

તા. ૧૭-૪-૨૦૨૪, ચૈત્ર સુદ નવમીના શુભદિને પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનો ૨૪૩મો પ્રાકટ્યોત્સવ દેશ-વિદેશનાં હજારો બી.એ.પી.એસ. કેન્દ્રોમાં ભક્તિભાવ સાથે ઊજવાયો હતો. સારંગપુરમાં પણ સ્વામીશ્રીના સાંનિધ્યમાં આજના ઉત્સવનો માહોલ વહેલી સવારથી છવાયો હતો. શ્રીહરિના અખંડધારક સ્વામીશ્રીએ સવારે ઠાકોરજીનાં દર્શન કરીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી. સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં પણ શ્રીહરિના પ્રાકટ્યોત્સવને વધાવતી કીર્તન-ભક્તિ પ્રસ્તુત થઈ હતી. પૂજા બાદ સ્વામીશ્રીએ આશીર્વચનમાં શ્રીજીમહારાજના પ્રાકટ્યનો હેતુ અને પ્રાપ્તિનો વિચાર દૃઢાવ્યો હતો.

આજે ભગવાન શ્રીરામચંદ્રજીનો પ્રાકટ્યોત્સવ હોવાથી તેઓના પ્રાકટ્ય સમયે અયોધ્યામાં તેઓની આરતી ઉતારવામાં આવી હતી, એ જ સમયે સ્વામીશ્રીએ શ્રીરામચંદ્રજી અને અક્ષરપુરુષોત્તમ મહારાજની ભાવપૂર્વક આરતી ઉતારી ભગવાન શ્રીરામના જન્મની પવિત્ર ક્ષણને વધાવી. આ જ સમયે અયોધ્યામાં ભગવાન શ્રીરામચંદ્રજીના ભાલ પર વિશિષ્ટ 'સૂર્યતિલક' થયું તેનાં પણ સ્વામીશ્રીએ દર્શન કર્યાં.

સાયંકાળે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાક્ટ્ય ઉત્સવે મંદિરમાં ભગવાન સમક્ષ ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ રચવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ અન્નકૂટની સાથે ઠાકોરજીની આરતી ઉતારી.


રાત્રિ સમયે જન્મોત્સવની વિશિષ્ટ સભા ધૂન-કીર્તન અને ઉત્સવ-મર્મના પ્રવચન સાથે આરંભાઈ હતી. મધ્યવર્તી વિચાર 'નૂતન આરતી' હતો. તે અંતર્ગત પ્રત્યેક આરતીની કડી પર બાળકો-યુવકોએ મહારાજ-સ્વામીની આરતી ઉતારી અને ત્યારબાદ એ જ પંક્તિ પર વિદ્વાન સંતોએ પ્રવચનો કર્યાં હતાં. જેમાં, ભદ્રેશદાસ સ્વામી, આદર્શજીવનદાસ સ્વામી, ભક્તિ-સાગરદાસ સ્વામી, આત્મતૃપ્તદાસ સ્વામી, નારાયણમુનિદાસ સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામીએ ક્રમશઃ પંક્તિઓનો મર્મ સમજાવ્યો હતો. ડૉક્ટર સ્વામીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો. આજે સ્વામીશ્રીએ પૉલેન્ડની 'પોલિશ' ભાષામાં ભાષાંતરિત સત્સંગદીક્ષા શાસ્ત્રનું વિમોચન કર્યું હતું.

બાળકો-યુવકોએ ઉમંગસભર *'આજ ધર્મ-ભક્તિને દ્વાર નોબત વાગે રે લોલ...'* કીર્તન પર ભક્તિનૃત્ય કર્યું. તેની સમાંતરપણે વરિષ્ઠ સંતો અને વડીલ સંતોએ સુંદર હાર વડે શ્રીહરિના ધારક સ્વામીશ્રીને વધાવ્યા. શ્રીહરિના જન્મોત્સવે ભક્તિઅંજલિ અર્પતાં વિદ્યામંદિરના ૧૧૦૦ બાળકોએ નિર્જળ ઉપવાસ કર્યો હતો.

સ્વામીશ્રીએ આશીર્વાદમાં શ્રીજીમહારાજના સમયના પરમહંસોના પ્રસંગો કહીને પ્રાપ્તિની વાત દૃઢાવતાં કહ્યું: ''આપણને ગજબની પ્રાપ્તિ થઈ છે - આવા શ્રીજીમહારાજ મળ્યા છે. હવે આપણે તેઓની દરેક આજ્ઞા પાળવી. પાળી ના શકાતી હોય પણ મનમાં ધારવું કે પાળવી જ છે. શ્રીજીમહારાજ સાચા, ગુણાતીતાનંદ સ્વામી સાચા, ગુરુપરંપરા સાચી, નિયમધર્મ સાચા, સત્સંગી-હરિભક્તો સાચા... બધું જ સાચું છે. એવું માનીને, બળમાં રહીને સંપ-સુહૃદભાવ-એકતા વગેરે મૂલ્યો મનમાં ધારીને આ સત્સંગ કર્યે રાખવો.''

હવે, સભા-કાર્યક્રમ શ્રીહરિના જન્મની ઉજવણી તરફ વળ્યો. સંગીતજ્ઞ સંતોએ જન્મની વધામણીના કીર્તનનું ગાન કર્યું ત્યારે અક્ષરપુરુષોત્તમ મહારાજને પારણામાં પધરાવીને તેઓને થાળ ધરાવ્યો. સ્વામીશ્રી, સદ્‌ગુરુ સંતોએ શ્રીહરિના પ્રાકટ્યોત્સવની આરતી ઉતારી. આરતી દરમ્યાન ગગન આતશબાજીના પ્રકાશરંગો અને ધ્વનિ તરંગોથી ભરાઈ ગયું. આરતીની પૂર્ણતાએ જ જયઘોષ ગુંજી ઊઠ્યા. *'ધર્મ ઘેર આનંદ ભયો, જય બોલો ઘનશ્યામકી...'* જન્મોત્સવને વધાવતા કીર્તનના તાલે સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજને પ્રેમના પારણે ઝુલાવ્યા.

તારીખ પ્રમાણે ત્રીજી એપ્રિલના રોજ ભગવાન સ્વામિનારાયણના પ્રાકટ્ય દિને પણ સ્વામીશ્રીની પૂજામાં સંગીતજ્ઞ સંતોએ કીર્તન-ભક્તિ દ્વારા શ્રીહરિના દિવ્ય પ્રાકટ્યને વધાવ્યું હતું.



# સારંગપુરમાં મહંત સ્વામી મહારાજે હજારોને આધ્યાત્મિક રંગવર્ષાથી ભીંજવ્યા...

તા. ૨૧-૪-૨૦૨૪ના રોજ સારંગપુર તીર્થમાં પ્રતિવર્ષની જેમ ખૂબ ઉત્સાહ અને ભક્તિથી પુષ્પદોલોત્સવ યોજાયો હતો. પ્રતિવર્ષે ફાગણ વદ પડવા(ધુળેટી)ના દિવસે ઊજવાતો આ ઉત્સવ આ વર્ષે ચૈત્ર સુદ તેરશના દિવસે ઊજવાયો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે રંગાવા માટે દેશ-પરદેશના હજારો હરિભક્તો સારંગપુર ભણી ઊમટ્યા હતા, તેથી મંદિરનું પરિસર ભક્તો-ભાવિકોથી ઊભરાતું હતું. ભવ્ય બી.એ.પી.એસ. મંદિરના પ્રત્યેક ખંડમાં ઉત્સવને અનુરૂપ શણગારોથી ઠાકોરજી શોભી રહ્યા હતા. ઠાકોરજીની આરતી બાદ સ્વામીશ્રીએ મધ્યખંડમાં ધામ-ધામી-મુક્ત પર પિચકારી વડે રંગવર્ષા કરીને આજના ઉત્સવનો પ્રારંભ કર્યો.

દર વખતે ઊજવાતા પુષ્પદોલના વિશાળ મેદાનમાં રંગોત્સવ આયોજિત કર્યો હતો. અપરાહ્‌ને ૪:૦૦ વાગ્યાથી સૌને સભા-પ્રવેશ અપાયો હતો. પ્રવેશ વખતે જ સૌને પ્રસાદ-બોક્સ આપવામાં આવ્યાં હતાં. ઉત્સવને અનુરૂપ તથા 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'ને કેન્દ્રમાં રાખીને ભવ્ય મંચ તૈયાર કરવામાં આવ્યો હતો. દૂર દૂર બેઠેલા હરિભક્તો સભા-કાર્યક્રમોને સહજતાથી માણી શકે તે માટે બંને બાજુએ વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સાંજના ૫:૩૦ વાગ્યાથી સભાકાર્યક્રમ આરંભાયો. આજના અવસરને અનુરૂપ સંગીતજ્ઞ સંતોએ કીર્તન-ભક્તિની રમઝટ જમાવી ત્યારે વાતાવરણમાં રંગોત્સવની મસ્તીની ભરતી ચઢી હતી.

ઉત્સવ-સભામાં 'પુષ્પદોલોત્સવનો પૌરાણિક અને સાંપ્રદાયિક મર્મ' સમજાવતાં વિવેકસાગરદાસ સ્વામીએ કહ્યું: 'ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ-મહિમા

એવા પંચરંગવાળી શ્રીજીની પિચકારી વડે મહંત સ્વામી મહારાજ આખા વિશ્વમાં રંગ છાંટે છે. વિશ્વના અનેક દેશોમાં આ રંગ ઊડેલો છે. કોઈ દિવસ જાય નહીં એવો આ રંગ છે. પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત કહેતા, 'દુનિયાના રંગે તો બધાય રંગાય છે પણ ભગવાનના રંગે રંગાવાનું.''

આજનો રંગોત્સવ બે ચરણમાં વિભાજિત હતો. કાર્યકરોની સત્સંગ પ્રત્યેની અનન્ય નિષ્ઠા-સેવા અને સમર્પણને અંજલિ અર્પવા માટે આ વર્ષ 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' તરીકે ઊજવાઈ રહ્યું છે ત્યારે કાર્યકરોના સેવા-સમર્પણને બિરદાવતું પ્રથમ ચરણ આરંભાયું.

**● સેવા-સમર્પણનો રંગ**

સન ૧૯૭૨માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વિધિવત્ શરૂ કરેલી માળખાકીય સત્સંગપ્રવૃત્તિ આજે વિશ્વભરમાં વ્યાપી ચૂકી છે અને બી.એ.પી.એસ. સંસ્થાની કરોડરજ્જુ બનીને હજારો કાર્યકર્તાઓ દ્વારા અનેકવિધ સેવાઓમાં પોતાનું પ્રદાન-યોગદાન આપી રહી છે. કાર્યકરોના આ સેવા-સમર્પણ ભાવને વ્યક્ત કરતાં ઈશ્વરચરણદાસ સ્વામીએ કહ્યું: ''શ્રીજીમહારાજના સમયથી જ સ્વયંસેવકોની સેવાની પ્રવૃત્તિ રાત-દિવસ થતી આવી છે. પ્રમુખસ્વામી મહારાજે આ પ્રવૃત્તિને ખૂબ જ વેગ આપ્યો છે. માત્ર ભારતમાં જ નહીં, પણ સમગ્ર વિશ્વની અંદર સત્સંગપ્રવૃત્તિને વેગ આપ્યો છે.'

રોબિન્સવિલ (અમેરિકા) ખાતે અક્ષરધામની સેવામાં જોડાયેલા ૧૨,૫૦૦ સ્વયંસેવકો અને અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં ૮૦,૦૦૦ સ્વયંસેવકોએ કરેલી અનન્ય સેવાની સ્મૃતિ કરીને તેઓએ વિશેષમાં કહ્યું, 'બી.એ.પી.એસ. સંસ્થામાં આપ સૌ સ્વયંસેવકો રાત-દિવસ જોયા વગર પરિવાર અને નોકરી-ધંધાની જવાબદારીઓ વચ્ચે તન-મન-ધનથી ભીડો સહન કરીને મહિમાથી, ઉત્સાહથી, સંપથી સેવા કરો છો એ અદ્ભુત વાત છે. પ્રમુખસ્વામી મહારાજ અને આજે મહંત સ્વામી મહારાજ પણ તમારી સેવાની ખૂબ પ્રશંસા કરે છે. આપ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ છે.'

ત્યારપછી તેમણે લોકશાહીના મહાપર્વ ચૂંટણીને અનુલક્ષીને સૌને દેશના નાગરિક તરીકે મતદાનની નૈતિક ફરજ અદા કરવાની હાકલ કરી હતી.

**● અંતર અક્ષરધામ**

રંગોત્સવના દ્વિતીય ચરણનો મધ્યવર્તી વિચાર હતો – 'અંતર અક્ષરધામ.'

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં બે યુગકાર્યનાં આજે મંચ પર સૌને દર્શન થઈ રહ્યાં હતાં. તેમાં, એકબાજુ રોબિન્સવિલ અક્ષરધામની પ્રતિકૃતિ અને બીજી બાજુ અબુધાબી ખાતે નિર્માણ પામેલા બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની પ્રતિકૃતિ હતી. વચ્ચે સૂર્ય પ્રકાશી રહ્યો હતો. જ્યાં સુધી સૂર્ય -ચંદ્ર તપશે ત્યાં સુધી બી.એ.પી.એસ. સંસ્થાનો, અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ડંકો વાગતો રહે એવાં અદ્ભુત કાર્ય પૂજ્ય મહંત સ્વામી મહારાજે કર્યાં છે તે દર્શાવાઈ રહ્યું હતું. આ સાથે સ્વામીશ્રીના અંતરની ભાવના એ રહી છે કે બહાર તો આવાં ભવ્ય-દિવ્ય કાર્યો થાય, પરંતુ આપણે સ્વયં પણ અંતરમાં અક્ષરધામ ખડું કરીને સ્વયં અક્ષરધામરૂપ બનીએ...

પૂજ્ય સ્વામીશ્રીની આ અંતરતમ ભાવનાને પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રસંગોચિત વક્તવ્યમાં સ્પષ્ટ કરી: ''અંતઃકરણ શુદ્ધ કરવું એ બહુ જ અગત્યનું છે. આખી દુનિયામાં હૃદયની અશુદ્ધિના પ્રશ્નો છે. રામાયણની કથામાં આપણે સાંભળીએ છીએ કે કૈકયીના હૃદયમાં મંથરાએ ઈર્ષ્યા નાખી તો રામાયણ થયું. એ જ રીતે મહાભારતમાં દુર્યોધનના હૃદયમાં પાંડવો પ્રત્યે ઈર્ષ્યા હતી, તેમાંથી તકલીફ ઊભી થઈ. એટલે આપણે અંતર શુદ્ધ કરવાનું છે. આ વિચાર રહેવો જોઈએ. એટલે દરેકે આવા મહોત્સવમાંથી પોતાનો સુધારો કરવાનો છે. આ સંદેશ લઈએ તો સમગ્ર જીવન મહોત્સવ છે. આ સંદેશ ઉપર અંતર્દષ્ટિ કરીને પોતાની સુધારણા કરીએ તો મહોત્સવ ઊજવ્યો સાર્થક થશે.''

આજની રંગોત્સવ સભામાં સૌને સ્વામીશ્રીની રંગવર્ષામાં ભીંજાવાનો અવસર પ્રાપ્ત થયો હતો. સભાની શરૂઆતથી જ જાણે સ્વામીશ્રીની કૃપાવર્ષા વરસી રહી હતી. ઉનાળાની કાળઝાળ ગરમીમાં આકાશમાં વાદળોએ છાયા કરીને ઉત્સવની સાનુકૂળતા કરી આપી હતી. સ્વામીશ્રીએ આશીર્વર્ષામાં સૌને ભીંજવતાં જણાવ્યું: ''યોગીબાપાએ બધાના હૃદયમાં એવો રંગ ચઢાવ્યો છે કે એ કોઈ દિવસ ઊતરે એમ નથી. ઉપરનો રંગ તો થોડા દિવસ પછી ક્યાંય ઊડી જાય પણ અંતરનો રંગ ચઢાવવા માટે પ્રાપ્તિનો વિચાર કરવો પડે. પ્રાપ્તિના રંગથી આપણી કેટેગરી બદલાઈ જાય.

મહારાજ-સ્વામી અને ગુરુપરંપરા

બધાએ દાખડો કરીને આપણને આ ઉન્નત સ્થિતિએ પહોંચાડ્યા છે, તેમાંથી ક્યારેય પાછું પડવાનો વારો આવે જ નહીં. જન્મોજનમ કેટલી સાધના ને કેટલું બધું કર્યું છે, પણ કાંઈ કામમાં આવ્યું નહીં. કેમ કે રંગ હતો જ નહીં, પ્રાપ્ત થયો જ નથી. પછી આગળ વાત ક્યાંથી થાય? પણ આપણને હવે મહારાજ-સ્વામી મળ્યા, ગુરુપરંપરા બધા મળ્યા છે, હવે એમની લાજ જાય એવું ન કરવું. એવું વર્તન રાખવું કે મહારાજ-સ્વામી ખુશ થઈ જાય. અને પ્રાપ્તિના વિચાર સાથે આપણે વિશેષ ને વિશેષ રંગ ચઢાવીએ એ જ પ્રાર્થના.''

આશીર્વચનની સમાપ્તિ બાદ રંગોત્સવની ચરમસીમારૂપ ક્ષણ આવી પહોંચી. સૌપ્રથમ સ્વામીશ્રીએ પ્રાણપ્યારા અક્ષરપુરુષોત્તમ મહારાજનું વેદોક્ત પૂજન કરી, સુંદર નકશીદાર પિચકારી વડે તેઓને રંગભીના કર્યા. સામે અક્ષરપુરુષોત્તમ મહારાજના કરમાં ધારણ કરાવવામાં આવેલી પિચકારીમાંથી છૂટેલી રંગધારાઓથી સ્વામીશ્રી ભીંજાયા. પરસ્પર રંગવર્ષા બાદ ઠાકોરજીની આરતી થઈ અને વિવિધ સત્સંગ મંડળોએ ભક્તિપૂર્વક તૈયાર કરેલા કલાત્મક હાર સૌ વતી વરિષ્ઠ અને વડીલ સંતોએ સ્વામીશ્રીને અર્પણ કરીને આશીર્વાદ લીધા. સ્વામીશ્રીએ તેમના પર રંગવર્ષા કરી.

ક્ષિતિજ પર આથમતો સૂરજ કેસરી આભાથી આકાશને રંગી રહ્યો હતો, એ જ રીતે સૂર્ય સમાન સ્વામીશ્રી કેસરિયા રંગથી હરિભક્તોનાં તન-મન-અંતરને રંગવા ઉત્સુક હતા. તે માટે સ્વામીશ્રીનું આસન મંચની ધાર સુધી આવ્યું, સ્વામીશ્રીએ રંગવર્ષાની કમાન કરમાં ગ્રહી તે સાથે જ મંચના અગ્રભાગે ગોઠવવામાં આવેલી છ પિચકારીઓમાંથી ઠાકોરજીનાં પ્રાસાદિક કેસરિયા રંગની ધારાઓનો પ્રવાહ દૂર-દૂર સુધી વિસ્તરવા લાગ્યો. સંતો-સ્વયંસેવકોના માર્ગદર્શન મુજબ સૌ મંચની સમીપે આવવા લાગ્યા. વાતાવરણમાં ગુંજી રહેલાં કીર્તનોના તાલે સૌ હરિભક્તો-ભાવિકો આનંદ-ઉત્સાહથી કિલ્લોલ કરતા રંગની ધારાઓથી તરબતર થઈને અહોભાવ સાથે વિદાય લેતા હતા. સંતો પણ સ્વામીશ્રીની રંગવર્ષાથી અભિષિક્ત થયા હતા.

સતત બે કલાક કરતાં વધારે સમય સુધી સ્વામીશ્રીએ મંચ પરથી દિવ્ય દર્શનલાભ અને રંગની ઝડી વરસાવી સૌને કૃતકૃત્ય કરી દીધા હતા. સ્વામીશ્રીની રંગવર્ષાએ ૬૦,૦૦૦થી વધુ હરિભક્તો-ભાવિકોને ઉનાળાની કાળઝાળ ગરમીમાં આંતર-બાહ્ય રીતે શીતળતાનો અનુભવ કરાવ્યો હતો.

## ■ સ્વયંસેવક સભા

તા. ૧૮-૪-૨૦૨૪ના રોજ, પુષ્પદોલોત્સવની સેવામાં આવેલા ૩૫૦૦ સ્વયંસેવકોને વિશિષ્ટ લાભ પ્રદાન કરતી સ્વયંસેવક સભા યોજાઈ હતી. સભામાં સંતોએ પ્રેરણાસભર પ્રવચનોનો લાભ આપ્યો હતો. સ્વામીશ્રીએ સ્વયંસેવકોની સેવાને બિરદાવતાં ઉપદેશ-વચનો કહ્યાં: ''શ્રીજીમહારાજના વખતથી ઉત્સવ-સમૈયા ચાલ્યા આવે છે. દરેક સમૈયામાં દાસભાવ છુપાયેલો હોય છે. આ સમૈયામાં પણ દાસભાવ રાખીને બધાને આવકારવાના. બધાને પોતાનાં સગાંવહાલાં માનીને કામ કરવું. બધામાં દિવ્યભાવ રાખીને બધી સેવા-ભક્તિ કરવી. દિવ્યભાવ એ જ સમૈયો! દિવ્યભાવથી વિશેષ આનંદ થાય. માટે દિવ્યભાવ રાખીને વિશેષ આનંદ કરવો.'' ત્યારબાદ સ્વામીશ્રીએ તમામ સેવકો તથા હરિભક્તોને સમીપદર્શનથી લાભાન્વિત કર્યા હતા.

## ■ સ્મૃતિમંદિર પાટોત્સવ

તા. ૨૩-૪-૨૦૨૪ના રોજ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિમંદિરનો ૪૩મો પાટોત્સવ હતો. આ નિમિત્તે સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં સંતોએ શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરાવતાં કીર્તનોનું ગાન કરીને ભક્તિવંદના કરી હતી. પૂજા બાદ સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહ્યો: ''શાસ્ત્રીજી મહારાજ હતા એટલે આપણે બધા આજે છીએ. શાસ્ત્રીજી મહારાજે ઉપાસના માટે શૂરવીરતા દાખવી. આજે આપણે ઉપાસનાના રંગે નાચીએ, કૂદીએ છીએ એનું કારણ શાસ્ત્રીજી મહારાજ જ છે. આપણા બધામાં જોમ છે, શૂરવીરતા છે એ બધું ઉપાસનાના કારણે છે. તો શાસ્ત્રીજી મહારાજને લાખો-કરોડો-અબજો વંદન.''

આજના અવસરે સ્મૃતિમંદિરમાં અદ્‌ભુત સુશોભન સાથે શાસ્ત્રીજી મહારાજના ખંડથી માંડીને ઘુમ્મટના મધ્યથીય આગળ સુધી ભવ્ય અન્નકૂટ રચવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ અન્નકૂટ સાથે શાસ્ત્રીજી મહારાજની આરતી ઉતારી ભક્તિભાવ અર્પ્યો. ગુરુશિખરોમાં અન્નકૂટ સાથે શોભાયમાન ગુરુવર્યોને અભિવંદના કરી હતી.

## ■ બાળવિકાસ પર્વ

તા. ૨૮-૪-૨૦૨૪ના રોજ સારંગપુર, બોટાદ અને પાટણા ક્ષેત્રના બાળકોનું 'બાળવિકાસ પર્વ' યોજાયું હતું. આ પર્વનો લાભ લેવા ઊમટેલા બાળકોને સ્વામીશ્રીએ દર્શન-આશિષ



અર્પી તેઓ પર રાજીપો વરસાવ્યો હતો. આ પર્વમાં વર્કશોપ માટે તૈયાર કરવામાં આવેલી 'આનંદ કિલ્લોલ' પુસ્તિકાનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું હતું.

## ■ કાર્યકર દિન

તા. ૩૦-૪-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં કાર્યકરોએ 'સો સો જનનીનાં હેત લાજે...' મધ્યવર્તી વિચાર સાથે 'કાર્યકર દિન' ઊજવ્યો હતો. ધૂન-પ્રાર્થનાથી આરંભાયેલી સભામાં સંતોએ પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો. સભામાં પધારેલા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું કાર્યકરોએ શાનદાર રીતે સ્વાગત-અભિવાદન કર્યું હતું. સભાના મુખ્ય કાર્યક્રમ રૂપે સંવાદ રજૂ થયો હતો. જેમાં મુખ્યત્વે સ્વામીશ્રીનો 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' ઊજવવાનો ઉત્સાહ વાણીમાં, વર્તનમાં અને વિચારમાં કેવો છે? તે વિવિધ માધ્યમોથી દર્શાવાયું હતું. સંવાદ બાદ કાર્યકરો દ્વારા આદર્શ કાર્યકર બનવા સંબંધી પુછાયેલા પ્રશ્નોના સ્વામીશ્રીએ સચોટ ઉત્તરો આપી તેઓનું માર્ગદર્શન કર્યું હતું. અંતે, અક્ષરપુરુષોત્તમ મહારાજને સમૂહ આરતી-અર્ઘ્ય અર્પ્યા બાદ સુશોભિત રથમાં બિરાજીને સ્વામીશ્રીએ કાર્યકરોની મધ્યેથી પસાર થતાં વિદાય લીધી. સ્વામીશ્રીનાં સમીપદર્શનનો લહાવો લઈ રહેલા કાર્યકરો પર પુષ્પપાંદડીઓની વર્ષા કરીને તેઓને વધાવવામાં આવ્યા.





## ■ સંતશિબિર

તા. ૨૪ થી ૨૭ એપ્રિલ અને ૧૫ થી ૧૮ મે દરમ્યાન સારંગપુરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં 'આંતરરાષ્ટ્રીય સંતશિબિર' યોજાઈ હતી. 'અંદર અક્ષરધામ' કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાયેલી આ શિબિરનો લાભ પ્રાપ્ત કરવા માટે દેશ-પરદેશથી પધારેલા સંતોને વરિષ્ઠ સંતો તેમજ વડીલ સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં બોધવચનો કહ્યાં હતાં. શિબિરના વિવિધ સત્રમાં રજૂ થયેલા પ્રેરણાત્મક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને સ્વામીશ્રીએ દિવ્ય આધ્યાત્મિક લાભમાં દર્શન-પ્રસાદી-વાતો-મળવું અને રંગોત્સવના લાભથી સૌ સંતોને ધન્ય ધન્ય કરી દીધા હતા. આમ, સારંગપુરધામ સંતોથી ધન્ય થઈ ગયું.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# ઑસ્ટ્રેલિયાની રાજધાની કેનબેરા અને ગટ્ટોન શહેરમાં નવનિર્મિત બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠા ઉત્સવ



ગુણાતીત ગુરુવર્યોની નિશ્રામાં સનાતન હિન્દુ સંસ્કૃતિના શાશ્વત સંદેશને વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડનાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ આધ્યાત્મિકતાનું એક મોજું પ્રસરાવ્યું છે. આદિવાસીઓથી લઈને વિદેશીઓ સુધી સંસ્કૃતિની સંસ્કાર-સરિતા વહાવનાર વિશ્વવંદનીય ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી તાજેતરમાં ઓસ્ટ્રેલિયા દેશની રાજધાની કેનબેરા શહેરમાં તેમજ ગટ્ટોન શહેરમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામ્યું છે. તાજેતરમાં યોજાયેલા આ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની ઝલક અહીં પ્રસ્તુત છે...

ઑસ્ટ્રેલિયાની સૌથી ઊંચી પર્વતમાળાના ઉત્તરીય છેડે આવેલા ખૂબસૂરત શહેર અને આ દેશની રાજધાની એવા કેનબેરા શહેરમાં વર્ષોથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગ ગતિમાન છે. સત્સંગની ઊઘડતી જતી ક્ષિતિજને વધુ વેગ આપવા અહીં નૂતન મંદિરની આવશ્યકતા ઊભી થઈ. યોગ્ય ભૂમિ સંપાદિત થતાં ઉત્સાહી હરિભક્તોના સેવા-સહયોગ અને પુરુષાર્થથી અહીં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર અને કોમ્યુનિટી સેન્ટર નિર્માણ પામ્યું છે. તેમાં પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે ભારતથી પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને સંતમંડળ અહીં પધાર્યું હતું. તા. ૧૪-૩-૨૦૨૪ના રોજ સંતોનું કેનબેરા સત્સંગમંડળે ભક્તિભાવપૂર્વક મંદિરમાં સ્વાગત કર્યું. દ્વિતીય દિને સવારે મંદિરના સુશોભિત પરિસરમાં વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ખૂબ ઉત્સાહપૂર્વક ભક્તો-ભાવિકોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને સમાજની સુખાકારી માટે પ્રાર્થના કરી. યજ્ઞવિધિમાં ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના ૧૫૦ બાળકોએ સત્સંગદીક્ષા શાસ્ત્રના સંસ્કૃત શ્લોકોનું પઠન કર્યું ત્યારે સૌને અનુભવાયું કે વિદેશની ભૂમિ પર પાંગરતી નવી ભારતીય પેઢીને સ્વામીશ્રીએ સુસંસ્કૃત બનાવવાનો કેવો ભગીરથ પુરુષાર્થ કર્યો છે! યજ્ઞની પૂર્ણાહુતિ બાદ મહિલાપાંખ દ્વારા શાનદાર મહિલા સંમેલન યોજાયું, જેમાં પ્રભાવક કાર્યક્રમોની પ્રસ્તુતિના અંતે બહેનોએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની ભક્તિતુલા યોજીને વિશેષ સમર્પણ કર્યું હતું. આજે સંધ્યાસભામાં સંગીતજ્ઞ સંતોએ કીર્તનોનું સુમધુર સ્વરે ગાન કરીને ભક્તિસંગીતની રંગત જમાવી હતી. ઉપસ્થિત સૌએ

ભારતીય સંગીતની મોજ માણી હતી.

તા. ૧૬-૩-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર નગરયાત્રા જળભર્યાં વાદળો નીચે હરિયાળા અને સ્વચ્છ-સુઘડ રાજમાર્ગો પર નીસરી, જેનો પ્રસ્થાનવિધિ સ્થાનિક અગ્રણી લોકસેવકો, અધિકારીઓ, વિવિધ સમાજના અગ્રણીઓએ કર્યો. આ નગરયાત્રામાં ધ્વજ ફરકાવતા યુવાનો, ભજનની સૂરાવલિ વહાવતું બેન્ડ, ગુજરાતી પરિવેશમાં રાસની રમઝટ બોલાવતું કિશોર અને યુવાવૃંદ, ધૂન-ભજન રેલાવતા હરિભક્તો વચ્ચે સુશોભિત રથમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓએ કલ્યાણમય દૃષ્ટિ દ્વારા સૌના અંતરમાં શીતળતા પાથરી દીધી. અન્ય કલાત્મક રથમાં વિરાજમાન રાધાકૃષ્ણદેવ, શિવપાર્વતીજી, હનુમાનજી-ગણપતિજી દર્શનદાન આપી રહ્યા હતા. માંગલિક વસ્ત્રોમાં સજ્જ પોથીધારી યુવતીઓ, કળશધારી બહેનો, ભક્તિભજન કરતી બહેનો સહિતની આ શોભાયાત્રાએ સ્થાનિક લોકોમાં કુતૂહલ જગાવ્યું હતું. અંતે શોભાયાત્રા મંદિરમાં વિરામ પામી ત્યારે સૌએ આરતી અર્ઘ્ય અર્પણ કરીને ઠાકોરજીને વધાવ્યા હતા. સંધ્યા સમયે યોજાયેલી સમર્પણ સભામાં સંતોએ ભક્તો-ભાવિકોની સેવાને બિરદાવી હતી.

કેનબેરામાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓનો વૈદિક પ્રતિષ્ઠા વિધિ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે અમદાવાદમાં તા. ૧૧-૧-૨૦૨૩ના રોજ કર્યો હતો. તે મૂર્તિઓનો સ્થાપનવિધિ કેનબેરા મંદિરમાં પૂજ્ય આનંદસ્વરૂપદાસ તથા સંતોની ઉપસ્થિતિમાં તા. ૧૭-૩-૨૦૨૪ના રોજ સવારે વૈદિક મહાપૂજા પછી સંપન્ન થયો હતો. ત્યારબાદ આયોજિત પ્રાસંગિક સભામાં ડૉ. એન્ડ્રુ લેઈ (એમ.પી.), શ્રી એન્થોની અલ્બેનીઝ (સહાયક મંત્રી, સ્પર્ધા, ચેરિટીઝ અને ટ્રેઝરી), શ્રી એન્ડ્રુ બાર (મંત્રી, ઑસ્ટ્રેલિયન કેપિટલ ટેરિટરી), શ્રી સુનિત મહેતા (ડેપ્યુટી હાઈકમિશનર, ભારત) ઉપસ્થિત રહ્યા હતા. સૌએ બી.એ.પી.એસ. સંસ્થા અને સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવાભાવનાને બિરદાવીને અહીંના અનેક પ્રદેશોના વિકાસમાં ભારતીય સમુદાયના યોગદાનની પ્રશંસા કરી હતી. આજે અહીં રચાયેલા કોમ્યુનિટી સેન્ટરનું પણ ઉદ્‌ઘાટન થયું હતું.

ઑસ્ટ્રેલિયાની રાજધાની કેનબેરા ખાતે યોજાયેલા બી.એ.પી.એસ. મંદિર પ્રતિષ્ઠા ઉત્સવનાં વિવિધ દૃશ્યોઃ શાનદાર શોભાયાત્રા, પ્રતિષ્ઠાવિધિ કરતા આનંદસ્વરૂપદાસ સ્વામી, તેમજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રાસંગિક સમારોહ...














## ગટ્ટોન શહેરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ઑસ્ટ્રેલિયાના ક્વિન્સલેન્ડ રાજ્યમાં આવેલા ગટ્ટોન શહેરમાં રચાયેલા નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો.

ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી અહીં વિચરણ કરતા સંતો અને કાર્યકરોના ઉત્સાહથી અહીં વસતા ભારતીયોમાં સત્સંગ અભિવૃદ્ધિ પામ્યો છે. ભક્તો-ભાવિકોમાં આધ્યાત્મિક સ્પંદનો પ્રતિધ્વનિત થતાં રહ્યાં અને સૌને અંતરમાં ઉમળકો જાગ્યો અને સૌના પુરુષાર્થથી નૂતન મંદિર નિર્માણ પામ્યું.

પ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૭-૨-૨૦૨૪ના રોજ ગટ્ટોન મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ. સીઆર માઈકલ હેગન, ક્વીન્સલેન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર જેકી હનીવુડ વગેરે મહાનુભાવોએ શોભાયાત્રામાં જોડાઈને ધન્યતા અનુભવી. સંધ્યાસભામાં સંતો અને યુવાનોએ ભજનો રેલાવ્યાં હતાં. દ્વિતીય દિને સવારે વૈદિક મહાપૂજા બાદ પરમચિંતનદાસ સ્વામી અને અન્ય સંતોએ મૂતિપ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. પ્રાસંગિક સભામાં શ્રી જીમ મેકડોનાલ્ડ (એમપી, ક્વિન્સલેન્ડ) ઉપસ્થિતિ રહ્યા હતા. આમ, ઑસ્ટ્રેલિયામાં વસતા ભારતીયોમાં ભારતીય સનાતન સંસ્કૃતિના સંસ્કારોનું જતન કરતાં વધુ બે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોનું નિર્માણ કરીને ગુરુહરિ મહંત સ્વામી મહારાજે અનેક મુમુક્ષુઓ માટે કલ્યાણની વાટ સુલભ કરી છે. ◆

## અભિનંદન

**બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી તારલાને અભિનંદન...**

### પૂજ્ય વિનાયક ભગત, સારંગપુર : પીએચ.ડી. થયા...



બી.એ.પી.એસ. મંદિર, સારંગપુરમાં અભ્યાસ કરી રહેલા પૂજ્ય વિનાયક ભગતે ‘‘An Analysis of the roots of the Śrīmadbhagavadgītā–Svāminārāyaṇa Bhāṣyam and its contributions to Indian Philosophy’’ વિષય પર અંગ્રેજી ભાષામાં મહાનિબંધ રચીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. આ મહાનિબંધમાં તેઓએ સમજાવ્યું છે કે મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતા-સ્વામિનારાયણ ભાષ્યમાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતોનો મૂળ સ્રોત પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત વચનામૃત છે. વળી, ભારતીય દર્શનક્ષેત્રે આ ભાષ્યગ્રંથ અનેક નવા દૃષ્ટિકોણનું પ્રદાન કરે છે તે સંબંધી વિમર્શ પણ આ શોધપ્રબંધમાં કરવામાં આવ્યો છે. તેઓને આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન.


**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, અટલાદરા-વડોદરા** — **પ્રવેશ અંગે**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય અટલાદરા-વડોદરામાં જૂન ૨૦૨૪થી શરૂ થતા નવા સત્રમાં ધોરણ ૧૧,૧૨ અને કૉલેજના કોઈપણ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શકશે. પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ ઑફિસ સમયમાં પિતા/વાલી સાથે રૂબરૂ મળવાનું રહેશે. **ઑફિસ સમય:** સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૬

**સરનામું :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, V3 લેન્ડમાર્કની સામે, અટલાદરા-વડોદરા. મો. ૯૯૯ ૮૯૯ ૧૦૩૬

**બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમી, UPSC નૂતન બેચ, અટલાદરા-વડોદરા** — **પ્રવેશ અંગે**

તેજસ્વી યુવક-યુવતી નિષ્ઠાવાન અધિકારી બની રાષ્ટ્રસેવામાં જોડાય તે હેતુથી બી.એ.પી.એસ. દ્વારા અટલાદરા-વડોદરા ખાતે ‘બી.એ.પી.એસ. પ્રમુખ ઍકેડેમી’ કાર્યરત છે. હાલ UPSC સિવિલ સર્વિસીસની તૈયારી માટે નૂતન બેચની એડમિશન પ્રક્રિયા પ્રારંભ થઈ ચૂકી છે. પ્રવેશ માટે ડિટેઇલ્ડ નોટિફિકેશન પ્રમુખ ઍકેડેમીની વેબસાઇટ www.pramukh.academyના હોમપેજ પર પ્રાપ્ત થશે. ઉત્સુક વિદ્યાર્થીએ નોટિફિકેશન વાંચીને ફૉર્મ ભરવું. વિશેષ માહિતી માટે ૯૯૯૮૯૯૨૮૭૬ પર સંપર્ક કરવો.

# ઑસ્ટ્રેલિયાના ગવર્નર-જનરલ શ્રી ડેવિડ હર્લી રાજધાની કેનબેરા ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરની દર્શન-મુલાકાતે





તાજેતરમાં ઑસ્ટ્રેલિયા ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ કેનબેરામાં નૂતન મંદિર અને કોમ્યુનિટી સેન્ટરનું નિર્માણ કર્યું તેના ઉદ્‌ઘાટનમાં ઑસ્ટ્રેલિયાના ગવર્નર-જનરલ ડેવિડ હર્લી સપત્ની ઉપસ્થિત રહ્યા હતા. તેમનું સ્વાગત પણ ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ તિલક ચાંદલો, નાડાછડી અને ફૂલહારથી કરવામાં આવ્યું હતું.

મંદિરમાં ગવર્નર જનરલશ્રી અને શ્રીમતી હર્લીએ શ્રી નીલકંઠ વર્ણી મહારાજ પર જલાભિષેક કર્યો અને શાંતિ તથા સંવાદિતા માટે પ્રાર્થના કરી.

ગવર્નર શ્રી ડેવિડ હર્લીએ મંદિરમાં સંબોધન કરતાં કહ્યું, ''આવાં મંદિરોની સુંદરતામાં માણસની આંતરિક શ્રદ્ધા છલકાય છે. ભવિષ્યમાં કેનબેરાની મુલાકાત લેનારા મુલાકાતીઓ અને મિત્રો માટે હું ચોક્કસ આ મંદિરને ટૂર-લિસ્ટમાં મૂકીશ. હું તેમને કહીશ કે હવે અમારી પાસે ખાલી સંસદ જ નથી, પરંતુ અહીં આશ્ચર્યજનક આર્કિટેક્ચર અને નકશી કામથી ભરપૂર એક મંદિર છે, જેનું દર્શન તમારા મનમાં પ્રફુલ્લિતતા ભરી દેશે અને બીજું એ કે ઉચ્ચ કોટિનું જીવન કેવી રીતે જીવવું તેનો મહત્ત્વપૂર્ણ સંદેશ તે આપે છે.'

કળા અને સંગીતમાં રસ ધરાવતાં ગવર્નરનાં ઉત્સાહી પત્ની શ્રીમતી હર્લીએ સ્વરચિત એક ગીત રજૂ કર્યું તેમાં તેમણે મંદિરનાં સૌંદર્ય અને સારને સુંદર રીતે વણી લીધાં હતાં. ભાવુક થઈ ગયેલાં શ્રીમતી હર્લીએ કહ્યું, 'હું ખરેખર ખૂબ જ લાગણીશીલ થઈ ગઈ છું. ઉત્સાહથી ભરપૂર તમારી સંસ્થા કેટલી અદ્‌ભુત છે અને તમે કેટલું સુંદર મંદિર બનાવ્યું છે! તમારો ધર્મ અને તેના માટે તમારી શ્રદ્ધા વિશે ઊંડી સમજ આપવા બદલ તમારો આભાર.'

મંદિરની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય મેળવતી મુલાકાત દરમ્યાન ગવર્નર જનરલશ્રીએ બાળકો અને યુવકોના સંસ્કાર-શિક્ષણ માટે સમર્પિત વર્ગખંડો નિહાળ્યા ત્યારે ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સ્વયંસેવકોએ મંદિરમાં શીખવાતા ગુજરાતી ભાષાના પાઠ અંગેના તેમના અંગત અનુભવો જણાવ્યા ત્યારે ગવર્નર જનરલશ્રી તેમજ શ્રીમતી હર્લીએ થોડા ગુજરાતી શબ્દો શીખવાની મોજ માણી હતી.

આ મુલાકાત દરમિયાન, ગવર્નર જનરલશ્રી અને તેમનાં પત્નીએ મૂલ્યો અને કલા-કૌશલ્યના સંવર્ધનમાં મંદિરોની ભૂમિકાને વિશેષ સમજી હતી. તેમણે યુવકો દ્વારા રજૂ કરાયેલા સંગીતના કાર્યક્રમને માણ્યો તેમજ સત્સંગ દીક્ષા ગ્રંથના શ્લોકો રજૂ કરતી કલાકૃતિઓના પ્રદર્શનને રસપૂર્વક નિહાળ્યા પછી પ્રસન્નચિત્તે વિદાય લીધી. ◆

# અબુધાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિર તેમજ ગાંધીનગર અક્ષરધામની દર્શન-મુલાકાતે પધાર્યા વિવિધ દેશોના વડાઓ...





## સેન્ટ કિટ્સ એન્ડ નેવિસના વડાપ્રધાન અબુધાબીના બી.એ.પી.એસ. મંદિરનાં દર્શને

કેરેબિયન સમુદ્રના દ્વીપસમૂહમાં આવેલા સેન્ટ કિટ્સ અને નેવિસ દેશના વડાપ્રધાનશ્રી ડૉ. ટેરેન્સ ડ્રુ, તેમનાં ધર્મપત્ની ડાયની પ્રિન્સ-ડ્રુ, રાજદૂતશ્રી ડૉ. નીલ પરસન તથા શ્રી અલ સાઉદ હસન બક્ષ તા. ૯-૪-૨૦૨૪ના રોજ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અબુધાબી ખાતે દર્શનાર્થે પધાર્યા હતા. પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ તેઓનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેમણે આ મંદિરના કલાવૈભવમાં સમાહિત વૈશ્વિક સંદેશને મન ભરીને માણ્યો હતો. મુલાકાત પૂરી થતાં, વડાપ્રધાને અબુધાબીના શાસકોના ઉદાર દૃષ્ટિકોણની પ્રશંસા કરી વધુમાં જણાવ્યું કે વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક સમુદાયો શાંતિપૂર્ણ રીતે સાથે રહી શકે તેવું વાતાવરણ સર્જીને યુ.એ.ઈ.ના શાસકોએ પ્રશંસનીય ઉદાહરણ સ્થાપિત કર્યું છે. બી.એ.પી.એસ. મંદિરના સંવાદિતાના સંદેશને અપનાવવાની યુ.એ.ઈ.ની પહેલને વિશ્વનાં અન્ય રાષ્ટ્રો પણ અનુસરે તેવું વિશ્વને આહ્‌વાન છે. તેમણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ વિશે કહ્યું, 'મને લાગે છે કે માનવતાના કાર્યને વૈશ્વિક સ્તરે લઈ જનાર આવા આધ્યાત્મિક નેતાઓની આજે આપણને ખાસ જરૂર છે.' ◆

## અક્ષરધામ ગાંધીનગરની દર્શન-મુલાકાતે પધાર્યા ન્યુઝીલેન્ડના નાયબ વડાપ્રધાન અને નેતાઓ

તા. ૧૧-૩-૨૦૨૪ના રોજ ન્યુઝીલેન્ડના નાયબ વડાપ્રધાન અને વિદેશમંત્રી શ્રી વિન્સ્ટન પીટર્સ અને તેમનું પ્રતિનિધિમંડળ તથા ભારતમાં કાર્યરત ન્યુઝીલેન્ડના હાઈ કમિશનર ડેવિડ પાઈન્સ સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરની દર્શન-મુલાકાતે પધાર્યા હતા.

પૂજ્ય વિશ્વવિહારીદાસ સ્વામીએ તેઓનું સ્વાગત કર્યું હતું. સ્વયંસેવકોએ સંસ્કૃતિના આ અપ્રતિમ સંકુલની ઝાંખી કરાવી હતી. નાયબ વડાપ્રધાનશ્રીએ શ્રી નીલકંઠવર્ણી પર જલાભિષેક કરીને મંગલ પ્રાર્થના કરી હતી. અક્ષરધામ મહામંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરીને સૌએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. અક્ષરધામ સંકુલના પ્રેરણામૂર્તિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવન અને કાર્ય વિષયક જાણકારી મેળવીને તેઓ વિશેષ પ્રભાવિત થયા હતા. તેઓશ્રીએ અનુભૂતિ જણાવતાં કહ્યું, 'અહીં આપેલા સંદેશાઓથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. ન્યુઝીલેન્ડમાં બી.એ.પી.એસ. દ્વારા ભવિષ્યમાં પરંપરાગત શૈલીનું પથ્થરનું મંદિર રચાય તે માટે હું ઉત્સુક છું.' તેમણે નોંધપોથીમાં લખ્યું કે 'આ વિશિષ્ટ મુલાકાત અને માર્ગદર્શન માટે આપનો અંતઃકરણપૂર્વક આભાર.' ◆

# બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોએ આફ્રિકામાં નૈરોબીમાં યોજાયેલી યુનોની ૬૯મી સિવિલ સોસાયટી કોન્ફરન્સમાં ભાગ લીધો



પૂર્વ આફ્રિકામાં કેન્યાના મહાનગર નૈરોબી ખાતે તા. ૯ અને ૧૦ મે, ૨૦૨૪ના રોજ યુનો – સંયુક્ત રાષ્ટ્રની ૬૯મી સિવિલ સોસાયટી કોન્ફરન્સનું આયોજન થયું હતું. તેમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્વયંસેવકો ગૌરવપૂર્વક જોડાયા હતા.

હજારો સંસ્થાઓના સૂત્રધારો, એકેડેમિક ક્ષેત્રના ધુરંધરો, સરકારી અધિકારીઓ, પરિવર્તનકારી પ્રતિભાશાળી યુવાઓ, મીડિયાના સિતારાઓ તેમજ વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોને એક જ પ્લેટફોર્મ પર લાવતી આ કોન્ફરન્સમાં, 'Shaping a Future Global and Sustainable Progress' વિષય સાથે વિવિધ વૈશ્વિક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. તેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, હવામાનનાં પરિવર્તનો, યુવા રોજગાર, સમાનતા અને ભ્રષ્ટાચાર વિરોધી વિષયોને આવરી લેવાયા હતા. આગામી ૨૨-૨૩ સપ્ટેમ્બર દરમિયાન ન્યૂયોર્કમાં યુનોના મુખ્ય મથક ખાતે યોજાનાર 'સમિટ ઓફ ધ ફ્યુચર' એજન્ડાના એક પૂર્વભાગ રૂપે આ કોન્ફરન્સ યોજાઈ હતી.

બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોએ 'The Future is Now - Involving Youth in Shaping our World' શીર્ષકવાળા પ્રદર્શન દ્વારા વિશ્વના નેતાઓને સંદેશ આપ્યો હતો કે યુવાનોનો સાથ લીધા વગર અસરકારક પરિવર્તન શક્ય નથી. વિશ્વના આપત્તિકાળમાં બી.એ.પી.એસ. સંસ્થાના યુવાનોએ નિઃસ્વાર્થભાવે કરેલી સેવાનાં ઉદાહરણો વીડિયો દ્વારા રજૂ કરીને વિશ્વભરના યુવાનોને સામાજિક સેવાઓમાં જોડાવા આહ્‌વાન કર્યું હતું. બી.એ.પી.એસ. સંસ્થાના પ્રતિનિધિ શ્રી ધર્મેશ વ્યાસે જણાવ્યું હતું કે 'યુનો સાથે બી.એ.પી.એસ.ના ગાઢ સંબંધો અને સાથે મળીને માનવ-ઉદ્ધારનાં કાર્યો કરવાનું મને ગૌરવ છે. રોબિન્સવિલ, ન્યુજર્સીમાં બી.એ.પી.એસ. અક્ષરધામ અને અબુધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના નિર્માણમાં સ્વયંસેવકોએ કરેલી નિઃસ્વાર્થ સેવા તેનાં તાજેતરનાં ઉદાહરણો છે.' બી.એ.પી.એસ. સંસ્થાની યુવા પ્રતિનિધિ રિયા પટેલે જણાવ્યું હતું કે 'આધુનિક સાધનોથી સજ્જ આજનો યુવાન વિશ્વના આવતીકાલના નવ નિર્માણ માટે સજ્જ છે.'

ઉલ્લેખનીય છે કે પરિષદમાં ભાગ લેનારા ૧૪૦થી વધુ દેશોના ૩૦૦૦ પ્રતિનિધિઓમાં ૪૦ ટકા યુવાનો હતા. યુનોના યુવા બાબતોના આસિ. સેક્રેટરી-જનરલ ફેલિપ પૌલિયરે ઘોષણા કરી હતી, 'યુવાનોની ભાગીદારી પર હવે પ્રશ્ન ઉઠાવી શકાય નહીં.'

આમ, બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોએ યુનો દ્વારા આયોજિત આ પરિષદમાં ભાગ લઈને સંસ્થા અને યુવાનોનું ગૌરવ વધાર્યું હતું. ◆

# દક્ષિણ અમેરિકા ખંડના આર્જેન્ટિના, એક્વાડોર, ચીલી, ગયાના, ઉરુગ્વે, પેરાગ્વે અને બ્રાઝિલ દેશમાં યોજાયું સંત વિચરણ





પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતોનું દક્ષિણ અમેરિકા ખંડના આર્જેન્ટિના, એક્વાડોર, બ્રાઝિલ, ચીલી, ગયાના, ઉરુગ્વે અને પેરાગ્વે દેશમાં સત્સંગ વિચરણ યોજાઈ ગયું. આ દેશોમાં પૂર્વે સન ૨૦૧૯ અને ૨૦૨૨માં પણ પૂજ્ય સંતોએ પધારીને સત્સંગસભાઓ યોજીને વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં બીજ વાવ્યાં હતાં. આ વર્ષે શિકાગો ખાતે બી.એ.પી.એસ. મંદિરનું સંચાલન કરી રહેલા પૂજ્ય પ્રિયસેવાદાસ સ્વામી અને ભક્તિસ્વરૂપદાસ સ્વામીએ પુનઃ તા. ૫ થી ૧૩ માર્ચ, ૨૦૨૪ દરમ્યાન આ દેશોમાં સત્સંગયાત્રા કરીને ભારતીય સંસ્કૃતિ અને સ્વામિનારાયણીય સંદેશ પ્રસરાવ્યો હતો.

ચીલી, આર્જેન્ટિના, ઉરુગ્વે અને બ્રાઝિલમાં સંતોએ સત્સંગસભાઓનું આયોજન કર્યું હતું. આ સત્સંગ કાર્યક્રમોમાં સંતોએ શ્રીમદ્ ભગવતગીતા ગ્રંથ વિષયક બોધનો લાભ આપીને ઉપસ્થિત ભારતીયોમાં સંપ, સુહૃદભાવ અને એકતાની ભાવનાને દૃઢાવી હતી. વળી, ઝડપી અને તણાવભર્યા જીવનની ઘટમાળમાં સમય કાઢીને સૌને એક સ્થળે એકઠા થઈને સત્સંગસભા કરવાની પ્રેરણા પણ આપી હતી. સત્સંગ કાર્યક્રમોની સાથે સાથે સંતોએ ભક્તો-ભાવિકોનાં ઘર અને ઑફિસોમાં પણ પધરામણીઓ કરીને સૌને સદાચાર અને વ્યસનમુક્તિની વ્યક્તિગત પ્રેરણાઓ પણ આપી હતી.

ચીલીમાં સત્સંગ વિચરણ દરમ્યાન ભારતીય દૂતાવાસના ઉપ-સચિવ અને રાજદૂતનો કાર્યભાર સંભાળતા શ્રી શુબાન ક્રિશ્ન સાથે ગોષ્ઠિસભા યોજાઈ હતી. આર્જેન્ટિનામાં પણ સંતોએ ભારતીય રાજદૂત શ્રી દિનેશ ભાટિયા સાથે આધ્યાત્મિક વાર્તાલાપ કર્યો હતો. આ સત્સંગ વિચરણના અંતિમ દોરમાં બ્રાઝિલમાં સાઓ પાઉલો શહેરમાં સત્સંગસભા યોજાઈ હતી, જેમાં સંતોએ ઉપસ્થિત ભક્તો-ભાવિકોને જીવનમાં સત્સંગ-ભક્તિ દૃઢ કરવાનો સંદેશ પાઠવ્યો હતો.

આ વિચરણ દ્વારા સંતોએ દક્ષિણ અમેરિકા ખંડના દેશોમાં વસતા ભારતીયોના હૃદયમાં મુરઝાતી જતી સાંસ્કૃતિક અસ્મિતાને જાગ્રત અને સુદૃઢ કરી. પરિણામે સૌમાં શ્રદ્ધા, ભક્તિ, કરુણાનાં પુષ્પ અંકુરિત થયાં અને સનાતન હિન્દુ ધર્મ પ્રત્યેનું ગૌરવ વિશેષ પરિપક્વ બન્યું હતું, જે ભવિષ્યમાં ભારતીય સમાજને મજબૂત કરીને સંગઠિત કરવાનું મહત્ત્વનું કામ કરશે. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા દક્ષિણ અમેરિકા ખંડના દેશોમાં ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મના અજવાળાં પ્રસરાવવાનો આ નમ્ર પ્રયાસ ભવિષ્યમાં વધુ પ્રકાશ પાથરશે. ◆

# મલેશિયા ખાતે યોજાયેલી વિશ્વભરના ધાર્મિક વિદ્વાનોની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં બી.એ.પી.એસ. સંસ્થાનું પ્રતિનિધિત્વ



વિશ્વના ધાર્મિક સમુદાયોમાં એકતા સ્થપાય તે માટે સમયે સમયે વિવિધ આંતરરાષ્ટ્રીય પરિષદો યોજાતી રહે છે. તેમાં તાજેતરમાં એક નોંધપાત્ર આંતરરાષ્ટ્રીય ધર્મ પરિષદ યોજાઈ ગઈ - મલેશિયા ખાતે. મલેશિયાના વડાપ્રધાનશ્રી દાતુક અનવર ઈબ્રાહિમ અને મુસ્લિમ વર્લ્ડ લીગ(MWL)ના સેક્રેટરી જનરલ શેખ ડૉ. મોહમ્મદ અબ્દુલકરીમ અલ-ઈસાએ સંયુક્તપણે ૭ મે, ૨૦૨૪ના રોજ મલેશિયાના કુઆલાલમ્પુર ખાતે આ આંતરરાષ્ટ્રીય ધર્મ પરિષદનું આયોજન કર્યું હતું. વિવિધતામાં એકતા, વૈશ્વિક સંવાદિતાને પ્રોત્સાહન આપવા યોજાયેલી આ પરિષદમાં ૬૦ દેશોના ૨૦૦૦થી વધુ ધર્મગુરુઓ અને વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વના આ ભાગમાં કદાચ આ સૌ પ્રથમ આટલી મોટી આંતરરાષ્ટ્રીય પરિષદ હતી.

સનાતન હિન્દુ ધર્મ, ભારત અને યુ.એ.ઈ.ના પ્રતિનિધિ તરીકે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી આ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પરિષદમાં મલેશિયાના વડાપ્રધાને ઉદ્‌ઘાટન પ્રવચનમાં કહ્યું કે આ પરિષદનો હેતુ સંવાદિતાનો સંદેશ વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડવાનો છે. તે સંદેશને અમલી બનાવવા માટે ધર્મગુરુઓએ મુખ્ય ભૂમિકા અદા કરવી પડશે. તેમણે સક્રિય રહીને વિભાજિત થતા વિશ્વના સેતુ બનવું પડશે.

મુસ્લિમ વર્લ્ડ લીગના સેક્રેટરી જનરલ શેખ ડૉ. અલ-ઈસાએ તેમના કીનોટ પ્રવચનમાં કહ્યું હતું કે સંસ્કૃતિ અને સભ્યતાઓના સંઘર્ષને ટાળવા, તેમજ શાંતિ અને સંવાદિતાને પ્રોત્સાહિત કરવા ધર્મગુરુઓએ તેમજ ધર્મનું શિક્ષણ આપતા લોકોએ આ જવાબદારી ઉઠાવી લેવી પડશે. ધર્મનું પ્રતિનિધિત્વ ફક્ત એવા લોકોના શિરે જ હોવું જોઈએ જેઓ ધર્મનાં મૂલ્યોને વળગી રહે છે અને બીજા દ્વારા ગેરમાર્ગે દોરાતા કે ઉશ્કેરાતા નથી.

શેખ ડૉ. અલ-ઈસાનું પ્રવચન હૃદયસ્પર્શી હતું અને વિશ્વમાં શાંતિ અને સંવાદિતા જાળવી રાખવામાં ધર્મ અને ધર્મગુરુની ભૂમિકા શું હોઈ શકે તેની ઉપર પ્રકાશ પાડનારું હતું.

આ ધર્મ પરિષદમાં પ્રવચન માટે નિયુક્ત થયેલા વક્તાઓમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી બ્રહ્મવિહારીદાસ સ્વામીના ૧૨ મિનિટના સંબોધનને લોકોએ ખૂબ આદર સાથે વધાવી લીધું હતું. તેમણે ભાગલાવાદી માનસિકતા ધરાવતા લોકોને સંવાદિતાનો સેતુ રચવાનું આહ્‌વાન કર્યું અને વિવિધ ધર્મો અને સંસ્કૃતિઓ વચ્ચે સંવાદિતા વધારવા ધાર્મિક નેતાઓની ‘પવિત્ર ફરજ’ પર ભાર મૂક્યો. તેઓએ કહ્યું ‘‘ધાર્મિક

નેતાઓ તરીકે આપણે આચરણયુક્ત અને નિષ્ઠાયુક્ત જીવન જીવીશું, આપણે શબ્દોથી નહીં આચરણથી ઉદાહરણ પૂરું પાડીશું, ત્યારે એ દિવસ માનવ-ચેતનાનો નવો ઈતિહાસ લખશે. ભગવાન ક્યારેક આપણા બધા ઉપર હસતા હશે, તેમણે આ વિશ્વનું સર્જન વિસંવાદિતાના કારણે વિનાશ માટે નથી કર્યું. પરંતુ એમણે આપણને બધાને સર્જ્યા છે – સંવાદિતાથી વિકસવા માટે. હિન્દુ ધર્મમાં 'વસુધૈવ કુટુંબકમ્' તેમજ 'યત્ર વિશ્વં ભવતિ એક નીડમ્'નાં પ્રાચીન મૂલ્યો શીખવાય છે. અમને હિન્દુ ધર્મમાં સૌને આવકારવાના તેમજ સૌના સારા વિચારોને સ્વીકારવાના સંસ્કાર સીંચવામાં આવે છે. 'આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ'."

એમ કહીને તેમણે જણાવ્યું કે અબુધાબીનું બી.એ.પી.એસ. હિન્દુ મંદિર એકતા અને સંવાદિતાને પ્રતિબિંબિત કરતું જીવતું જાગતું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

બ્રહ્મવિહારીદાસ સ્વામીના મનનીય પ્રવચને સૌનાં મન પર ઊંડી છાપ અંકિત કરી હતી. વડાપ્રધાનશ્રીએ તેમની સાથેની મુલાકાત દરમ્યાન કહ્યું હતું કે તેમણે અબુધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું ઉદ્‌ઘાટન જોયું છે. ધાર્મિક બાબતોના પ્રધાન દાતુક મોહમ્મદ નઈમ મોક્તારે અભિનંદન આપતાં કહ્યું, 'તમારું પ્રવચન અતુલ્ય હતું. સમયની જરૂરિયાત મુજબ ખૂબ હિંમતથી અભિવ્યક્તિ કરી.' બ્રહ્મવિહારીદાસ સ્વામીને અભિનંદન આપવા આવેલા લગભગ તમામ લોકોએ અબુધાબીના મંદિરની મુલાકાત લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

બીજા દિવસે બપોરે ૩ વાગ્યે હોટેલ મેન્ડરિન ખાતે, મુલાકાત અને સંવાદ માટે શેખ ડૉ. અલ-ઈસાએ બ્રહ્મવિહારીદાસ સ્વામી અને અબુધાબીના અગ્રણી હરિભક્ત શ્રી અશોક કોટેચાને ખાસ આમંત્રણ પાઠવ્યું હતું. બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની અંતરતમ ભાવનાઓ વ્યક્ત કરી હતી. શેખ ડૉ. અલ-ઈસાએ તેમની હાર્દિક પ્રશંસા કરીને જણાવ્યું કે તેઓ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શને ભવિષ્યમાં અવશ્ય આવશે. કોન્ફરન્સનું સમાપન કુઆલાલમ્પુર ઠરાવ સાથે થયું હતું. વડાપ્રધાન અનવર ઈબ્રાહિમે જાહેરાત કરી હતી કે 'આંતરરાષ્ટ્રીય ધાર્મિક નેતાઓની પરિષદ' પ્રતિવર્ષ મલેશિયામાં યોજાતી રહેશે, જે આંતરધર્મ સંવાદ અને સમજણને પ્રોત્સાહન આપશે.





પરિષદને સંબોધતા બ્રહ્મવિહારી સ્વામી, મલેશિયાના વડાપ્રધાનશ્રી તેમજ શેખ અલ-ઇસાનું અભિવાદન ઝીલતા બ્રહ્મવિહારી સ્વામી.

આ કાર્યક્રમમાં મલેશિયાના નાયબ વડાપ્રધાનશ્રી, તિમોર-લેસ્ટેના નાયબ વડાપ્રધાન મારિયાનો અસનામી સબિનો લોપેસ, સંચાર મંત્રી ફામી ફદઝીલ, શિક્ષણ મંત્રી ડૉ. કાદિર અને સરકારના મુખ્ય સચિવ તાન શ્રી મોહમ્મદ ઝુકી અલી સહિત ઘણા મહાનુભાવો ઉપસ્થિત હતા.

આ કોન્ફરન્સમાં ક્રિશ્ચિયન ફેડરેશન ઓફ મલેશિયાના ધર્મગુરુ ફિલિપ એપિસ્કોપા, થાઈલેન્ડના નામધારી શીખ ધર્મગુરુ ડૉ. ક્ટ્ટિફાન શાઈદી, બાંગ્લાદેશના પ્રોફેસર ડૉ. અબુ રેઝા મોહમ્મદ નિઝામુદીન, ઓસ્ટ્રેલિયાના મુખ્ય મુફ્તી શેખ અબ્દુલ કુદુસ, શ્રીલંકાના મુફ્તી મોહમ્મદ રિઝવે, યુએસએમાં શીખ રાજદૂત સતપાલ સિંહ ખાલસા, તેમજ ભારતના આચાર્ય સ્વામી બ્રહ્મેશાનંદ ઉપસ્થિત રહ્યા હતા. આ પરિષદ વૈશ્વિક સ્તરે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સમુદાયો વચ્ચે સંવાદિતાને પ્રોત્સાહન આપવા માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રયાસોમાં એક સીમાચિહ્નરૂપ બની રહી. ◆

# સારંગપુર ખાતે યોજાયો પંચદિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદઃ અક્ષરપુરુષોત્તમ દર્શન - તત્ત્વજ્ઞાન, ઈતિહાસ અને પ્રવર્તન



સારંગપુર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના દશાબ્દી પર્વના ઉપક્રમે વિવિધ રચનાત્મક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના અંતર્ગત શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ તથા મહાવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭ થી ૨૧ જાન્યુઆરી દરમ્યાન પંચદિવસીય પરિસંવાદ યોજાઈ ગયો. 'અક્ષરપુરુષોત્તમ દર્શન - ઈતિહાસ, તત્ત્વજ્ઞાન અને પ્રવર્તન' વિષયક આ પરિસંવાદમાં દેશ-વિદેશના વિદ્વાનો અને શોધાર્થીઓએ શોધપત્રો રજૂ કરીને અક્ષરપુરુષોત્તમ દર્શન પર વિમર્શ કર્યો હતો.

તા. ૧૭-૧-૨૦૨૪ના રોજ આ પરિસંવાદના ઉદ્ઘાટન સમારોહમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિશ્રી સુકાંતકુમાર સેનાપતિ અને યુનિવર્સિટી સંચાલિત કૉલેજના પ્રધાનાચાર્ય ડૉ. શ્રી નરેન્દ્રકુમાર પંડ્યા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ આધાર પ્રવચન કરીને પરિસંવાદની પૂર્વભૂમિકા રચી હતી. આ સત્રમાં સંસ્કૃત વચનામૃતમાંથી સંકલિત 'વચનામૃતસંગ્રહ' પુસ્તકનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદ માટે પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી તથા ગુરુહરિ મહંત સ્વામી મહારાજે વીડિયો આશીર્વચન પાઠવ્યાં હતાં.

આ પરિસંવાદમાં કુલ ૧૫ સત્રો યોજાયાં હતાં, જેમાં ભારત ઉપરાંત અમેરિકા અને કેનેડાના સંશોધકો દ્વારા કુલ ૪૬ જેટલાં શોધપત્રો સંસ્કૃત, હિન્દી, ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં રજૂ થયાં હતાં. આ શોધપત્રોમાં પરિસંવાદના મુખ્ય વિષયને કેન્દ્રમાં રાખીને અનેક ગ્રંથોના પરિશીલન દ્વારા, જુદા જુદા વિષયો પર ચિંતન કરવામાં આવ્યું હતું. સત્રોમાં ઉપસ્થિત વિવિધ વિષયના વિદ્વાન સત્ર-અધ્યક્ષોએ સત્રના અંતે શોધપત્રોની સમીક્ષા કરીને પરિસંવાદના વિષયોની પુષ્ટિ કરી હતી.

તા. ૨૧-૧-૨૦૨૪ના રોજ સમાપન સત્રમાં મૂર્ધન્ય વિદ્વાન અને નડિયાદ સ્થિત બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય ડૉ. અમૃતલાલ ભોગાયતાજી તથા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર શ્રી દશરથભાઈ જાદવ પધાર્યા હતા. પૂર્ણાહુતિ સત્રમાં શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ સમગ્ર પરિસંવાદનો સાર જણાવ્યો હતો. અંતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તથા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વીડિયો દ્વારા પ્રેષિત આશીર્વચન દર્શાવવામાં આવ્યાં હતાં.

આમ, આ પરિસંવાદ દ્વારા અક્ષરપુરુષોત્તમ દર્શનને સમજવાના અનેક આયામો પ્રસ્તુત થયા, જેનાથી સનાતન વૈદિક પરંપરામાં સંશોધન માટે નવી શક્યતાઓ ઉદ્ઘાટિત થઈ. અનેક દૃષ્ટિકોણથી વિદ્વાનો, છાત્રો તેમજ જિજ્ઞાસુઓ માટે આ પરિસંવાદ ઘણો ઉપયોગી બની રહ્યો હતો. ◆

# બી.એ.પી.એસ. મંદિર, સારંગપુર ખાતે ગવર્નરશ્રીએ કર્યો 'પ્રમુખ સ્વામી પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષણ કેન્દ્ર'નો વિધિવત્ પ્રારંભ



બી.એ.પી.એસ. ગૌશાળા ટ્રસ્ટ તેમજ ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી (GNFOAU) વચ્ચે નોન ફાઈનાન્શિયલ MoU કરવામાં આવ્યો છે અને તેના ઉપક્રમે બી.એ.પી.એસ. યજ્ઞપુરુષ પ્રાકૃતિક કૃષિ ફાર્મ ખાતે ગુજરાતના સૌ પ્રથમ 'પ્રાકૃતિક કૃષિ સંશોધન કેન્દ્ર'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગત ૧૪ જુલાઈ ૨૦૨૩ના રોજ ગુજરાતના ગવર્નર માનનીય શ્રી આચાર્ય દેવવ્રતજી તથા પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી દ્વારા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, સારંગપુરમાં બી.એ.પી.એસ. યજ્ઞપુરુષ પ્રાકૃતિક કૃષિ ફાર્મ ખાતે વિધિવત્ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ગવર્નરશ્રીએ પ્રાકૃતિક કૃષિ વિષયક જાણકારી ગુજરાત તેમજ દેશભરના ખેડૂતોને મળી રહે તે માટે એક તાલીમ કેન્દ્રની સ્થાપના કરવા બી.એ.પી.એસ. સંસ્થાને અનુરોધ કર્યો હતો. તેને સાકાર કરતાં તાજેતરમાં તા. ૩ માર્ચ ૨૦૨૪ના રોજ, સુવિધાસજ્જ 'પ્રમુખ સ્વામી પ્રાકૃતિક કૃષિ તાલીમ કેન્દ્ર'નું ઉદ્‌ઘાટન સારંગપુરમાં બી.એ.પી.એસ. ગૌશાળા ટ્રસ્ટ અંતર્ગત કરવામાં આવ્યું હતું. યજ્ઞપુરુષ પ્રાકૃતિક કૃષિ ફાર્મ ખાતે તાલીમ તેમજ બી.એ.પી.એસ. મંદિર સારંગપુર ખાતે તાલીમાર્થી ખેડૂતોની રહેવાની તથા ભોજન પ્રસાદ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આરંભાયેલ પ્રાકૃતિક કૃષિ ઝુંબેશમાં હવે ગુજરાતના ખેડૂતો આ કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક કૃષિની વિસ્તૃત તાલીમ મેળવશે. આ તાલીમ કેન્દ્રનું પ્રથમ સત્ર રાજ્યપાલશ્રીની વર્ચ્યુઅલ અને પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં આયોજવામાં આવ્યું હતું. જેમાં એગ્રીકલ્ચર ટૅક્નોલોજી મૅનેજમેન્ટ એજન્સી (આત્મા)ના અધિકારીશ્રીઓ, ખેડૂતો અને આ ક્ષેત્રના અન્ય નિષ્ણાત અધિકારીશ્રીઓએ પણ હાજરી આપી હતી.

રાજ્યપાલશ્રીએ આ તાલીમ કેન્દ્ર ખડું કરવા બદલ જ્ઞાનેશ્વરદાસ સ્વામી, બ્રહ્મચિંતનદાસ સ્વામી અને દિવ્યનિધિદાસ સ્વામીનો આભાર માન્યો હતો.

તાલીમ કેન્દ્ર દ્વારા અત્યાર સુધીમાં ૧૬૦ ખેડૂતોએ ત્રણ દિવસની નિવાસીય અને ૧૧૮૧ ખેડૂતોએ પ્રેરણા પ્રવાસ (હાફ ડે ટ્રેનિંગ) દ્વારા પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધી છે.

યજ્ઞપુરુષ પ્રાકૃતિક કૃષિ ફાર્મ ખાતે ૧૫૦ એકરમાં સફળતાપૂર્વક પ્રાકૃતિક કૃષિ થઈ રહી છે. તા. ૩ મે ૨૦૨૪ના રોજ, રાજ્યપાલશ્રીએ સારંગપુરમાં તાલીમ કેન્દ્રની રૂબરૂ મુલાકાત લઈને સંસ્થાના આ સેવાકાર્યને બિરદાવતાં જણાવ્યું કે આપ ખૂબ જ પુણ્યનું કાર્ય કરી રહ્યા છો. મહંત સ્વામી મહારાજે રાજ્યપાલશ્રીને ખૂબ આશીર્વાદ આપ્યા હતા. ◆

# ગુજરાતમાં ભક્તિ અને સત્સંગની સરવાણી વહાવતાં ૧૨ નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોના પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવો

સંસ્કૃતિના આધારસ્તંભ સમાં મંદિરો હજારો ભક્તોનાં હૈયે ભક્તિ અને સત્સંગની સરવાણી વહાવે છે. એટલે જ, શાંતિનાં ધામ રૂપ આ મંદિરોની નવતર શૃંખલા રચી રહેલા ગુરુહરિ મહંત સ્વામી મહારાજે તાજેતરમાં ભારતમાં વધુ બાર નવનિર્મિત મંદિરોની ભેટ આપી છે. આ શૃંખલામાં નિર્માણ પામેલા પારસા, વડસ્મા, આંબેખડા, વલવાડા, સાઠોદ, મોટા દડવા, પીપોદરા, રાયછા, નાના કોસ્ટા, કચીગામ, કરવડ અને કાજલી ગામનાં મંદિરોમાં ધામધૂમથી પ્રતિષ્ઠા ઉત્સવો યોજાઈ ગયા. અહીં તે પૈકી સાત મંદિરોના ઉત્સવની એક ઝલક પ્રસ્તુત છે. અન્ય મંદિરોની વિગતો આગામી અંકે માણીશું...

## પારસા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી ઉત્તર ગુજરાતના માણસા તાલુકાના પારસા ગામમાં બી.એ.પી.એસ. સત્સંગમંડળની શરૂઆત સન ૨૦૦૮થી થઈ હતી. સમાજ અને સત્સંગ સેવા માટે જીવન સમર્પિત કરનારા સંતોના વિચરણથી અહીં સત્સંગ અભિવૃદ્ધિ પામતો રહ્યો. વળી, મહિલામંડળની પણ શરૂઆત થઈ. સત્સંગના યોગે ગામમાં આધ્યાત્મિક સ્પંદનો પ્રતિધ્વનિત થતાં રહ્યાં તેથી સૌને અંતરમાં ઉમળકો જાગ્યો કે મંદિર કરવું છે. શ્રી ભરતભાઈ પટેલે(ભાવપુરા) મંદિર માટે ભૂમિદાન કરતાં તા. ૧૫-૧૨-૨૦૨૧ના રોજ આનંદસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ખાતવિધિ યોજાયો અને મંદિર નિર્માણકાર્યનો શુભારંભ થયો. બે વર્ષ દરમ્યાન હરિભક્તોએ નિત્ય કરેલા અવિરત સેવામય પુરુષાર્થથી ગામમાં શોભાની કલગી સમાન સુંદર મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરમાં ત્રિદિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૯-૧-૨૦૨૪ના રોજ સંધ્યાસભામાં અમદાવાદના સંગીતજ્ઞ યુવકોએ કીર્તનભક્તિ રજૂ કરી. દ્વિતીય દિને સવારે વિશ્વશાંતિ સ્વામિનારાયણ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૩૫૦ યુગલોએ યજમાનપદે બિરાજીને યજ્ઞવિધિમાં જોડાઈને મંગલ પ્રાર્થનાઓ કરી. મધ્યાહ્ન પછી ગામના મુખ્ય માર્ગ પર પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા ત્રણ સુશોભિત રથમાં કીર્તનભક્તિની

પારસા ગામની કલગી સમાન રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી...





રમઝટ અને જયઘોષ સાથે યોજાઈ. આબાલવૃદ્ધ ભક્તોથી શોભતી આ યાત્રામાં વિવિધ બોધાત્મક ફ્લોટ્સ પણ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા. અંતે શોભાયાત્રા મંદિર પરિસરમાં વિરમી ત્યારે સૌએ આરતી અને આતશબાજી દ્વારા તેને વધાવીને ઉત્સવનો ઉદ્‌ઘોષ કર્યો.

તા. ૩૧-૧-૨૦૨૪ના રોજ સવારે પ્રતિષ્ઠાવિધિનો પ્રારંભ વેદોક્ત મહાપૂજા સાથે થયો. બોચાસણમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૭-૧૧-૨૦૨૩ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો વૈદિક સ્થાપનવિધિ અત્રેનાં કલાત્મક સિંહાસનોમાં આનંદસ્વરૂપદાસ સ્વામીએ સંપન્ન કર્યો. ત્યારબાદ યોજાયેલી સભામાં આનંદસ્વરૂપદાસ સ્વામી તથા અન્ય સંતોએ પ્રાસંગિક કથા-લાભ આપ્યો હતો. અંતે મંદિરના ભૂમિદાતા શ્રી ભરતભાઈ પટેલ તથા મંદિરનિર્માણમાં તન, મન અને ધનથી સહકાર આપનાર શ્રી હિંમતભાઈ પટેલ, પરેશભાઈ પટેલ, નિર્મલભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, કનુભાઈ પટેલ, ભરતભાઈ પ્રજાપતિ, રસિકભાઈ પટેલ, જિતુભાઈ પ્રજાપતિ, યોગેશભાઈ પટેલ વગેરે સેવકોને સંતોએ સન્માનિત કર્યા હતા. આ ઉત્સવમાં પારસા મહિલામંડળની નોંધનીય સેવા રહી હતી.

## વડસ્મા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ઉત્તર ગુજરાતના મહેસાણા તાલુકાના વડસ્મા ગામે સન ૨૦૧૫માં સત્સંગમંડળનો શુભારંભ થયો હતો. અવારનવાર કાર્યકરો, સંતો તેમજ વરિષ્ઠ સંતોએ પધારીને અત્રેના સત્સંગની પુષ્ટિ કરી હતી.

તા. ૧૪-૧૦-૨૦૨૧ના રોજ અહીં સંતોની ઉપસ્થિતિમાં મંદિરના નિર્માણકાર્યનો શુભારંભ થયો. હરિભક્તોનો અનેક પાંખિયો પુરુષાર્થ ફળદાયી નીવડ્યો અને સૌનાં સેવા, સહયોગ અને સમર્પણથી મંદિર નિર્માણ પામ્યું. તેમાં પ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૪-૨-૨૦૨૪ના રોજ સવારે યોજાયેલા વિશ્વશાંતિ મહાયજ્ઞમાં ૧૫૦ યજમાનોએ યજ્ઞવિધિમાં વિરાજીને યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી. ઢળતી બપોરે પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શોભાયાત્રા કલાત્મક રથ અને ફ્લોટ્સમાં વડસ્માની શેરીઓમાંથી પસાર થઈ ત્યારે ઠેર ઠેર એકત્રિત થયેલા ગામજનોએ તેને અક્ષત અને પુષ્પોથી વધાવી હતી.

તા. ૫-૨-૨૦૨૪ના રોજ પ્રાતઃકાળે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે હરિભક્તોની ઉપસ્થિતિમાં મહાપૂજાવિધિ યોજાયો. ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બોચાસણમાં તા. ૧૭-૧૧-૨૦૨૩ના રોજ વિધિવત્ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ ભક્તવત્સલદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. પ્રાસંગિક સભામાં સંતોએ આશીર્વચન પાઠવીને સૌ ગ્રામજનોને આ મંદિરમાં દર્શન-કથાવાર્તાનો લાભ લેવા વિશેષ અનુરોધ કર્યો. સભાને અંતે મંદિરના ભૂમિદાતા શ્રી મનીષભાઈ આર. નાયક, શ્રી દીપકભાઈ આર. નાયક તેમજ મંદિર-નિર્માણ અને ઉત્સવમાં સેવા-સહકાર અર્પનાર શ્રી વિષ્ણુભાઈ પુરોહિત (રાજપુર), રમેશભાઈ પટેલ (કરજીસણ), ત્રિકમભાઈ પટેલ (કરજીસણ), ભરતભાઈ પટેલ (ભાવપુરા), ભક્તિભાઈ પટેલ (કરજીસણ), ઘનશ્યામભાઈ પટેલ (ભાવપુરા), નરેશભાઈ પટેલ (કરજીસણ), શૈલેષભાઈ રાવલ, ભરતજી ચાવડા, નારણજી ચાવડા વગેરે સેવાર્થીઓને સંતોએ સન્માનિત કર્યા હતા.

પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી

વડસ્મામાં યોજાયેલી શાનદાર શોભાયાત્રામાં રથનું વહન કરતા સંતો અને મૂર્તિસ્થાપનવિધિમાં રત પૂજ્ય ભક્તવત્સલદાસ સ્વામી.









આંબેખડામાં નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય વેદજ્ઞદાસ સ્વામી...

પારસા અને વડસ્માામાં વિચરણ કરતા ઋષિચિંતનદાસ સ્વામી અને ધર્મવીરદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ કરેલી અથાગ સેવાથી બંને ગામોમાં પ્રતિષ્ઠા ઉત્સવો શાનદાર રીતે સંપન્ન થયા હતા.

## આંબેખડા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બદલપુર વિસ્તારના ધુવારણ ક્ષેત્રનું આંબેખડા ગામ, નાનું ને રળિયામણું ગામ. અત્યારે ૩૫૦ લોકોનો વસવાટ ધરાવતા આ ગામમાં સન ૧૯૬૪માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પધાર્યા હતા ત્યારે શ્રી રણછોડભાઈ બાપુભાઈ ગરાસિયાને વર્તમાન ધરાવ્યા હતા અને ત્યારથી અહીં સત્સંગની શરૂઆત થઈ હતી. સન ૧૯૭૮માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પધારીને ગામમાં મંદિર બાંધવાના આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ સંતોનું પણ અવારનવાર વિચરણ યોજાતું રહ્યું. પરિણામે તા. ૫-૧૦-૨૦૨૨ના રોજ આ મંદિરનો ખાતવિધિ થયો અને નિર્માણકાર્ય આરંભાયું. આ વિસ્તારમાં વિચરણ કરતા દિવ્યમંગલદાસ સ્વામી તથા નૈષ્ઠિકમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ હરિભક્તોએ ભક્તિપૂર્ણ પુરુષાર્થ કરીને મંદિર રચ્યું. ગુરુહરિ મહંત સ્વામી મહારાજ દ્વારા તા. ૨૯-૧૧-૨૦૨૩ના રોજ વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૦-૨-૨૦૨૪ના રોજ સવારે ભક્તવત્સલદાસ સ્વામી અને વેદજ્ઞદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો.

મૂર્તિપ્રતિષ્ઠા બાદ યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં ગામનો ઈતિહાસ અને મંદિર નિર્માણગાથાને દર્શાવતી ડોક્યુમેન્ટરી 'ગાથા આંબેખડા ગામની' વીડિયોમાં દર્શાવવામાં આવી, તેને નિહાળીને સૌ ખૂબ જ પ્રભાવિત થયા. આ નૂતન મંદિરે ગ્રામજનોમાં શ્રદ્ધા અને ભક્તિની એક નૂતન જ્યોત પ્રગટાવી છે.

## વલવાડા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

દક્ષિણ ગુજરાતના સાંકરી વિસ્તારમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજે દાયકાઓ સુધી વિચરણ કરીને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં આધ્યાત્મિક અજવાળાં પાથર્યાં છે. વર્ષો પૂર્વે શ્રી ધીરુભાઈ ભાવસારે અહીંના વલવાડા ગામે સત્સંગનો આરંભ કર્યો હતો. સમયાંતરે પ્રમુખસ્વામી મહારાજની પદરજથી આ ગામ બે વખત પાવન થયું અને સત્સંગની હરિયાળી પથરાઈ. સાંકરી મંદિરથી સંતોના સતત વિચરણ અને કાર્યકરોના ભક્તિસભર પ્રયાસથી ઉત્તરોત્તર સત્સંગ અભિવૃદ્ધિ પામતો ગયો અને મંદિરની આવશ્યકતા ઊભી થઈ. અહીંના હરિભક્તો આર્થિક રીતે સાધારણ, પરંતુ સૌમાં સંપ, સુહૃદભાવ, એકતા અને ઉત્સાહ દૃઢ હોવાથી સૌ મંદિરનિર્માણ માટે કટિબદ્ધ થયા. શ્રી ધર્મેશભાઈ ઢોડિયા, શ્રી રમણભાઈ ઢોડિયા તથા તેમનાં સગાંસંબંધીઓએ સંયુક્ત રીતે મુખ્યમાર્ગ પરની ભૂમિ મંદિર માટે અર્પણ કરી. મંદિર-નિર્માણમાં આબાલવૃદ્ધ સૌ હરિભક્તોએ યાહોમ કર્યું, તેના ફળસ્વરૂપે સનાતન ધર્મની છડી પોકારતું સુંદર મંદિર તૈયાર થયું.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આ મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓનું પૂજન સુરત ખાતે તા. ૨૩-૧-૨૦૨૪ના રોજ કર્યું ત્યારે આશીર્વાદ પાઠવ્યા હતા કે 'મંદિર સેવામાં જે જોડાશે તેને સુખ અને શાંતિ થશે, આ લોક અને પરલોકમાં મહાસુખી થશે અને જે જે દર્શન કરવા માટે આવશે તેને પુણ્ય મળશે.' બળભર્યા આશીર્વાદથી કૃતાર્થ





વલવાડામાં યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરતા યજમાનો, સાઠોદમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય દેવસ્વરૂપદાસ સ્વામી...

થયેલા ભક્તોએ બેવડા ઉત્સાહ સાથે પ્રતિષ્ઠા ઉત્સવ આરંભ્યો.

તે ઉપક્રમે કેળસ્તંભોથી શોભતી સુંદર યજ્ઞશાળામાં તા. ૧-૨-૨૦૨૪ના રોજ સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો. કુલ ૫૫૪ યજમાનોએ યજ્ઞવિધિનો પવિત્ર લાભ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ અપરાહ્ને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની સુશોભિત રથોમાં અદ્ભુત શોભાયાત્રા યોજાઈ. ભજનમંડળી, બાળ-યુવામંડળનાં નૃત્ય વૃંદો, તુરવાદક, ડાંગી અને આદિવાસી નૃત્ય મંડળીઓ તેમજ કળશ અને પોથીધારી મહિલાઓથી શોભતી આ ભક્તિસભર શોભાયાત્રાનાં દર્શન કરીને સૌ કૃતાર્થ થયાં.

તા. ૨-૨-૨૦૨૪ના રોજ સવારે વૈદિક મંત્રોચ્ચાર સાથે મૂર્તિસ્થાપનવિધિ દેવસ્વરૂપદાસ સ્વામી અને પુણ્યદર્શનદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. પ્રભુસ્વરૂપોને આરતી, ઝાલર, નગારા, શંખનાદ અને જયઘોષ સાથે સૌએ મહિમાથી વધાવ્યા. તો અનન્ય ભક્તિભાવથી મહિલામંડળે અન્નકૂટ તૈયાર કરીને ભક્તિ અર્ઘ્ય અર્પ્યું. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં બાળ-યુવા વૃંદના ભક્તિનૃત્ય બાદ મંચસ્થ સંતોએ કથાલાભ આપ્યો.

આ વિસ્તારમાં વિચરણ કરતા આદર્શસેવાદાસ સ્વામી, યોગીતીર્થદાસ સ્વામી અને નિર્દેશક અર્જુનભાઈના માર્ગદર્શન મુજબ શ્રી ધીરુભાઈ, સતીશભાઈ, ઠાકોરભાઈ, દિનેશભાઈ, રસિકભાઈ, નરેશભાઈ, ભરતભાઈ, હિતેશભાઈ, જયેશભાઈ, વિપુલભાઈ સહિત સૌ ભક્તો-ભાવિકો વિવિધ સેવામાં જોડાયા હતા.

## મોટા દડવા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ગુણાતીત સત્પુરુષોનાં પદારવિંદથી પાવન થયેલા ગોંડલ તાલુકાના મોટા દડવા ગામમાં સન ૨૦૧૦થી સત્સંગમંડળની શરૂઆત થઈ. ત્યારબાદ ગામમાં બાળ-બાલિકામંડળ અને મહિલામંડળનો આરંભ થયો. સંતોના વિચરણથી અને કાર્યકરોના પુરુષાર્થથી ગામમાં સત્સંગની અભિવૃદ્ધિ થતાં મંદિરની જરૂરિયાત ઊભી થઈ. તે માટે પ્રવીણભાઈ ભૂરાભાઈ સાકરિયા અને દિલીપભાઈ માધાભાઈ વસાણી તરફથી ભૂમિદાનનો સહયોગ પ્રાપ્ત થયો. તા. ૨૨-૬-૨૦૨૨ના રોજ સંતોની હાજરીમાં ખાતવિધિ યોજાયો. સૌ હરિભક્તો તેમજ દિલીપભાઈ સોજિત્રા, ભરતભાઈ પીરોજિયા, દિલીપભાઈ રાદડિયા, વિઠ્ઠલભાઈ લીંબસિયા, ચંદુભાઈ ભૂવા, ગિરધરભાઈ વેકરિયા, રાણાભાઈ વઘાસિયા, દિનેશભાઈ ચોથાણી, વિનુભાઈ ભૂવા, જયંતીભાઈ સાવલિયા, સુરેશભાઈ ભૂવા, મહેશભાઈ સખિયા, દિલીપભાઈ ચોવટિયા તરફથી પ્રશંસનીય સહકાર પ્રાપ્ત થયો. પરિણામે આધ્યાત્મિક અજવાળાં પાથરતું નૂતન મંદિર સાકાર થયું અને મૂર્તિપ્રતિષ્ઠાનો અવસર આવી પહોંચ્યો.

આ પ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૦-૨-૨૦૨૪ના રોજ મંગળ પ્રભાતે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૭૩ કુંડ પર ૫૩૦ યજમાનોએ વિરાજીને વૈદિક વિધિ અનુસાર લાભ પ્રાપ્ત કર્યો. અપરાહ્ને મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની કલાત્મક રથોમાં શાનદાર શોભાયાત્રા યોજાઈ. અંતે શોભાયાત્રા મંદિરમાં વિરમી ત્યારે ઉપસ્થિત સૌએ આરતી દ્વારા ઠાકોરજીને વધાવ્યા હતા.

તા. ૩૦-૧૦-૨૦૨૨ના રોજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ગોંડલમાં વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તેમજ

ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૧-૨-૨૦૨૪ના રોજ પ્રભાતે નૂતન મંદિરમાં યજ્ઞેશ્વરદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં પૂર્ણ થયો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં પૂજ્ય સંતોએ આશીર્વચન અર્પીને, સૌની સુખાકારી માટે પ્રાર્થના કરીને જીવનમાં ભગવાનની ભક્તિ દૃઢ કરવા અનુરોધ કર્યો હતો. અક્ષર મંદિર, ગોંડલના કોઠારી દિવ્યપુરુષદાસ સ્વામી તેમજ અહીં વિચરણ કરતા અમૃતચરણદાસ સ્વામી તથા સત્સંગપ્રિયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ અને સ્વામીશ્રીના વાત્સલ્યથી પોષાયેલા સ્વયંસેવકોએ કરેલી અપૂર્વ સેવાથી આ પ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો.

## સાઠોદ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

વડોદરા જિલ્લામાં ડભોઈ તાલુકામાં સાઠોદ ગામમાં બારોટ પરિવારની વસ્તી વધારે છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તા. ૨૦-૨-૧૯૮૫ના રોજ પધારીને આ ભૂમિને પાવન કરેલી ત્યારથી સત્સંગની શુભ શરૂઆત થઈ. પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને દિવ્યસ્વરૂપદાસ સ્વામીએ સત્સંગની ખૂબ પુષ્ટિ કરી. અહીં સંયુક્ત સત્સંગમંડળની સાથે સાથે બાલ-બાલિકા, યુવા-યુવતી તથા મહિલા સત્સંગ પ્રવૃત્તિ ખૂબ જ સારી ચાલે છે. શ્રી અશોકભાઈ બારોટે અર્પણ કરેલી જમીન પર સૌ હરિભક્તોના ઉત્સાહથી બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું છે.

અહીં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પૂજનવિધિ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે તા. ૧૧-૮-૨૦૧૮ના રોજ થયો હતો. તે મૂર્તિઓએ તા. ૧૧-૨-૨૦૨૪ના રોજ શોભાયાત્રામાં વિહાર કરીને સમગ્ર ગામમાં દૃષ્ટિ કરી. દ્વિતીય દિને તે મૂર્તિઓનો સ્થાપનવિધિ દેવસ્વરૂપદાસ સ્વામી અને સંતોએ કર્યો. ત્યારપછી યોજાયેલી સભામાં સંતોએ આશીર્વચન પાઠવ્યાં હતાં. આ ઉત્સવમાં બારોટ બંધુશ્રી અંકિતભાઈ, હેમંતભાઈ, ચેતનભાઈ, સુધીરભાઈ (સરપંચ) તથા આકાશભાઈએ જહેમતપૂર્વક સેવા કરી હતી.

## પીપોદરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા વિસ્તારમાં આવેલા પીપોદરાના મોટા ભાગના ગામજનો સત્સંગ પહેલાં દારૂ, માંસ, તમાકુ વગેરે વ્યસન-દૂષણોમાં પરોવાયેલા હતા. ઘરમાં કોઈ વ્યક્તિ બીમાર પડે તો તેમને ડૉક્ટર પાસે લઈ જવાને બદલે દોરા-ધાગા કરાવવા જતા. અનેકવિધ અંધશ્રદ્ધાઓને કારણે પરિવારનું વાતાવરણ પણ ક્લેશ યુક્ત રહેતું. આવી અંધકારમય વ્યક્તિઓના જીવનમાં સોનાનો સૂરજ ત્યારે ઊગ્યો કે જ્યારે સન ૧૯૯૮માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં શાનદાર વનવાસી સંમેલન યોજાયું. ત્યારે સત્સંગ અને સત્પુરુષની અમીટ છાપ સૌના હૃદયપટ પર પડી. શ્રીરંગદાસ સ્વામી, ધર્મવિનયદાસ સ્વામી, અમૃતતનયદાસ સ્વામીના વિચરણથી સત્સંગમંડળની શરૂઆત થઈ. ત્યારબાદ મંગલપુરુષદાસ સ્વામી તથા ઉત્તમદર્શનદાસ સ્વામીએ પણ આ વિસ્તારમાં વિચરણ કરી સત્સંગને વિશેષ વેગ આપ્યો. ધીમે ધીમે શૈક્ષણિક, સામાજિક અને આધ્યાત્મિક જાગૃતિ આવી. સૌએ ઘરોમાં રોજગારનાં સાધનો વસાવ્યાં. યુવાનોએ વ્યસન છોડીને સદાચારના માર્ગે પ્રગતિ કરી. પરિણામે પરિવારો સુખી થયા. આમ, સર્વાંગી પ્રગતિથી મંડળમાં હરિભક્તોનો ઉત્સાહ વધ્યો અને સૌને મંદિરની જરૂરિયાત જણાઈ. શ્રી નવજીભાઈ બુબડિયા અને નારાયણભાઈ તથા એમના ભાઈઓએ પોતાની સંયુક્ત ભૂમિ મંદિર માટે અર્પણ કરી. પાયાથી માંડીને શિખર સુધી હરિભક્તોએ જાતે જ સેવા કરીને મંદિરનું નિર્માણ કર્યું.

આ નૂતન મંદિર માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨-૧૧-૨૦૨૩ના રોજ ગોંડલ ખાતે પ્રતિષ્ઠા થઈ, તે મૂર્તિઓની તા. ૨-૩-૨૦૨૪ના રોજ પીપોદરામાં શાનદાર નગરયાત્રા યોજાઈ. દ્વિતીય દિને સવારે મહાપૂજાવિધિ પછી યજ્ઞેશ્વરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મૂર્તિસ્થાપન વિધિ સંપન્ન થયો. પ્રાસંગિક સમારોહમાં અહીંના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ, અન્ય સામાજિક અને રાજકીય અગ્રણીઓ તથા મહિલા વિભાગમાં સાંસદશ્રી રમીલાબહેન બારા ઉપસ્થિત રહ્યાં હતાં.

અહીં વિચરણ કરતા અમૃતમુનિદાસ સ્વામી તથા અમૃતતનયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ મંદિર બાંધકામમાં ગોવિંદભાઈ પટેલ, બાબુભાઈ ડાભી, નવજીભાઈ બુબડિયા, નારાયણભાઈ, લલિતભાઈ, સુરેશભાઈ વગેરે હરિભક્તોએ વિશેષ સહકાર આપ્યો હતો.

આમ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં નૂતન મંદિરો દેશ-વિદેશમાં પ્રતિષ્ઠિત થતાં રહ્યાં છે. પ્રત્યેક મંદિરના નિર્માણમાં ઠેર ઠેર સમર્પિત હરિભક્તો, કાર્યકરો અને સ્વયંસેવકો તેમજ સંતોનું આગવું યોગદાન રહ્યું છે. અનેક લોકોના જીવનમાં આ મંદિરો સેવા, ભક્તિ, ઉપાસના અને સંસ્કારોની ભાગીરથી વહાવતાં રહેશે. ◆




# મહારાષ્ટ્રમાં અકોલા ખાતે નિર્માણ પામેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી મહારાષ્ટ્ર-વિદર્ભના અકોલા શહેરમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૧૧-૩-૨૦૨૪ના રોજ શાનદાર રીતે યોજાઈ ગયો.

વિદર્ભ પ્રાંતમાં સત્સંગની શરૂઆત બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના વખતથી થઈ હતી. અકોલા નિવાસી દ્વારકાદાસ ભીમજીભાઈ જોબનપુત્રાનાં લગ્ન રાજકોટના સમર્પિત હરિભક્ત બેચર મેઘજી કક્કડનાં દીકરી સાથે થતાં અકોલામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની શરૂઆત થઈ. સંતો જ્યારે પધારે ત્યારે તેમને ત્યાં જ નિવાસ રહેતો હતો. મુંબઈ સત્સંગમંડળના તે સમયના ટ્રસ્ટી શ્રી ભાનુભાઈ પટેલની કંપનીની શાખા અકોલામાં હોવાથી, તેમના ભક્તિભાવથી પ્રમુખસ્વામી મહારાજનું આ શહેરમાં પ્રથમ પદાર્પણ થયું. સન ૧૯૭૬માં સ્વામીશ્રીનો આ જોબનપુત્રા પરિવારના ઘરે ઉતારો હતો. પછી પણ સન ૧૯૭૯, ૧૯૮૩, ૧૯૯૦ અને ૧૯૯૭નાં વર્ષોમાં સ્વામીશ્રીનું પદાર્પણ અકોલામાં થયું હતું. આ શહેરના સત્સંગના મૂળમાં છોટુભાઈ પટેલ અને તેમના પરિવારનો ફાળો અનન્ય છે. મૂળ અકોલા નિવાસી છોટુભાઈને બોરસદના સૂર્યનારાયણ મંદિરના ઉદ્‌ઘાટન અવસરે પ્રથમવાર પ્રમુખસ્વામી મહારાજનો યોગ થયો અને તેઓની નાસ્તિકતા પીગળી ગઈ અને આસ્તિક બની ગયા. તેઓના આગ્રહથી જ મુંબઈથી સંતોનું વિચરણ અકોલા શહેરમાં શરૂ થયું. ધીરે ધીરે તેઓના બંને પુત્રો રશ્મિભાઈ અને નરેન્દ્રભાઈ(નાનુભાઈ) તથા સમગ્ર પરિવાર સત્સંગના રંગે રંગાઈ ગયો. તેઓનું વિશાળ નિવાસસ્થાન 'રશ્મિભવન' મંદિર અને સંતઆશ્રમ બની ગયું. સન ૧૯૯૦માં જ્યારે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અકોલા પધાર્યા હતા ત્યારે નાના-મોટા ઉત્સવોની સાથે ચંદ્રગ્રહણની સભા પણ તેઓએ આ જ ઘરની નીચે આવેલા હૉલમાં કરી હતી. પછીથી આ પ્રાસાદિક હૉલમાં સન ૧૯૯૭માં નાના હરિમંદિરની સ્થાપના થઈ.

આ રીતે છોટુભાઈ અને તેમના પરિવારના

સમર્પણભાવ અને પુરુષાર્થથી અન્ય ઘણા પરિવારો સત્સંગના રંગે રંગાતા ગયા, જેમાં સુરેશભાઈ પટેલ, ગિરીશભાઈ પંડ્યા, કાંતિભાઈ જોબનપુત્રા, કમલેશભાઈ શાહ તથા યશવંતભાઈ ચોટાઈ વગેરેના પરિવારો મુખ્ય છે. છેલ્લે સ્વામીશ્રી સન ૧૯૯૭માં અકોલા પધાર્યા ત્યારે આ જ હરિભક્તોના પુરુષાર્થથી શહેરના અગ્રણીઓની વિશાળ સભા યોજાઈ હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સાથે તેમજ અન્ય પ્રસંગોએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે પણ અહીં અનેક વખત પધારીને સત્સંગને પુષ્ટિ આપી છે. સાથે સાથે પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીનો ફાળો પણ અનન્ય રહેલો છે. આમ, સતત છ દાયકા સુધી ગુણાતીત ગુરુવર્યો અને સદ્‌ગુરુ સંતોએ વખતોવખત અહીં પધારીને કૃપા વરસાવીને સત્સંગ મંડળને આધ્યાત્મિક પોષણ આપ્યું છે. તેઓની જ આજ્ઞાથી સન ૧૯૮૫થી પ્રેમપ્રકાશદાસ સ્વામી અને સંતોએ વિદર્ભ પ્રાંતના સત્સંગની દેખભાળ સંભાળીને અહીંના ગતિમાન સત્સંગને સવિશેષ પુષ્ટિ આપી.

સત્સંગ અને વિકાસની દૃષ્ટિએ સતત અભિવૃદ્ધિ પામતા આ શહેરમાં સૌની ભક્તિને વિશેષ પુષ્ટિ આપવા માટે જરૂરિયાત ઊભી થઈ એક સુવિધાસજ્જ મંદિરની. નૂતન મંદિરના નિર્માણ માટે શહેરના દક્ષિણી છોર પર જમીન સંપાદિત થઈ. સન ૨૦૧૯માં લાભપંચમીના દિવસે પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીના હસ્તે ખાતવિધિ સંપન્ન થયો. મંદિર-નિર્માણમાં શ્રી નિમેષભાઈ ઠક્કર, ચેતન સયાણી, જિતુભાઈ ગણાત્રા અને મનોજભાઈ પટેલ આદિ હરિભક્તો ઉપરાંત આબાલવૃદ્ધ સર્વેએ તન, મન અને ધનથી સહયોગ આપ્યો. સૌના ભક્તિસભર પુરુષાર્થથી જોતજોતાંમાં ૪ માળનું ભવ્ય ત્રિશિખરયુક્ત મંદિર સાકાર થયું અને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો.

આ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે ૧૦-૩-૨૦૨૪ના રોજ યજ્ઞશાળામાં સવારે શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો. યજ્ઞમાં ૪૫૦ જેટલાં યજમાન યુગલો સામેલ થયાં. અપરાહ્‌ને શાનદાર નગરયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર યોજાઈ, જેમાં વિવિધ કલાત્મક રથોમાં વિરાજમાન મૂર્તિઓએ ભાવિક જનતા ઉપર દિવ્ય દૃષ્ટિ કરતાં શહેરીજનોમાં અનેરો ઉત્સાહ વ્યાપી ગયો. શોભાયાત્રા વિરમી ત્યારે મંદિર સમક્ષ શાનદાર લાઇટ શો સાથે મહાઆરતી યોજાઈ.





અકોલામાં વિશ્વશાંતિ મહાયજ્ઞમાં વિધિમાં રત યજમાનો. મૂર્તિપ્રતિષ્ઠાવિધિ કરતા પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી...

ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૧૯-૧-૨૪ (સુરત) અને તા. ૮-૩-૨૪ (અમદાવાદ)ના રોજ પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ, તા. ૧૧-૩-૨૪ની માંગલિક સવારે વેદોક્ત મહાપૂજા સાથે પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, જ્ઞાનેશ્વરદાસ સ્વામી, પ્રેમપ્રકાશદાસ સ્વામીએ સંપન્ન કર્યો. ત્યારપછી યોજાયેલી પ્રાસંગિક સભામાં શહેરના લોકનેતાઓ ઉપરાંત આચાર્ય શ્રી જિતેન્દ્રનાથ મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સંસ્થાના અજોડ સેવાકાર્યને વધાવ્યું હતું. પ્રતિષ્ઠા ઉત્સવની સાંજે ગાયક શ્રી જયદીપભાઈ સ્વાદિયા અને વૃંદે ભજન સંધ્યા દ્વારા જનતાને મંત્રમુગ્ધ કરી દીધી.

મુનિદર્શનદાસ સ્વામી તેમજ અહીં વિચરણ કરતા પરમશ્લોકદાસ સ્વામી, આત્મનયનદાસ સ્વામી, આદર્શ-સેતુદાસ સ્વામી, તેમજ અન્ય સંતો-સેવકોના સહકારથી ઉત્સવ ધામધૂમપૂર્વક સંપન્ન થયો. શહેરીજનોએ આવા સુંદર મંદિરની ભેટ આપવા બદલ આભાર-વંદના કરી હતી. ◆

(અનુસંધાન પૃષ્ઠ ૧૩ ઉપરથી)

પ્રસ્તાવનામાં લેખક સ્પષ્ટ કરે છે તેમ, આ જીવનચરિત્રમાં લેખકને સરદારના પૂર્વ જીવનની વાતો સરદાર પાસેથી નથી મળી, સરદારનાં પુત્રી મણિબહેન અથવા સરદારના પુત્ર ડાહ્યાભાઈ પાસેથી પણ નથી મળી, પરંતુ એક ત્રાહિત વ્યક્તિ – નડિયાદના સ્વ. કાશીભાઈ શામળભાઈનાં પત્ની તરફથી મળી છે. વળી, બોરસદના તેમના નિવાસ દરમ્યાનની કેટલીક વિગતો બોરસદના એક જુના વકીલ ફૂલાભાઈ નરસીભાઈ પાસેથી મળી છે.[૨૬] પરંતુ ઉપરોક્ત ઘટનાનો ચોક્કસ સ્રોત તેમણે વર્ણવ્યો નથી. ઉપરોક્ત વિગતોની ખરાઈ કરી શકાય એવી કોઈ સ્પષ્ટતા નરહરિભાઈ કરી શક્યા નથી.

હકીકતે ઉપરોક્ત ઘટનાનો સ્રોત મહાદેવભાઈ દેસાઈ દ્વારા લિખિત એક નાની પુસ્તિકા છે. સન ૧૯૨૮માં 'વીર વલ્લભભાઈ' નામની એક પુસ્તિકા તેમણે લખી હતી, જે અમદાવાદના 'પ્રસ્થાન' નામના એક સામયિકે પ્રકાશિત કરી હતી.[૨૭] તેમાં માત્ર આટલું જ નોંધ્યું છેઃ

*'વલ્લભભાઈના પિતાશ્રી બોચાસણવાળાના પક્ષના હતા. એકવાર બંને પક્ષો વચ્ચે એટલો ઝઘડો થયો કે ફોજદારી કોર્ટનું રક્ષણ શોધવામાં આવ્યું. વલ્લભભાઈના પિતાએ વલ્લભભાઈને આ કજિયામાં રસ લઈ, લડી આપવાનું કહેલું. તેમને વલ્લભભાઈએ નમ્રતાથી જણાવેલુંઃ 'તમે જવા દો ને એ ઝઘડાને, અને છોડોને એ સાધુઓને. જેઓ પોતાનું રક્ષણ કરી શકતા નથી અને કોર્ટ પાસે રક્ષણ શોધે છે તે આપણને શું રક્ષવાના હતા?'* [૨૮]

મહાદેવભાઈએ આ ક્યાંથી લીધું, તેનો સ્રોત કયો છે એ વિશે તેમણે પણ કાંઈ જ જણાવ્યું નથી. તેની સત્યતા કેટલી છે તે વિશે ચકાસવું રહ્યું. પરંતુ આ ટૂંકા પ્રસંગને ખોતરીને, મીઠું મરચું ભભરાવીને, નરહરિ દ્વારકાદાસ પરીખે ઉપરોક્ત ઘટનાને કાલ્પનિક નવલકથાની શૈલીમાં કેટલી પહોળી કરી નાંખી છે! જોયું? તેમાં પારાવાર હકીકતદોષ અને પૂર્વગ્રહ પણ નીરખી શકાય છે.

પ્રથમ તો એ સવાલ થાય કે, સરદાર તેમના પિતાશ્રી સામે શું ખરેખર આ રીતે બોલ્યા હશે? કારણ કે, સરદારે પોતે જ મહાદેવભાઈ દેસાઈને કહ્યું હતુંઃ 'અમારા ઘરની રીત જ એવી છે. હું ૩૦ વરસનો થયો ત્યાં સુધી મોટેરાઓની હાજરીમાં બોલતો નહીં... મોટી ઉંમરના વડીલો પણ નાના જોડે ભાગ્યે જ બોલતા.'[૨૯]

તો પછી, પોતાના પિતાજી સાથે આવી જીભાજોડી કરવાની ક્યાંથી સંભવિત બને? શું પોતાના પિતા જેમને ભગવાન તુલ્ય માનતા હતા, અને સરદારના જીવનઘડતરમાં પણ જેમનો ફાળો હતો એવા મહાન સંત શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી માટે સરદાર આવા ઊતરતા શબ્દો વાપરી શકે? સરદાર એટલી હદે જઈ શકે તેવા સાવ અવિવેકી અને બરછટ હતા?

લેખક નરહરિ પરીખ આવા પ્રસંગથી શરૂઆત કરીને સરદારને કેવા સાબિત કરવા માંગે છે? સન ૧૯૫૦માં લગભગ એક હજાર કરતાં પણ વધારે પાનાંઓનાં બે ભાગમાં વહેંચાયેલા આ જીવનચરિત્રની લેખકે આવી શરૂઆત કેમ કરી હશે? સરદાર જેવા મહાન વ્યક્તિત્વના જીવનચરિત્રનો આરંભ જ આ પ્રસંગથી થાય છે તે લેખકની મનોવૃત્તિ પર શંકા ઉપજાવે છે. કોઈપણ મહાપુરુષના જીવનચરિત્રનો આરંભ કોઈપણ સંતના કે કોઈપણ ધાર્મિક પરંપરાના ખંડનથી થતો હોય, એવું આજ સુધી વાંચ્યું કે જાણ્યું નથી. પરંતુ સરદારના જીવનચરિત્રનો આરંભ આ લેખક એક એવા સંત અને એવી ધાર્મિક પરંપરાના ખંડનથી શરૂ કરે છે, ફરીથી લખું છું કે જેના માટે સરદારના પિતા ઝવેરભાઈ ભગવાન તુલ્ય શ્રદ્ધા ધરાવતા હતા, સરદારના બાળપણના જીવનઘડતરમાં જેમનો મહત્ત્વનો ફાળો હતો. આ જીવનચરિત્રનો આરંભ સરદારના બાળપણની પ્રેરક વાતો લખીને કરી શકાયો હોત, તેને બદલે તેમણે સ્વામિનારાયણ સંપ્રદાય અને તેના મહાન સંત શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીનું હીણું દેખાય એવી રીતે કર્યો! સરદારના જીવનચરિત્રનું પહેલું પ્રકરણ, પહેલું પૃષ્ઠ, પહેલી વિગત આ મહાન સંતના ખંડનથી ભરી દઈને લેખકે ભારોભાર પોતાનો મિથ્યા પૂર્વગ્રહ જ છતો કર્યો છે. આવી રીતે જીવનચરિત્રનો આરંભ કરીને લેખકે સરદારને, જેમણે સરદારને જન્મ આપ્યો એવા તેમના પિતાને અને તેમની અનન્ય શ્રદ્ધાને ભરપૂર અન્યાય કર્યો છે.

કોણ હતા એ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી? એ નરહરિ પરીખ માટે અજાણ્યું ન હોઈ શકે! કારણ કે તે સમયના

---

૨૬. પરીખ નરહરિ દ્વારકાદાસ, *સરદાર વલ્લભભાઈ*, ભાગ પહેલો, પ્રસ્તાવના, પૃષ્ઠ ૧૧, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પહેલી આવૃત્તિ, ઓક્ટોબર ૧૯૫૦.

૨૭. દેસાઈ મહાદેવભાઈ, *વીર વલ્લભભાઈ*, પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૮.

૨૮. એજન, પૃષ્ઠ ૧૦.

૨૯. ગાંધી રાજમોહન, અનુ. સંઘવી નગીનદાસ, *સરદાર પટેલ*, પૃષ્ઠ ૧૨૭, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ૧૯૯૯.

ધુરંધરો શાસ્ત્રી શ્રી યજ્ઞપુરુષદાસજી પ્રત્યે શ્રદ્ધાથી આકર્ષાયેલા હતા. જેમાંના એક એટલે નરહરિ પરીખના નિકટના મિત્ર ગુલઝારીલાલ નંદા અને આઝાદી આંદોલનના એક મોવડી. તેઓ તો શાસ્ત્રીજી મહારાજના પરમ ભક્ત હતા! વળી, નરહરિ પરીખ જ્યાં રહેતા હતા એ સાબરમતી હરિજન આશ્રમમાં જ રહેલા મોરીસ ફ્રિડમેન પણ શાસ્ત્રીજી મહારાજથી ખૂબ આકર્ષાયેલા હતા.[૩૦] એ સમયનું અમદાવાદ શ્રી યજ્ઞપુરુષદાસજી એટલે કે શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલ સમાધિ પ્રકરણથી ખૂબ વાકેફ હતું.[૩૧] એ બધું શું નરહરિભાઈ નહીં જાણતા હોય? આમ છતાં, સરદારના જીવનચરિત્રનો આરંભ તેમણે યજ્ઞપુરુષદાસજીના ખંડનથી કર્યો, એ તેમનો દ્વેષભાવ જ નથી સૂચવતો?

વળી, તેમના એ લખાણમાં હકીકત-દોષ તો જુઓ:

લેખક ઉતાવળમાં શાસ્ત્રીજી મહારાજનું નામ પણ ચોક્સાઈપૂર્વક લખી શકતા નથી. યજ્ઞપુરુષદાસજીને બદલે તેઓ લખે છે: યજ્ઞપુરુષોત્તમદાસજી! વળી, લેખક લખે છે કે તેઓ 'વિદ્વાન બ્રાહ્મણ હોઈ શાસ્ત્રીજી કહેવાતા.' શાસ્ત્રીજી મહારાજ જેવા મહાન સંત માટે આવી પ્રાથમિક માહિતીમાં પણ ભૂલ! તેઓ ક્યાં બ્રાહ્મણ હતા? તેઓ બ્રાહ્મણ હોવાને કારણે ક્યાં શાસ્ત્રીજી કહેવાતા હતા? તેઓ તો વલ્લભભાઈ જે કુળમાં જન્મ્યા હતા તે પાટીદાર કુળમાં પ્રગટ થયા હતા! વળી લેખક શાસ્ત્રીજી મહારાજ માટે લખે છે કે 'એ સુધારક ટોળીએ વડતાલના મંદિરના તાબાનાં જે મંદિરો ગામેગામ હતાં તેમનો કબજો લેવા માંડ્યો. એ કબજો લેવા જતાં, વડતાલના અસલ પક્ષના સાધુઓ અને પાળાઓ જેમના કબજામાં એ મંદિરો હતાં તેમની સાથે મારામારી થતી.' આ પ્રસંગ સન ૧૯૦૫નો છે, અને શાસ્ત્રીજી મહારાજ વડતાલથી નીકળ્યા બાદ માત્ર એક-બે મહિના દરમ્યાનનો જ છે. આમાં, લેખક એવું ક્યાંથી શોધી લાવ્યા કે શાસ્ત્રીજી મહારાજે વડતાલનાં ગામોગામનાં મંદિરોનો કબજો લેવા માંડ્યો હતો? કયાં અને કેટલાં મંદિરોનો તેમણે ક્યારે કબજો લીધો? એક તો ઉદાહરણ લેખક શોધી લાવે! આવી સંપૂર્ણ મિથ્યા વાત મૂકવાનો શો આશય હશે?

વળી લેખક લખે છે: 'ગામેગામ બળજબરીના પ્રસંગો ઊભા થતાં જિલ્લામાં સુલેહનો ભંગ થવા લાગ્યો.'

શું ગામોગામ બળજબરીના પ્રસંગો ઊભા થતા હતા? આ તો માત્ર એક આણંદ ગામની ઘટના હતી, તેને લેખકે 'ગામોગામની બળજબરીના પ્રસંગો' લખી નાખ્યા!

કોઈને સવાલ થાય કે લેખક વર્ણવે છે તેમ હકીકત નહોતી, તો ખરેખર શું બન્યું હતું?

વાત એમ હતી કે આણંદમાં ગામના મંદિરમાં શાસ્ત્રીજી મહારાજના શિષ્ય પુરુષોત્તમદાસજી આરામ કરી રહ્યા હતા, ત્યારે ચૌદ પાળાઓએ આવીને દ્વેષમાં તેમને ઊંઘમાં જ ઊંચકીને છાપરેથી રસ્તા પર પટકી મૂક્યા! પરિણામે ગામના મોવડી કેશવલાલ પ્રાગજીનો રોષ આસમાને પહોંચી ગયો. તેમણે પોલીસ ફરિયાદ કરી. પણ ફોજદાર મણિલાલને લાંચ મળી તેથી તેણે ચૌદ પાળાઓ ઉપર ફરિયાદ લેવાને બદલે તેમણે ઊલટો શાસ્ત્રીજી મહારાજ ઉપર સમન્સ બજાવ્યો. આખા પ્રસંગમાં તેઓ તો હાજર જ નહોતા! કલેક્ટર શ્રી હુબલીકરે સાચી વાત જાણી ત્યારે તેમના અંતરમાં ભગવાન વસ્યા. તેમણે ઘણો પક્ષ રાખ્યો. દાવાની સુનાવણી વખતે સ્વામીશ્રી તરફથી સરદાર પટેલ બોરસદની કોર્ટમાં વકીલ તરીકે ઉપસ્થિત હતા. તેમની જોરદાર રજૂઆત, સ્વામીશ્રીની સાધુતા તથા કેશવલાલની પ્રતિષ્ઠાથી સમાધાન થઈ ગયું.[૩૨]

આમાં ક્યાંય દેખાય છે કે આખા જિલ્લામાં સુલેહભંગ થવા લાગી હતી? લેખક એક સામાન્ય હકીકત પણ ચકાસી શક્યા નથી! તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલી હકીકતો નોંધીને લેખક, સરદાર જેવા મહાપુરુષના જીવનચરિત્રનો આરંભ આવી વાહિયાત રીતે કરે છે તે આશ્ચર્યકારક નથી લાગતું?

વળી, લેખક વર્ણવે છે એ રીતે, શાસ્ત્રીજી મહારાજ તરફથી અશાંતિ થતી હોત તો નીચેની હકીકત શક્ય બને?

શાસ્ત્રીજી મહારાજ અમદાવાદમાં આંબલીવાળી પોળમાં તા. ૧૪-૧-૧૯૪૮ના રોજ સભામાં સંબોધતાં ઉપરોક્ત ઘટનાને સાંકળીને બોલ્યા હતા: ''ભગવાનનો દૃઢ નિશ્ચય-આશરો રાખવો. તે બધાનો ન્યાય કરનારા છે. આણંદમાં અમારા સાધુઓને મંદિરમાં હેરાન કર્યા અને ૧૪ માણસો ઉપર તહોમત મૂક્યું. કોર્ટમાં કેસ થયો. ત્યાં સરદાર વલ્લભભાઈ અમારા વકીલ હતા. છેવટે સમાધાન થયું. આ અરસામાં જગદ્‌ગુરુ શંકરાચાર્ય માધવતીર્થ આણંદ આવેલા. તે શ્રી મણિભાઈ નામના માણસને કહે, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને મારી પાસે લાવો તો મારે એમને સર્ટિફિકેટ

૩૦. *સ્વામિનારાયણ પ્રકાશ*, ઓક્ટોબર ૧૯૪૦, પૃષ્ઠ ૭.

૩૧. સાધુ અક્ષરવત્સલદાસ, *સ્વામિનારાયણ પ્રકાશ*, મે ૨૦૧૫, પૃષ્ઠ ૪-૨૮.

૩૨. સાધુ ઈશ્વરચરણદાસ, *લિ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ*, ભાગ-૧, પૃષ્ઠ ૧૭૬, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ, જુલાઈ ૨૦૧૪.

આપવું છે અને (વડતાલ વિરુદ્ધ) વાતો કરવી છે. તે ચાર મહિના સુધી અમને કહ્યું. છતાં અમે ન ગયા. કારણ કે વડતાલ અને અમે એક જ છીએ. એમ અમે શંકરાચાર્યને મળ્યા નહીં. પાંડવોને કૌરવોએ ખૂબ જ હેરાન કર્યા અને ઝેર દીધાં, બાળી મૂક્યા, દ્રૌપદીનાં વસ્ત્રો હરણ કર્યાં, છતાં વખત જોઈ જ્યારે ખંડિયા રાજાઓએ ઠરાવ કર્યો કે પાંડવો વનમાં ગયા છે તો હવે આપણે દિલ્હી ઉપર ચઢાઈ કરી, દુર્યોધનને જીતી લઈએ. પછી એક જણને પાંડવોનો અભિપ્રાય જાણવા વનમાં સંન્યાસી બનાવી મોકલ્યો. તેણે યુધિષ્ઠિરને વાત કરી તો યુધિષ્ઠિર કહે, અમે અને કૌરવો લડીએ છીએ પણ જગતના માણસોની સામે તો અમે ૧૦૫ છીએ. એમ અમો આજે તમામ હરિભક્તોને ભારપૂર્વક કહીએ છીએ કે આપણે અંદરો અંદર સમજણ ફેર હોય તો ભલે, પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય માટે તો આપણે વડતાલ, અમદાવાદ – તમામ એક છીએ. અને એ જ આપણી પવિત્ર ફરજ છે.'[૩૩]

આમાં ક્યાંય લાગે છે કે શાસ્ત્રીજી મહારાજ બળવો પોકારી વડતાલની સામે થયેલા હશે? નરહરિભાઈ મૂળ હકીકતને જાણ્યા સિવાય કેટલો ખોટો કાલ્પનિક મસાલો ભરે છે! મનમાં ઘડેલી નવલકથાની જેમ લેખકે વર્ણવેલા પૂર્વોક્ત પ્રસંગમાં ખરેખર સત્યતા કેટલી છે તે ચકાસવું મુશ્કેલ છે, પરંતુ ધારો કે કેટલીક હકીકત સાચી માનીએ તો પણ, તેનું પરિપ્રેક્ષ્ય સમજવું જોઈએ. એક સ્વામિનારાયણીય સત્સંગી તરીકે બાળપણ વીતાવનાર સરદારને, દરેક એકાદશીનો નિર્જળ ઉપવાસ કરનાર સરદારને, વકીલ બન્યા પછી અને વિલાયત ગયા પછી કેટલાંક વ્યસન વળગી ગયાં હતાં. એક મર્યાદાનું પાલન કરીને તેઓ પિતા સામે કે મોટાભાઈ સોમાભાઈ સામે ક્યારેય હુક્કો ન પીતા. પરંતુ ઝવેરભાઈ અચાનક બોરસદમાં સરદારના નિવાસે દોડી આવ્યા અને તેઓની સામે હુક્કો પીતા સરદાર પકડાઈ ગયા તેથી થોડાક અકળાઈ જઈને તેમણે રોષપૂર્વક થોડાક જ શબ્દો ઉચ્ચાર્યા હોઈ શકે. પોતાના ગુરુ માટે એ પિતાજીના મોંઢે આમ બોલે



૨૫-૩૦ વર્ષની વયના યુવાન વકીલ વલ્લભભાઈ, જે અવસ્થામાં તેમણે શાસ્ત્રીજી મહારાજની સેવા કરીને આણંદના કેસનું સમાધાન કર્યું હતું.

એ હકીકતે જરાય સાચું તો લાગતું નથી, છતાં એક શક્યતા તરીકે સાચું માનીએ તો પણ, એ સરદારનો આત્યંતિક અભિપ્રાય કેવી રીતે માની લેવાય? બીજા પ્રત્યે પ્રેમ અને આદર હોવા છતાં એવી વાણી એમને માટે સહજ હતી, પરંતુ એમાં અનાદર, અવિવેક, અવહેલના કે ધિક્કાર વગેરે છે એમ કેવી રીતે કહેવાય?

હકીકત એ હતી કે સરદારના હૃદયમાં કોઈનાય પ્રત્યે ડંખ નહોતો. તેમની વાણીમાં ભલે ગમે તે ભાવ દેખાય, પરંતુ તેમનું હૃદય નિર્મળ હતું એ અંગે સૌ કોઈનો આત્મા સાક્ષી પૂરતો હતો. વાણીની આવી કઠોરતા અને વિશેષતાઓ વચ્ચે પણ સરદાર રાગ-દ્વેષથી પર હતા. તેના સંદર્ભે કાકા કાલેલકરે લખ્યું હતું: 'સરદારે યોગીને છાજે એ રીતે રાગદ્વેષ પર કાબૂ મેળવ્યો છે.'[૩૪]

આટલું વિવરણ કરવાનો હેતુ માત્ર એટલો જ છે કે શાસ્ત્રીજી મહારાજના ઝવેરભાઈ સાથેના પ્રસંગમાં કદાચ સરદારે મહાદેવભાઈએ નોંધી છે તેટલી થોડીક વાણી ઉચ્ચારી હોય તો પણ એ એમનો આત્યંતિક અભિપ્રાય નહોતો જ.

તેમના સ્વામિનારાયણીય સંસ્કારો કેટલા ઉચ્ચ હતા! તેની થોડી વધુ વાતો જુઓ તો વધુ સ્પષ્ટ થશે.

ક્યારેક સરદાર તીખી વાણી ઉચ્ચારતા, પરંતુ ઊંડે ઊંડે પડેલા સ્વામિનારાયણીય સંસ્કારોને કારણે તે અંગે તેમને પોતાના દોષનું દર્શન, અંતર્દૃષ્ટિ અને પશ્ચાત્તાપ પણ થતો. આ સંદર્ભમાં પોતાના પુત્ર ડાહ્યાભાઈને સરદારે એક પત્ર લખેલો છે, તે કોઈપણ યુવાન માટે ખૂબ ઉપયોગી છે. સરદાર લખે છે: 'તમારે દુ:ખ ન લગાડવું જોઈએ. પણ હું લખું છું એ વાત ઉપર બરોબર વિચાર કરી ભૂલ થતી હોય, તો સુધારવા પ્રયત્ન કરવો જોઈએ. તમે ઓફિસમાં કાગળો લખો છો, તેમાં ભાષા ઉગ્ર અને સામાન્ય માઠું લાગે તેવી હોય છે... આપણી જબાનથી કે કલમથી વિરોધ થાય અગર કોઈને દુ:ખ લાગે એ સારું ન જ ગણાય. એથી તો આપણી

૩૩. *સ્વામિનારાયણ પ્રકાશ*, જાન્યુઆરી ૧૯૪૮, પૃષ્ઠ ૯૩.

૩૪. કોઠારી ઉર્વીશ, *સરદાર - સાચો માણસ, સાચી વાત*, પૃષ્ઠ ૭૯, સત્ય મીડિયા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, માર્ચ ૨૦૦૫.

આબરૂ બગડે. વખતે આપણા મોંઢે કોઈ ન કહે, પણ તેથી શું? આપણાથી નાના માણસો હોય, તેની સાથે મીઠાશથી કામ લેવું જોઈએ. આપણા સાથીઓ અને ઉપરીઓની સાથે પણ યોગ્ય મર્યાદામાં રહી યોગ્ય વર્તન રાખવું જોઈએ. તમારો સ્વભાવ એવો (ખરાબ) નથી, છતાં આમ કેમ થવા પામે છે, એ મારી સમજમાં આવતું નથી... કોઈની સાથે બોલી બગાડવામાં ફાયદો ન હોય. આપણે કરવું હોય તે કરીએ, પણ આપણી સ્વતંત્રતાનો અર્થ એ નથી કે આપણે બીજાનો તિરસ્કાર કરીએ. ગૃહસ્થનું એ ભૂષણ ન ગણાય. આ વિશે વિચાર કરી જ્યાં જ્યાં ભૂલ થતી હોય, ત્યાં ત્યાં સુધારવું. કોઈને માઠું લાગવા જેવું લખ્યું હોય તો તેની માફી માંગી તેની સાથે ભળી જજો અને તેનો પ્રેમ સંપાદન કરજો. મારો સ્વભાવ પણ એક વખત કડક હતો, પણ મને એ વિશે ખૂબ પસ્તાવો થયેલો છે. અનુભવથી તમને લખું છું.'[૩૫]

બીજા પત્રમાં તેઓ ડાહ્યાભાઈને લખે છેઃ 'આપણા સ્નેહીઓ આપણો કાંઈ દોષ બતાવે તો તેનું દુઃખ ન લગાડવું જોઈએ. તેનું દૃષ્ટિબિંદુ સમજવા પ્રયત્ન કરીએ તેથી આપણને હંમેશાં લાભ થાય છે.'[૩૬]

અહીં કેટલી અંતર્દૃષ્ટિ, મૃદુતા અને સ્પષ્ટ સમજણ અનુભવાય છે!

આવા હતા સરદાર!

સરદારના જીવનમાં અદૃષ્ટ રીતે છવાયેલી સ્વામિનારાયણીય સત્સંગની એક અન્ય સમજણ અનેક દૃષ્ટિએ સૌને પ્રભાવિત કરતી. જીવનના કપરામાં કપરા સમયમાં કે રાષ્ટ્રીય કટોકટીની પળોમાં પ્રચંડ પ્રયાસો કર્યા પછી પણ તેઓ ભગવાનને કર્તા-હર્તા માનીને અંતે આત્મિક રીતે પરમ આનંદ અને શાંતિનો અનુભવ કરતા હતા.

સરદાર જેમના માટે અત્યંત આદર અને પ્રેમ ધરાવતા હતા એવા તેમના મોટા ભાઈ વિઠ્ઠલભાઈ મૃત્યુ પામ્યા ત્યારે સરદાર યરવડા જેલમાં હતા. સરદારની માતા હજુ તો થોડા સમય પહેલાં જ મૃત્યુ પામ્યા હતાં, ત્યાં મોટા ભાઈના આ માઠા સમાચાર મળ્યા. પરંતુ જેલવાસને કારણે માતા કે મોટા ભાઈના અંતિમ સંસ્કારમાં તેઓ જઈ શક્યા નહોતા. વિઠ્ઠલભાઈનો અંતિમ સંસ્કાર વલ્લભભાઈના હાથે થાય તેવી સુભાષચંદ્ર બોઝ સહિત ઘણા લોકોની ઇચ્છા હતી. પરંતુ અંગ્રેજ સરકારે મૂકેલી કેટલીક શરતોને કારણે સરદારે જેલમાંથી પેરોલ પર બહાર આવવાનું ટાળ્યું. એવા સમયે એક લાગણીસભર પત્રમાં તા. ૨૧-૧૧-૩૪ના રોજ મથુરાદાસ ત્રિકમજીને સરદાર લખે છેઃ 'પ્રથમ તો ખૂબ આઘાત થયો, પણ થવાનું હતું તે થઈ ગયું, આ કઠણ કાળમાં ઊભી આબરૂએ આ ફાની દુનિયા છોડીને જવાનું ભાગ્ય પ્રાપ્ત થાય તો તેમાં શોક કરવા જેવું કશું નથી, એમ ઊંડે વિચાર કરતાં લાગ્યા કરે છે... હવે એ વસ્તુનો શોક મિથ્યા છે. એમાંથી એક જ શીખવાનું છે કે, છેલ્લી ઘડી ક્યારે આવશે તે કોઈ કળી શકતું નથી. તેથી મનમાં જે કંઈ કહેવા જેવું હોય તે અગાઉથી જ કહી રાખવું અને મન હળવું કરીને મોજથી ફર્યા કરવું. હું અત્યારે એ દશા ભોગવું છું. તેથી અતિશય આનંદ રહે છે. આજે મારે જવાનું થાય તો કોઈને કંઈ કહેવાનું રહી ગયું હોય એવું નથી. આ સ્થિતિ અતિશય સુખકર છે, એ હું અનુભવી રહ્યો છું.'[૩૭]

એક પત્રમાં તેઓ ડાહ્યાભાઈને લખે છેઃ 'એક વસ્તુ તમારે હવે સમજી લેવી જરૂરની છે. તે એ છે કે આપણે કોઈ વાતની ચિંતા ન કરવી. આપણું ધાર્યું કશું થતું નથી. ધાર્યું ઈશ્વરનું જ થાય છે. માત્ર આપણે ખોટું કરતાં કે પાપ કરતાં અચકાવવું કે ડરવું.'[૩૮]

એક પત્રમાં સરદાર પુત્રને લખે છેઃ 'સંસારમાં સુખ-દુઃખ એ તો તડકાછાંયડા જેવા હોય, આપણું ધાર્યું કશું જ થતું નથી. ઈશ્વરનું ધાર્યું જ થાય છે.'[૩૯]

તા. ૨-૬-૧૯૪૫ના રોજ મણીબહેનને પત્રમાં લખે છેઃ 'મારું મન ઘણું શાંત છે, હું તો ભગવાનમાં ભરોસો રાખીને બેઠો છું. અને તેથી ચિંતાની લકીર પણ નથી.'[૪૦]

બંગાળથી પોતાના દુઃખનો પત્ર લખીને એક નાગરિક ડી. એન. બેનર્જી સરદારને વિગતો જણાવે છે ત્યારે સરદાર ખૂબ લાગણીભર્યા પત્રમાં તા. ૩૦-૫-૧૯૪૬ના રોજ લખે છેઃ 'દુર્ભાગ્ય એકલવાયું નથી આવતું અને આપણે તેનો સામનો કરવો પડે છે. સર્વ શક્તિમાન પરમાત્માનો હેતુ સમજવો ખૂબ જ કઠિન છે. પણ પરમાત્મા જે કાંઈ કરે છે તે ન્યાયી છે અને અનિવાર્ય છે. તેનો આપણે સ્વીકાર કરવો જ

૩૫. પરીખ નરહરિ દ્વારકાદાસ, *સરદાર વલ્લભભાઈ*, ભાગ બીજો, પૃષ્ઠ ૧૪૬-૧૪૭, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પહેલી આવૃત્તિ, ૧૯૫૨.

૩૬. એજન.

૩૭. પરીખ નરહરિ દ્વારકાદાસ, *સરદાર વલ્લભભાઈ*, ભાગ બીજો, પૃષ્ઠ ૧૪૧, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પહેલી આવૃત્તિ, ૧૯૫૨.

૩૮. એજન, પૃષ્ઠ ૧૪૭-૧૪૮.

૩૯. ગ. મા. નાંદુરકર, સં., સંયોજક મણિબહેન વલ્લભભાઈ પટેલ, *સરદારશ્રીના અન્ય પત્રો*, પૃષ્ઠ ૨, સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઓગસ્ટ ૧૯૭૮.

૪૦. ગાંધી રાજમોહન, અનુ. સંઘવી નગીનદાસ, *સરદાર પટેલ*, પૃષ્ઠ ૩૫૧, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ૧૯૯૯.

જોઈએ.'[૪૧]

તા. ૨૯-૫-૩૩ના રોજ સરદાર મહાદેવભાઈને પત્રમાં લખે છેઃ 'ખરેખર ઈશ્વરની અપાર દયા છે. બાકી આપણે લાયક તો નથી જ.' તા. ૧૨-૧૨-૧૯૩૫ના રોજ મહાદેવભાઈને એક પત્રમાં તો સરદાર ત્યાં સુધી લખે છે કે, 'હમણાં સૌને ભૂલી જઈ એકલા પ્રભુને જ ભજ્યા કરવામાં સાર છે.'[૪૨]

ભરુચના રમણિકલાલ નામના એક કાર્યકરે સરદારને પોતાનું ખમીર તૂટી રહ્યાનું લખ્યું ત્યારે સરદારે તેમને લખ્યુંઃ 'કદાચ ભગવાન આપણું અભિમાન તોડવા માંગતો હશે.'[૪૩]

આ હતી સરદારની સ્વામિનારાયણીય સમજણ!

માનવ શરીર તેમજ સંસારની ક્ષણભંગુરતા વિશે સરદારના વિચારોમાં સ્વામિનારાયણીય અસર સહજ અનુભવાતી હતી. જુઓ થોડાં ઉદાહરણોઃ

જેમ કે, એક પત્રમાં સરદાર પોતાનાં પુત્રવધૂ ભાનુમતીને સંબોધતાં લખે છે કે 'ભગવાનની ઈચ્છા હશે ત્યાં સુધી શરીર ટકશે. પણ તેડું આવે તો હું તૈયાર બેઠો છું.'[૪૪]

સરદાર ૧૭ વર્ષની ઉંમરે ગાના ગામના વતની ઝવેરબા સાથે પરણ્યા, ત્યારબાદ એક પુત્ર(ડાહ્યાભાઈ) અને એક પુત્રી(મણિબહેન)ને જન્મ આપીને, પુત્ર-પુત્રીને દોઢ અને ચાર વર્ષની ઉંમરે નમાયા મૂકીને ઝવેરબા મૃત્યુ પામ્યાં. સરદાર ભરજુવાનીમાં વિધુર થયા. પરંતુ ચાલુ અદાલતે પત્નીના મૃત્યુનો તાર વાંચીને કાર્યવાહી આગળ ધપાવનાર સરદાર ભરજુવાનીમાં પત્નીના મૃત્યુનો ઘા સહજતાથી ખમી ગયા. પુનઃ લગ્ન કરવા માટે વલ્લભભાઈ પર ઘણું દબાણ થયું. પરંતુ, વલ્લભભાઈ બીજું લગ્ન ન કરવાના નિશ્ચયમાં અડગ રહ્યા. સરદારને પુનઃલગ્ન માટે મિત્રોએ પણ વારંવાર આગ્રહ કર્યો હતો. સરદાર ઈંગ્લેન્ડ ગયા ત્યારે મિત્રો ત્યાં પણ સારી સારી કન્યાઓના નામ સાથે કાગળો લખતા. એક-બે કન્યાઓના ફોટા પણ એમને મોકલવામાં આવેલા. પરંતુ એ પત્રોના જવાબમાં સરદાર બીજી બધી બાબતો લખે, પરંતુ આ વાતનો જવાબ જ ખાઈ જતા.[૪૫]

સરદારના જીવનનું પુનરાવર્તન થયું હોય તેમ તેમના પુત્ર ડાહ્યાભાઈ પણ ૨૯ વર્ષની ઉંમરે વિધુર થયા. તે સમયે એક પત્રમાં પોતાની સમજણનું પ્રતિબિંબ પાડતાં સરદાર લખે છેઃ 'એકલા રહી શકાય તો ફરીથી સંસારની જંજાળમાં પડવામાં સાર નથી.' બીજા પત્રમાં પુત્ર ડાહ્યાભાઈને તેઓ લખે છેઃ 'તમે એકલા હશો તો બાબાની જે સંભાળ લેવાશે તેથી, તમે લગ્ન કરો તો વધારે લઈ શકાશે એમ માનવું નકામું છું. એને માનું સુખ ગયું તે હવે પાછું આવવાનું નથી. બે વર્ષ પછી જરા મોટો થશે એટલે ઈશ્વર સંભાળ લેશે.'[૪૬]

ખૂબ પુરુષાર્થ કર્યા પછી પણ બધું ભગવાન પર છોડવું, ભગવાન જ સર્વ કર્તા-હર્તા છે એમ માની અંતરમાં શાંતિ અનુભવવી - આ પાયાની સ્વામિનારાયણીય આધ્યાત્મિક સમજણ સરદારના જીવનમાં સહજ વણાઈ ગઈ હતી.

સરદારના પ્રવચનોમાં ક્યારેક અનાયાસે વચનામૃત કે સ્વામીની વાતોની કે સ્વામિનારાયણીય કથાવાર્તાની અસર અનુભવાતી. જેમ કે, ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં દૂધ અને પાણીનું ઉદાહરણ આપે છે,[૪૭] તે સરદાર હરિપુરામાં ખેડૂતોને સંબોધીને સંભળાવે છે અને એક થવાની હાકલ કરે છે.[૪૮]

નડિયાદના ફૂલચંદશાહ નામના એક જૂના સાથીના અવસાનના સમાચાર તેમણે જાણ્યા ત્યારે સરદારે પ્રસિદ્ધ સ્વામિનારાયણીય પંક્તિ પત્રમાં ટાંકી,

*'કોના છોરું કોના વાછરું, કોના મા ને બાપ,*
*અંતે જાવું એકલા, સાથે પુણ્ય ને પાપ...'*[૪૯]

અમદાવાદમાં સરદારે આપેલા એક પ્રવચનમાં તેમની આધ્યાત્મિક સમજણ જુઓઃ 'મને ઘણાએ સલાહ આપી છે કે, મારે ભાષણ કરવું નહીં. કારણ કે, કદાચ મારી ફરીથી ધરપકડ કરવામાં આવે. સરકારી જેલની આટલી બધી ફિકર-ચિંતા શી કરવાની? આપણો આત્મા મોહ-માયા, વાસના અને ક્રોધના કારાવાસમાં પુરાયો છે. ખરી ચિંતા તો

---

૪૧. ભટ્ટ નરહરિ કે., ભટ્ટ સિદ્ધાર્થ ન., *વલ્લભભાઈની માનવતા*, પૃષ્ઠ ૮૧, સરદાર પટેલ સેવા સમાજ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઓક્ટોબર ૧૯૮૯.

૪૨. એજન, પૃષ્ઠ ૨૯૭.

૪૩. ગાંધી રાજમોહન, અનુ. સંઘવી નગીનદાસ, *સરદાર પટેલ*, પૃષ્ઠ ૨૪૨, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ૧૯૯૯.

૪૪. ગાંધી રાજમોહન, અનુ. સંઘવી નગીનદાસ, *સરદાર પટેલ*, પૃષ્ઠ ૩૩૮, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ૧૯૯૯.

૪૫. પરીખ નરહરિ દ્વારકાદાસ, *સરદાર વલ્લભભાઈ*, ભાગ પહેલો, પૃષ્ઠ ૨૩, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પહેલી આવૃત્તિ, ૧૯૫૦.

૪૬. કોઠારી ઉર્વીશ, *સરદાર - સાચો માણસ, સાચી વાત*, પૃષ્ઠ ૫, સત્ય મીડિયા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, માર્ચ ૨૦૦૫.

૪૭. વચનામૃત, ગઢડા અંત્ય પ્રકરણ ૬.

૪૮. દેસાઈ મહાદેવભાઈ, *વીર વલ્લભભાઈ*, પૃષ્ઠ ૪૫, પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૮.

૪૯. ગાંધી રાજમોહન, અનુ. સંઘવી નગીનદાસ, *સરદાર પટેલ*, પૃષ્ઠ ૨૪૨, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ૧૯૯૯.

તે જેલની કરવી જોઈએ. માયાના પાશમાંથી છૂટી ગયેલા માણસને દુનિયાનું કોઈ સામ્રાજ્ય અથવા જગતની સૌથી બળવાન સરકાર પણ બંધનમાં નાખી શકે નહીં.'[૫૦]

સન ૧૯૩૨માં સરદાર વલ્લભભાઈ યરવડા જેલમાં હતા ત્યારે તેઓ નાકની પીડાથી ખૂબ પરેશાન હતા. જેલમાં તેમને નાકમાંથી વારંવાર પાણી ગળ્યા જ કરતું. કેટલીક વાર નસકોરાં પણ બંધ થઈ જતાં, ત્યારે તો રાત્રે જાગતાં બેસી રહેવું પડતું. આ દરમિયાન તા. ૮-૫-૩૩ના રોજ ગાંધીજીએ ૨૧ દિવસના ઉપવાસ આદર્યા તેથી તેમને જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા. તા. ૨૯-૫-૩૩ના રોજ ગાંધીજીના ઉપવાસ પૂરા થયા ત્યારે સરદારે ત્રણ પત્રો લખ્યા. તેમાં સરદારના સ્વામિનારાયણીય સંસ્કારો સહજ પ્રગટ થાય છે. પત્ર લખીને સરદાર નીચે લખે છેઃ 'લિ. સેવક વલ્લભભાઈના દંડવત્ પ્રણામ'.[૫૧] સેવક અને દંડવત્ પ્રણામ પ્રયોગમાં સ્વામિનારાયણીય પરંપરા નીરખી શકાય છે.

સરદાર પોતાના મોટા ભાઈ સોમાભાઈને પણ પત્ર લખતા ત્યારે સંબોધનમાં 'પૂજ્ય સોમાભાઈ' લખીને અંતે ઘણી વખત 'સેવક વલ્લભભાઈ' અને ક્યારેક 'સેવક વલ્લભભાઈના દંડવત્ પ્રણામ' લખીને પત્રનો અંત કરતા. સરદાર મોટાભાઈ નરસીભાઈને પત્ર લખતા ત્યારે તેમને પણ અંતે દંડવત્ કરતા.[૫૨] દંડવત પ્રણામની સ્વાભાવિક તાલીમ તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયમાં લીધેલી તે પત્રોમાં અને વ્યવહારમાં વ્યક્ત થતી.

સરદારના આ સ્વામિનારાયણીય સત્સંગના સંસ્કાર કોઈથી અજાણ્યા નહોતા.

ઉલ્લેખનીય છે કે, સરદાર પૂર્વજીવનમાં પિતાજી સાથે વડતાલ અને બોચાસણ મંદિરે વારંવાર જતા હતા કે કરમસદના મંદિરે વારંવાર જતા હતા તેની જ અસરને કારણે તેઓ યરવડા જેલને પણ 'યરવડા મંદિર' તરીકે સંબોધતા. યરવડા જેલમાંથી તેમણે લખેલાં સરદારના જુદા જુદા પત્રોમાં આ ઠેર ઠેર જોઈ શકાય છે.

સ્વામિનારાયણીય સંસ્કારોની વાત કરતાં રાજમોહન ગાંધી એક બીજી રસપ્રદ વાત નોંધે છેઃ 'વફાદારીપૂર્વક મહાત્માજીની આજ્ઞામાં રહેવાનો વલ્લભભાઈનો નિર્ણય હિન્દુ પરંપરાને અનુરૂપ છે. મોટા કાકાના સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ ગુરુની આજ્ઞા પાળવા પર ભાર મૂકવામાં આવ્યો છે. વલ્લભભાઈ કદાચ એ પણ સમજતા હશે...'[૫૩]

આવી વિવિધ રસપ્રદ બાબતોના અંતે, સારાંશ રૂપે ચોક્કસ કહી શકાય કે, સરદાર અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ તેમજ સ્વામિનારાયણ સંપ્રદાય વચ્ચે એક અનન્ય સ્નેહ સંબંધ જોડાયેલો રહ્યો હતો.

સન ૧૯૫૦માં શાસ્ત્રીજી મહારાજ મુંબઈ ખાતે બિરાજતા હતા એ અરસામાં સરદાર પણ ધીમે ધીમે નાજુક માંદગીમાં સપડાતા જતા હતા. એ અરસામાં તા. ૧૬-૦૪-૧૯૫૦ના રોજ સરદારના પુત્ર શ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજે ડાહ્યાભાઈને સરદારની તબિયત અંગે પૂછપરછ કરી સમાચાર પૂછ્યા અને સરદાર માટે પ્રાર્થના કરી શાસ્ત્રીજી મહારાજે આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારે ડાહ્યાભાઈએ કહ્યું હતું કે 'અમારો તો આપની સાથે જૂનો સંબંધ છે.' આ 'જૂના સંબંધ'ને કારણે જ સરદારના સ્વામિનારાયણીય સંસ્કારો તેમની આઝાદીની લડતમાં ઠેરઠેર ઝળહળ્યા હતા.[૫૪]

જો કે સરદારનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું અને સન ૧૯૫૦માં સરદારનું ટૂંકી બીમારી બાદ જીવન સમાપ્ત થયું ત્યારે, આત્મીયભાવે સ્નેહ-લાગણી સાથે શાસ્ત્રીજી મહારાજ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ તા. ૧૮-૧૨-૧૯૪૯ના રોજ મહેળાવમાં મોટો સમૈયો હતો તે મુલતવી રાખ્યો[૫૫] અને તેને બદલે સરદારના અસ્થિ વિસર્જનની વેળાએ, સરદારના આત્માને અંજલિ અર્પવા તા. ૨૯થી મહેળાવ ખાતે સ્વામીની વાતોનું ત્રિદિવસીય પારાયણ યોજવામાં આવ્યું હતું. જે સ્થાનમાં શાસ્ત્રીજી મહારાજનો જન્મ થયો ત્યાં જ તેમના મહાન શિષ્ય સરદારના આત્માની શાંતિ માટે યોગીજી મહારાજના મુખેથી આ પારાયણ યોજીને તેમને ઉચિત અંજલિ અર્પવામાં આવી હતી.[૫૬]

'સ્વામિનારાયણ પ્રકાશ' નોંધે છે કે 'સરદારશ્રી સાથેના આવા સંબંધને લીધે આખો સત્સંગ સમુદાય તેમને પોતાના જ માનતા અને તેમના જવાથી સત્સંગને પણ એક ન પુરાય

---

૫૦. એજન, પૃષ્ઠ ૧૯૭.

૫૧. પરીખ નરહરિ દ્વારકાદાસ, *સરદાર વલ્લભભાઈ*, ભાગ બીજો, પૃષ્ઠ ૧૨૮, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પહેલી આવૃત્તિ, ૧૯૫૦.

૫૨. ગ. મા. નાંદુરકર, સં., સંયોજક મણિબહેન વલ્લભભાઈ પટેલ, *સરદારશ્રીના અન્ય પત્રો*, પૃષ્ઠ ૧૨૫, સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઓગસ્ટ ૧૯૭૮.

૫૩. ગાંધી રાજમોહન, અનુ. સંઘવી નગીનદાસ, *સરદાર પટેલ*, પૃષ્ઠ ૬૮, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, ચોથી આવૃત્તિ, એપ્રિલ ૧૯૯૯.

૫૪. *સ્વામિનારાયણ પ્રકાશ*, જૂન ૧૯૫૦, પૃષ્ઠ ૨૩૫.

૫૫. એજન, ફેબ્રુઆરી ૧૯૫૧, પૃષ્ઠ ૧૫૧.

૫૬. એજન.

તેવી ખોટ પડી છે, તેમ અંતરથી માનીએ છીએ.'[૫૭]

સરદાર, તેમના બાળપણના આધ્યાત્મિક ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને સ્વામિનારાયણ સંપ્રદાયનાં મીઠાં સંસ્મરણોને વાગોળતાં બીજું કશું યાદ ન રહે તો, બે બાબતો અવશ્ય યાદ રાખવી ઘટે. એક, સરદારે જેતપુર ખાતે ઉચ્ચાર્યું હતું: 'જો ભારતના બધાં જ નાગરિકો સહજાનંદ સ્વામીએ આપેલી શિક્ષાપત્રીનું પાલન કરે તો ભારતમાં ફોજદારી ધારો અને કોર્ટ કચેરીની જરૂરત જ ન રહે.'[૫૮]

સરદારે ભારતના સર્વ પ્રથમ ગૃહમંત્રી તરીકે ઉચ્ચારેલા ઉપરોક્ત શબ્દોમાં ભગવાન સ્વામિનારાયણ અને સ્વામિનારાયણ સંપ્રદાયને તેમના દ્વારા અપાયેલ એક ઉચિત આદર-અંજલિ છે.

અને બીજું, સરદાર વિલાયત ભણવા ગયા તે પહેલાં તેમના પિતાશ્રી ઝવેરભાઈ વિઠ્ઠલભાઈ અને સરદારને લઈને બોચાસણ ખાતે શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ મેળવવા ગયા હતા. તે સમયે ઠાકોરજી આગળ ભેટ મૂકીને બંને ભાઈઓએ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ માગ્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજે ઝવેરભાઈને સંબોધીને ઉચ્ચાર્યું હતું: 'આ બે તો હિન્દુસ્તાનના હીરા છે, અને દેશના બહુ મોટા નેતા થશે.' ત્યારબાદ સરદારના મસ્તક પર આશીર્વાદ આપતાં તેમણે ઉચ્ચાર્યું હતું: 'અને આ તો ભારતનો બેતાજ બાદશાહ બનશે.'[૫૯]


આજે એ વાતને ૧૨૦ વર્ષ થવા આવ્યાં છે, પરંતુ સરદાર સરોવરના કાંઠે વિશ્વની સૌથી ઊંચી સરદારની પ્રતિમા તરફ નજર કરીએ છીએ ત્યારે અહોભાવપૂર્વક ભારતના આ 'બેતાજ બાદશાહ'ને નમી પડાય છે. જે લોકો ઇતિહાસને જાણતા નથી તેમને માટે આ બધી વિગતો અજાણી છે. કદાચ જાણી જોઈને એ વિગતો અજાણી રાખવામાં આવી છે. પરંતુ આપણે તો આ બેતાજ બાદશાહના ગુરુ તરીકે શાસ્ત્રીજી મહારાજને યાદ કરીને, સરદારના જીવનમાં રહેલી સ્વામિનારાયણીય સંસ્કારોની સુવાસ માણવી જ રહી.

ભવિષ્યમાં સરદાર, શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી અને સ્વામિનારાયણીય પરંપરા વિશે તટસ્થ સંશોધનો થશે ત્યારે લોકોનાં મનમાં ઠસાવાયેલી સરદાર વિશેની ગેરમાન્યતાઓ દૂર થશે અને આપણે સૌ વધુ ગૌરવથી છલકાઈ ઊઠીશું કે અખંડ ભારતના સરદાર 'આપણા' સરદાર હતા!

૫૭. એજન, જાન્યુઆરી ૧૯૫૧, પૃષ્ઠ ૧૪૨.

૫૮. *સ્વામિનારાયણ પ્રકાશ*, ફેબ્રુઆરી ૧૯૮૩, પૃષ્ઠ ૨૩.

૫૯. *સ્વામિનારાયણ પ્રકાશ*, ઑગસ્ટ ૧૯૫૧, પૃષ્ઠ ૩૬૮.




## રાજકોટ ખાતે કરુણ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગતો અને તેમના પરિવાર માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કરી પ્રાર્થના

તાજેતરમાં, રાજકોટ ખાતે TRP ગેમ ઝોનમાં આગ લાગવાથી ૩૦થી વધુ નિર્દોષ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો છે. જેમાં કેટલાંક ફૂલ જેવાં નાનાં બાળકો અને યુવાનો પણ અવસાન પામ્યાં છે. મૃતકો અને તેમના પરિવારની વેદનાનો વિચાર કરતાં અમે અત્યંત દુઃખની લાગણી અનુભવીએ છીએ. આ કરુણ પ્રસંગે મૃત્યુ પામેલ વ્યક્તિઓના દિવ્ય આત્માને શાંતિ પ્રાપ્ત થાય તેમજ તેમના પરિવારજનોને આ અસહ્ય આઘાતને સહન કરવાનું બળ અને હિંમત પ્રાપ્ત થાય તે માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ, સર્વ અવતારો, સર્વે સંતો અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. સમગ્ર બી.એ.પી.એસ. સંસ્થાનાં તમામ મંદિરોમાં સંતો અને હરિભક્તો પણ ધૂન-પ્રાર્થના કરશે. સાથે સાથે ભવિષ્યમાં આવી દુર્ઘટના ન બને તે માટે સૌ સાવધ અને જાગૃત રહે એવી હૃદયપૂર્વક વિનંતી.

બધાને ધીરજ રહે અને હિંમત રહે તે પ્રભુ પ્રાર્થના. મૃતકો અને તેમના પરિવાર માટે પ્રાર્થના કરી છે.

**- સાધુ કેશવજીવનદાસ(મહંત સ્વામી મહારાજ)ના**

જય શ્રી સ્વામિનારાયણ



## ભક્તરાજ શ્રી ગજેન્દ્રભાઈ પંડા, અમદાવાદ, ઉં.વ. ૬૦, અક્ષરવાસ તા. ૧૦-૫-૨૦૨૪



‘પંડા સાહેબ’ના હુલામણા નામથી બી.એ.પી.એસ. પરિવારમાં વિખ્યાત અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર હરિભક્ત ડૉ. ગજેન્દ્રભાઈ પંડાના અક્ષરવાસથી એક સંસ્કૃતના પ્રકાંડ વિદ્વદ્‌વર્યની ખોટ પડી છે. મૂળ ઓરિસ્સાના વતની, તેઓ અમદાવાદ એલ.ડી. આર્ટ્‌સ કૉલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ હતા. તેઓશ્રીને અંતરમાં એવી ઝંખના રહેતી કે વિદ્યાર્થીઓ સંસ્કૃત બોલતા થાય તે માટે તેમણે ઠેરઠેર સંસ્કૃત સંભાષણના વર્ગો શરૂ કર્યા. એક લાખ વિદ્યાર્થીઓને સંસ્કૃત બોલતા કરવાનો એમનો સંકલ્પ હતો, ૭૬,૦૦૦ વિદ્યાર્થીઓને સંસ્કૃત બોલતા કર્યા. મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી લિખિત પ્રસ્થાનત્રયી ભાષ્યો પર તેમણે પ્રવચનો કરીને અક્ષરપુરુષોત્તમ તત્ત્વજ્ઞાન સત્ય છે તેવું શાસ્ત્રીય રીતે પ્રતિપાદિત કર્યું છે. ૩૩ દેશોમાં સ્વખર્ચે જઈને ૧૭૦થી વધુ રવિ સત્સંગસભાઓમાં હરિભક્તોને આ તત્ત્વજ્ઞાન વિશે વાકેફ કર્યા અને સંસ્કૃત સંભાષણ વર્ગો પણ લીધા. છેલ્લાં ૨૮ વર્ષથી સારંગપુરમાં ગતિમાન બી.એ.પી.એસ. સંતતાલીમ કેન્દ્રમાં સંતોને સંસ્કૃત સંભાષણ શીખવવા માટે દર વર્ષે ભક્તિભાવથી આવતા. આવી સેવાઓ કરીને તેઓએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો અત્યંત રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સંસ્કૃત ભાષા શીખવવાનો ઉત્સાહ, મહિમાસભર વાણીથી શ્રીઅક્ષરપુરુષોત્તમ દર્શનને વર્ણવવાની આગવી શૈલી, સત્પુરુષની પ્રાપ્તિનો કેફ તેઓના વર્ગોમાં સહેજે અનુભવાતો હતો. આ વિદ્વદ્‌વર્યના ધામગમનથી સંસ્કૃત જગતને તેમજ બી.એ.પી.એસ. પરિવારને અપૂરણીય ખોટ પડી છે. તેમના સુપુત્ર પ્રૉ. કૃષ્ણ પંડા પણ સારંગપુર સંસ્કૃત મહાવિદ્યાલય ખાતે સેવા કરી રહ્યા છે. પૂજ્ય મહંત સ્વામી મહારાજે તેઓને શ્રદ્ધાંજલિ અર્પતાં કહ્યું કે તેઓની સેવા ક્યારેય ભૂલાય તેમ નથી. એક વિદ્વાન, ઉપાસનાના સિદ્ધાંતોથી ગૌરવપૂર્વક છલકાતા અને નિષ્ઠાવાન ભક્તરાજની ખોટ પુરાશે નહીં. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## ભક્તરાજ શ્રી ભાઈજીભાઈ પી. સોલંકી, બદલપુર, ઉં.વ. ૮૬, અક્ષરવાસ તા. ૮-૪-૨૦૨૪



બદલપુર ક્ષેત્રના અગ્રણી હરિભક્ત અને પાયાના કાર્યકર શ્રી ભાઈજીભાઈ સોલંકીના અક્ષરવાસથી મોટી ખોટ પડી છે. સન ૧૯૭૧માં અખિલ ભારતીય દ્વિતીય યુવક અધિવેશન યોજાયું હતું, તેમાં ગ્રામ્ય વિસ્તારમાં બદલપુર મંડળ સર્વ શ્રેષ્ઠ મંડળ તરીકે ઘોષિત થયું હતું, ત્યારે પ્રમુખસ્વામી મહારાજે બદલપુરના યુવકોને આજ્ઞા કરી હતી કે ‘તમે જે આ અક્ષરપુરુષોત્તમની વાત જાણો છો તેનો આજુબાજુનાં ગામોમાં જઈને પ્રચાર કરો.’ ત્યારથી ભાઈજીભાઈ ૧૦-૧૨ હરિભક્તો સાથે બદલપુરના મહીકાંઠાના ખંભાત અને બોરસદ તાલુકાનાં ૩૦-૩૫ ગામોમાં ચાલતાં રાત્રે જતા અને સત્સંગસભાઓ કરતા. જેના કારણે લગભગ ૧૫ ક્ષેત્રો ખંભાત, બોરસદ તાલુકાનાં નવાં થયાં છે. તે પહેલાં તમામનું ફક્ત એક ક્ષેત્ર બદલપુર હતું. અને તેના શરૂઆતના નિર્દેશક હતા ભાઈજીભાઈ. તેથી સંતો તેમને આદિ નિર્દેશક અથવા મહાનિર્દેશક તરીકે સંબોધતા. તેઓ સંસ્થા દ્વારા ઊજવાતા દરેક મહોત્સવમાં બસો-ત્રણસો સ્વયંસેવકોને લઈને રસોડા વિભાગની કઠિન સેવામાં જોડાઈ જતા. પ્રમુખસ્વામી મહારાજ અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ બદલપુર મંડળીને બોલાવીને અવશ્ય મળતા અને પ્રસન્નતા દર્શાવતા. વર્ષો સુધી સાઈકલ પર દૂર દૂરનાં ગામડાંઓમાં કથાવાર્તા કરીને આ ભક્તરાજે ગામડે ગામડે સત્સંગ કરાવ્યો છે અને ૨૦ વર્ષ સુધી નિર્દેશક તરીકે રહીને સત્સંગ વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. સત્સંગની અદ્‌ભુત સેવા કરનાર જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવા કરીને ગુણાતીત ગુરુવર્યોનો ખૂબ રાજીપો પ્રાપ્ત કરનાર તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...


## ભક્તરાજ શ્રી ભાઇલાલભાઇ જીવાભાઇ સિંધા, પોર, ઉં.વ. ૫૫. અક્ષરવાસ તા. ૨૯-૩-૨૦૨૪



બોરસદ તાલુકાના કલમસર ગામના વતની અને વર્ષોથી વડોદરા તાલુકાના પોર ગામમાં સ્થાયી થયેલા શ્રી ભાઈલાલભાઈ સિંધાને સન ૨૦૦૧માં સત્સંગનો યોગ થયો હતો. બે વર્ષ બાદ પોર ક્ષેત્રની બાળપ્રવૃત્તિમાં નિરીક્ષક તરીકે સેવામાં જોડાયા. સંનિષ્ઠ કાર્યકર તરીકે જીવનના અંત સુધી સત્સંગ વિકાસના કાર્યમાં સેવારત રહ્યા. પરિવારજનોને પણ તેમણે સત્સંગની સેવામાં પ્રવૃત્ત કર્યા. ભક્તિ, સત્સંગ, સેવા, નિષ્ઠા અને સમર્પણના રંગે રંગાયેલા ભાઈલાલભાઈ સિંધાના અક્ષરવાસથી બી.એ.પી.એસ. પરિવારને એક સેવાભાવી કાર્યકરની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ....

# આવો, વસાવીએ સ્વામિનારાયણ અક્ષરપીઠનાં નૂતન પ્રકાશનો...

**બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્ય વિષયક અદ્ભુત પ્રકાશનો...**




કિંમત રૂ. ૧૫૦/-

## શાસ્ત્રીજી મહારાજ – એક વિરાટ પ્રતિષ્ઠાન નિર્માતા

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું વિરાટ પ્રતિષ્ઠાનના નિર્માણનું ભગીરથ કાર્ય, એ ક્ષેત્રના વિદ્વાનોના માપદંડોમાં સીમિત કરી શકાય એવું નથી. તેમ છતાંય પ્રતિષ્ઠાન-નિર્માણ ક્ષેત્રે પ્રસિદ્ધ સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કરી, પ્રતિષ્ઠાન-નિર્માતાનાં મહત્ત્વનાં લક્ષણો શાસ્ત્રીજી મહારાજના દિવ્ય જીવન સાથે કેવાં એકરસ થઈ ગયાં છે, એ અવલોકવાનો એક વિનમ્ર પ્રયાસ પ્રસ્તુત પુસ્તકમાં કરવામાં આવ્યો છે. આ પુસ્તક દ્વારા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની વિરાટ પ્રતિભાને નિહાળવાની એક નવી દૃષ્ટિ પ્રાપ્ત થશે.

## દા. સાધુ જ્ઞાનજીવનદાસજી


**(અક્ષરસ્વરૂપ યોગીજી મહારાજનો અક્ષર પત્ર-પ્રસાદ)**

આ પુસ્તક બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના કેટલાક પત્રોનો સંગ્રહ નહીં, પણ પ્રેરણાનો સંગ્રહ છે, કારણ કે આ પત્રોમાં આત્મીયતા છે અને ઐતિહાસિકતા પણ. યોગીજી મહારાજની કલમેથી નહીં, પણ તેઓના કાળજેથી વહેલી આ લાગણીની લીપિમાં, તેઓનું વાત્સલ્ય, વલણ, વિચારધારા વગેરે ઘણું ઘણું તરે છે, વિસ્તરે છે. તેના પ્રત્યેક પાને છે શાણપણની સંહિતા. આ પુસ્તકમાં જ્ઞાનજીવનદાસજીનો જ્ઞાનસાગર અનુભવાય છે. ભલા-ભોળા અને ગામઠી લાગતા યોગીજી મહારાજની ચીવટ, દક્ષતા સાથે તેઓની દિવ્યતાનું અહીં દર્શન છે, તો પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની પ્રતિભાનુંયે અહીં પ્રતિબિંબ છે.





કિંમત રૂ. ૫૦/-

## બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ (ભાગ-૯)




કિંમત રૂ. ૨૦૦/-

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વિસ્તૃત જીવનચરિત્રની શ્રેણીમાં નવમો ભાગ પ્રકાશિત થઈ ચૂક્યો છે. આ ભાગમાં સ્વામીશ્રીની કલ્યાણ-યાત્રાનાં ૧૯૯૯ થી ૨૦૦૨ સુધીનાં વર્ષોનું ચરિત્રલેખન છે. પોતાનાં જીવન દ્વારા ભારતીય સનાતન મૂલ્યોને વિશ્વભરમાં પ્રસરાવનાર સ્વામીશ્રીને આ વર્ષોમાં યુનો ખાતે ધર્મ પરિષદમાં સન્માનવામાં આવ્યા. વળી, તેઓને વિશ્વમાં સૌથી વધુ મંદિરોના સર્જક તરીકે પણ 'ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સ' દ્વારા નવાજવામાં આવ્યા. આવાં અનેક સન્માનોથી અલિપ્ત તેઓનું હૃદય સૌ પ્રત્યે કરુણાથી છલકાતું રહેતું. દુષ્કાળ સમયે તેઓએ કરેલી પશુઓની સંભાવના, ભૂકંપમાં તેઓએ વહાવેલી રાહતસેવા કે આતંકી હુમલા સમયે તેઓની ક્ષમાપરાયણતા વિશ્વને એક નૂતન રાહ ચીંધી રહ્યું. આવો, હરહંમેશ ભગવાનની કથાવાર્તામાં મસ્ત તેઓના દિવ્ય જીવનનું રસપાન કરીને આપણે સૌ કૃતાર્થ થઈએ અને અન્યને પણ આ લાભ અપાવીએ.



**'અક્ષર અમૃતમ્' એપ પર**
**આ એકથી નવ ભાગની ઓડિયો બુકનું શ્રવણ કરવાનો આનંદ પણ નિઃશુલ્ક માણો...**

Swaminarayan Prakash Gujarati, June 2024, Published on 1-6-2024. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.



તીર્થધામ સારંગપુર ખાતે પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં રંગોત્સવ ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો. ‘બી.એ.પી.એસ. કાર્યકર સુવર્ણ મહોત્સવનો સંદેશ વહાવતી મંચસજ્જા અને પ્રવચનમાળા વચ્ચે હજારોની ભક્ત મેદનીને શ્રીહરિના પ્રાસાદિક રંગથી રંગીને મહંત સ્વામી મહારાજે સૌને દિવ્ય આધ્યાત્મિક લાભ આપ્યો હતો. (તા. ૨૧-૪-૨૦૨૪)





Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas